વર્ષઃ 03 અંકઃ 8

16-31 ઓક્ટોબર, 2022

# ન્યૂ ઇન્ડિયા સમાચાર

નિઃશુલ્ક



# વૈશ્વિક બની રહેલી ભારતીય ચીજ વસ્તુઓ

## હવે વિશ્વ ભારત માટે બજાર બની રહ્યું છે, કારણ કે રાષ્ટ્ર સેવાના મંત્રથી ચીજવસ્તુઓ લોકલમાંથી ગ્લોબલ બની રહી છે

## #vocal4local




દીવાળીનો તહેવાર જ્યોતિ, પુરુષાર્થ અને આત્મ સાક્ષાત્કારનું પર્વ છે. અમાસનાં દિવસે મનાવવવામાં આવતા દીપોત્સવ પર પર્યાવરણનાં રક્ષણનાં સંકલ્પને મજબૂતી આપવાની જરૂર છે. પર્યાવરણ માટે ‘રાવણ’ સમાન પ્લાસ્ટિકનો કચરો સ્વચ્છતા અને પવિત્રતાનાં પ્રતીક સમાન આ પર્વની ભાવનાની વિરુધ્ધ છે. આવો, પ્રજ્વલિત કરીએ એક દીવો પ્લાસ્ટિક અને પ્રદૂષણમુક્ત પર્યાવરણનાં નામે..તમે ક્યારેય વિચાર્યું છે ધાતુઓની વસ્તુઓ, મૂર્તિ, સજાવટનો સામાન કઈ રીતે તૈયાર થાય છે? ભારતનાં દરેક ખૂણામાં કારીગર ઢોળ આપવાનું કામ કરે છે અને તેનાં પર રંગરોગાન અને કલાકારી કરે છે અને પછી આપણા સુધી પહોંચાડે છે. ચાલો, આ દિવાળીમાં સ્વદેશી બનાવટની ચીજો ઘરમાં સજાવીએ.

“એક હિન્દુસ્તાની હોવાનાં કારણે દેશવાસીઓ પ્રત્યે મારી ફરજ, મારું કમિટમેન્ટ બને છે. આવો, આ ભાવના સાથે લોકલ માટે વોકલ બનીએ. દીવાળી લોકલ ચીજોથી મનાવીએ - નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



ન્યૂ ઇન્ડિયા
સમાચાર

વર્ષઃ 03 અંકઃ 08 | 16-31 ઓક્ટોબર, 2022

મુખ્ય સંપાદક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**

સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી),**
**જયપ્રકાશ ગુપ્તા (અંગ્રેજી),**
**અનિલ પટેલ (ગુજરાતી),**
**નદીમ અહેમદ (ઉર્દુ),**
**પોલમી રક્ષિત (બંગાળી),**
**હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી**
**રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**



**13 ભાષામાં ઉપલબ્ધ ન્યૂ ઇન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/news.aspx
**ન્યૂ ઇન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

**ન્યૂ ઇન્ડિયા સમાચાર અંગે સતત અપડેટ મેળવવા ફોલો કરોઃ-** @NISPIBIndia

## અંદરનાં પાને...

# વૈશ્વિક બજારની પ્રથમ પસંદ ભારતીય ચીજો



**કવર સ્ટોરી** | 'વોકલ ફોર લોકલ' અને આત્મનિર્ભરતાના મંત્ર સાથે મેન્યુફેક્ચરિંગ હબ બનીને વિશ્વનાં બજારમાં ભારત છવાઇ રહ્યું છે. | 16-27

**સાકાર થયું સપનું**



સામાન્ય ભારતીયના સપનાની 'ઉડાન' યોજના | 36-38

**જેમણે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રહિતમાં સમર્પિત કર્યું**



આઝાદીનાં અમૃત મહોત્સવમાં રાષ્ટ્ર માટે સર્વસ્વ ત્યાગ કરનારાં શૂરવીર નાયકોની કહાની
40-43

**સમાચાર સાર** | 4-5

**આ તહેવારોમાં આપો સ્વદેશી ભેટ**
'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાનનું સંબોધન | 6

**ભારતીય પરમાણુ ઊર્જા કાર્યક્રમનાં ઘડવૈયા**
વ્યક્તિત્વમાં વાંચો ડો. હોમી જહાંગીર ભાભાની કહાની | 7

**પ્રકૃતિનાં શોષક નહીં, પોષક છીએ આપણે**
રાજ્યોનાં પર્યાવરણ મંત્રીઓનું રાષ્ટ્રીય સંમેલન | 8-10

**ગુજરાતને વિકાસની ભેટ**
પીએમે ગુજરાત પ્રવાસમાં વિકાસ પ્રોજેક્ટ્સની ભેટ આપી | 11-13

**લોજિસ્ટિક્સ પોલિસીઃ ખર્ચ ઘટશે, વેપાર વધશે.**
દેશની પ્રથમ રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ પોલિસીનો પ્રારંભ | 14-15

**દરેક કામ દેશને નામ**
જવાનો સાથે 21 વર્ષથી દિવાળી મનાવતા પીએમ નરેન્દ્ર મોદી | 28-30

**5જીઃ સંદેશાવ્યવહારનો નવો યુગ**
દેશમાં 5જી સેવાની શરૂઆત | 31-33

**ગરબોને મફત અનાજ અને કર્મચારીઓનાં ભથ્થાંમાં વધારો**
કેબિનેટની બેઠકમાં મહત્વનાં નિર્ણયો | 34-35

**કૌશલ્ય વિકાસનો યુગ**
વિશ્વકર્મા જયંતીએ વડાપ્રધાનનું સંબોધન | 39

**ઓફિસમાં બેસીને નહીં, ફિલ્ડમાં જઇને વિકાસની નીતિનો અભિગમ**
કહાની બદલાતા ભારતની | 44

**પ્રકાશક અને મુદ્રકઃ** મનીષ દેસાઇ, મહાનિદેશક, સીબીસી (સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન વતી) | **મુદ્રણઃ** ઇન્ફિનિટી એડવર્ટાઇઝિંગ સર્વિસિસ પ્રાઇવેટ લિમિટેડ, એફબીડી-વન કોર્પોરેટ પાર્ક, 10મો માળ, નવી દિલ્હી-ફરિદાબાદ બોર્ડર, એનએચ-1, ફરિદાબાદ-121003 | **સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલઃ** રૂમ નંબર-278, સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003| **ઇમેલઃ** response-nis@pib.gov.in **RNI No.** : DELGUJ/2020/78810

# સંપાદકની કલમે....

**સાદર નમસ્કાર!**

ઉત્સવ આપણાં બધાંના જીવનમાં નવી ચેતનાનો સંચાર કરતું પર્વ હોય છે. હાલમાં દેશભરમાં તહેવારોની મોસમ ચાલી રહી છે. પણ આ વખતની દિવાળી ખાસ છે કારણ કે કોવિડની અસરમાંથી લગભગ મુક્ત થયા પછીની આ પ્રથમ દીવાળી છે. પણ કોવિડની આ મુશ્કેલીએ ભારતને એવી તક પૂરી પાડી છે કે આજે 'વોકલ ફોર લોકલ'' નો મંત્ર 'લોકલમાંથી ગ્લોબલ'માં બદલાઈ ગયો છે.એટલે કે આજે ભારતની સ્થિતિ મજબૂત છે અને આગામી સમયમાં વધુ મજબૂત થશે. શિક્ષણ, કૃષિ અને ઉત્પાદન સહિત વિવિધ ક્ષેત્રોમાં રોકાણને પ્રોત્સાહન મળવાથી લોકલ ચીજોને નવી ઓળખ મળી રહી છે. તેમાં લઘુ ઉદ્યોગ આપણાં અર્થતંત્રનો મજબૂત સ્તંભ બનીને ઊભર્યો છે. દેશનાં લઘુ ઉદ્યોગોનાં સમગ્ર વિકાસને પ્રોત્સાહન આપીને આત્મનિર્ભર ભારતનું નિર્માણ થઈ રહ્યું છે, તો ભારતીય ચીજો વૈશ્વિક બજારની પ્રથમ પસંદ બની રહી છે. આજે સોયથી માંડીને સેનાના ઉપકરણો સુધી, સાઈકલથી માંડીને બાઈક સુધી, મોબાઈલ કારથી માંડીને ડ્રોન સુધી, સ્થાનિક ઉત્પાદનથી માંડીને મેડિકલ ડિવાઈસ સુધી, કપડાંથી માંડીને રમકડાં સુધી, બધું જ મેડ ઈન ઈન્ડિયા છે.

એટલાં માટે જ આજે ભારતની ચીજો વિશ્વનાં બજારમાં ડંકો વગાડી રહી છે અને જે ચીજવસ્તુઓ માટે આપણે આયાત પર આધાર રાખવો પડતો હતો, તે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત' આહવાનથી ઉલટુ થઈ ગયું છે. એટલે કે આપણે હવે આયાતને બદલે નિકાસ કરીએ છીએ. હવે ભારત તેની જરૂરિયાતો પૂરી કરવાની સાથે સાથે વિશ્વ માટે ભરોસમંદ ચીજો બનાવીને નિકાસ કરીને નવાં નવા વિક્રમ સર્જી રહ્યું છે."

વિશ્વ હંમેશથી ભારતને બજાર સમજતું રહ્યું છે. પણ વીતેલાં કેટલાંક વર્ષોમાં થયેલાં પ્રયત્નોને કારણે આ અભિગમમાં પરિવર્તન આવ્યું છે. ભારત હવે વિશ્વનું બજાર બનવાને બદલે મેન્યુફેક્ચરિંગ હબ બનીને વિશ્વના બજારોમાં છવાઈ રહ્યું છે. તહેવારોનાં પ્રસંગે 'લોકલ'માંથી 'ગ્લોબલ' એટલે કે વૈશ્વિક બની રહેલી ભારતીય ચીજો આ અંકની કવર સ્ટોરી બની છે.

આ અંકમાં 'વ્યક્તિત્વ' કોલમમાં પરમાણુ જનક ડો. હોમી ભાભા જહાંગીર ભાભાને અને રાષ્ટ્રીય એકતા દિવસ પ્રસંગે 'ભારત જોડો'ના પ્રણેતા સરદાર વલ્લભભાઈ પટેલને કૃતજ્ઞ રાષ્ટ્ર તરફથી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે. સામાન્ય માણસનાં સપનાની ઉડાન યોજનાની સફળતા, વડાપ્રધાનને મળેલી વિશેષ ભેટોની હરાજી, મન કી બાત, કેબિનેટનાં નિર્ણયો, કોવિડ સામેની નિર્ણાયક લડાઈ, બદલતા ભારતની કહાની અને અમૃત મહોત્સવની શ્રૃંખલામાં મહાનાયકોની પ્રેરક ગાથા કઈ રીતે અમૃત કાળની પ્રેરણા બની રહી છે તેને પણ આ અંકમાં સામેલ કરવામાં આવ્યાં છે.

**આપના સૂચનો response-nis@pib.gov.in પર મોકલતાં રહેશો.**

**હિંદી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ**
**મેગેઝીન વાંચો/ડાઉનલોડ કરો.**
**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

સ. પ્રકાશ

**સત્યેન્દ્ર પ્રકાશ**




# પ્રતિભાવ

## આધુનિક ભારતની ઉજ્જવળ તસવીર રજૂ કરતું મેગેઝીન

ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન આધુનિક ભારતની ઉજ્જવળ તસવીર પ્રસ્તુત કરે છે. સચોટ વિશ્લેષણ અને આકંડાનું પ્રસ્તુતિકરણ એટલું સરસ હોય છે કે દરેક વાચકને સરળતાથી સમજાઇ જાય છે. કરન્ટ અફેર્સની દરેક માહિતી તેમાં સમાવવામાં આવે છે, જે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે મદદરૂપ સાબિત થાય છે. રાષ્ટ્રપ્રેમની અલખ જગાવતો લેખ ખૂબ સરસ છે. સમાચારોની પસંદગી, પ્રકાશન અને પ્રસ્તુતિકરણમાં સંપાદકીય, ટેકનિકલ અને પ્રકાશન ટીમની મહેનત દેખાઈ આવે છે. આ પ્રયાસ માટે ટીમનાં તમામ સભ્યોને અભિનંદન.

**મોહિત સોની | sonimohit895@gmail.com**

## મહત્વની માહિતીથી ભરપૂર મેગેઝીન

મને મારા સંબંધીનાં ઘરે ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન વાંચવા મળ્યું. મેગેઝીન ખૂબ માહિતીપ્રદ અને ભરપૂર માહિતી ધરાવે છે. કવર સ્ટોરી તથા આઝાદી કા અમૃત મહોત્સવ શ્રૃંખલામાં સ્વતંત્રતા સેનાનીઓ અંગે વાંચીને સારું લાગ્યું. આ ઉપરાંત, અન્ય સ્ટોરી પણ સારી લાગી. આટલા સરસ સંકલન. સંપાદકીય અને ઉત્તમ મેગેઝીન તૈયાર કરવા બદલ હું સંપાદક મંડળનો આભાર માનું છું.

**પ્રતીક પટેલ**
**pratikpatel07@gmail.com**

## મેગેઝીનમાં રસપ્રદ સમાચારો હોય છે

ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીનનો અંક મળ્યો. અત્યંત માહિતીપ્રદ, વાંચવાલાયક અને સંકલન સામગ્રીથીની ત્રિવેણી સમાન આ મેગેઝીન ખૂબ રસપ્રદ લાગી. દરેક અંકમાં નવી માહિતી મળે છે.

**મનોજકુમાર કપરદાર**
**manojkapardarjh@gmail.com**

## મહાન નાયકોની પ્રેરક ગાથા વાંચીને સારું લાગ્યું

ન્યૂ ઇન્ડિયા સમાચારનો 16-30 સપ્ટેમ્બરના અંકની કવર સ્ટોરી વાંચીને મને ખૂબ ખુશી થઈ. મેગેઝીનનાં અન્ય અહેવાલોની સાથે અમૃત મહોત્સવમાં મહાન નાયકોની પ્રેરક ગાથાઓ વાંચીને બહુ સારું લાગ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશને સમર્પિત વિકાસ પ્રોજેક્ટ્સ પર આધારિત સમાચારો અને દેશને પ્રગતિની નવી દિશા આપનારા કાર્યક્રમોને સામેલ કરવા પ્રશંસનીય છે. એવી વ્યવસ્થા હોવી જોઇએ કે આ મેગેઝીન સમગ્ર દેશમાં સમાજનાં દરેક વર્ગનાં સામાન્ય માણસ સુધી પહોંચી શકે.

**અભય ચૌધરી | abhaychaudhary.clinic@gmail.com**

**ફોલો કરો @NISPIBIndia**

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલ: રૂમ નંબર-278, સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003 | ઇમેલ: response-nis@pib.gov.in**

# જ્યારે પીએમ મોદીએ અડધી રાત્રે વિદેશ મંત્રી જયશંકરને ફોન કરીને પૂછ્યું, "જાગો છો"?

## દરેક કામ દેશને નામ



વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કામ પ્રત્યેની ધગશ જગજાહેર છે. મહત્વપૂર્ણ કામો પર જાતે નજર રાખવી તેમનાં રોજિંદા જીવનનો હિસ્સો છે. અમેરિકા પ્રવાસ દરમિયાન 'મોદી@20: ડ્રીમ્સ મીટ ડિલીવરી' પુસ્તક પર આયોજિત એક કાર્યક્રમ દરમિયાન વિદેશ મંત્રી એસ જયશંકરે પીએમ મોદીની સક્રિયતા સાથે સંકળાયેલો કિસ્સો વર્ણવ્યો. તેમણે જણાવ્યું, " વર્ષ 2016માં અફઘાનિસ્તાનમાં મજાર-એ-શરીફમાં ભારતીય દૂતાવાસ પર હૂમલાનો પ્રયત્ન થયો હતો. એ વખતે હું વિદેશ સચિવ હતો. નવી દિલ્હી સુધી આ માહિતી પહોંચી તો અમે બધાં સક્રિય થઈ ગયાં, દરેક બાજુથી પ્રયત્નો કરવામાં આવી રહ્યા હતા કે કઈ રીતે મદદ મળે અને ત્યાં અમારા લોકો સલામત રહી શકે. આ બધું કરતાં કરતાં અડધી રાત થઈ ગઈ. એટલામાં મારા ફોનની ઘંટડી વાગી. મને થોડું આશ્ચર્ય થયું. જ્યારે વડાપ્રધાન ફોન કરે ત્યારે તમને કોલર આઈડી ન દેખાય. મેં ફોન ઉઠાવ્યો તો વડાપ્રધાન હતા. તેઓ એમ માનીને ચાલતા હતા કે હું તેમને ઓળખી લઈશ. એટલે તેમનો પ્રથમ સવાલ હતો, જાગો છો? મેં કહ્યું, હા. સર. 12-30 વાગ્યા છે. બીજું શું કરતો હોઉ? તેમણે કહ્યું, અચ્છા. ટીવી જોઈ રહ્યા છો. શું ચાલી રહ્યું છે ત્યાં (મજાર-એ-શરીફમાં?)" મેં કહ્યું કે મદદ પહોંચાડવામાં આવી રહી છે. આશા છે બે ત્રણ કલાકમાં સ્થિતિ સામાન્ય થઈ જશે. પીએમે કહ્યું, જ્યારે મદદ પહોંચી જાય પછી મને ફોન કરી દેજો. મેં કહ્યું, સર, આમાં હજુ બે ત્રણ કલાક લાગી જશે. ઓપરેશન પૂરું થઈ જાય પછી હું તમને જાણ કરી દઈશ. એ પછી વડાપ્રધાને ભારપૂર્વક કહ્યું, સીધો મને ફોન કરજો. વડાપ્રધાનનો આ વિલક્ષણ ગુણ છે. તેઓ કામ કરતી વખતે સમય નથી જોતાં. તેમનો સમગ્ર સમય દેશ અને પોતાનાં લોકો માટે સમર્પિત છે."

# ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ રેન્કિંગમાં ભારત પ્રથમ વાર 40મા સ્થાને પહોંચ્યું

ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2022માં ભારત 40મા સ્થાને પહોંચી ગયું છે. ભારત છેલ્લાં સાત વર્ષમાં 41 ક્રમની મોટી છલાંગ લગાવીને રેન્કિંગમાં 40મા ક્રમે આવી ગયું છે. ભારતનું રેન્કિંગ 2015 બાદથી ઝડપી ગતિથી વધી રહયું છે. ભારત વર્ષ 2015માં 81મા ક્રમે હતું જ્યારે 2021મા 46મા ક્રમે આવી ગયું છે. ઈન્ડેક્સ પરથી ખબર પડે છે કે સ્ટાર્ટઅપ માટે સારું વાતાવરણ તૈયાર કરવા અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવા ભારત સતત સુધારો કરી રહ્યું છે. રેન્કિંગમાં સતત સુધારો એ વાતની સાબિતી છે કે નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારત ઝડપથી વૈશ્વિક ઈનોવેશન સેન્ટર તરીકે ઉપસી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સફળતાનું સ્વાગત કર્યું છે અને જણાવ્યું છે કે ઈનોવેશન સમગ્ર ભારતમાં ચર્ચાનો વિષય છે અને અમને આપણા ઈનોવેટર્સ પર ગર્વ છે. આપણે લાંબી યાત્રા પાર કરી છે અને નવી ઊંચાઈઓને સ્પર્શવા માંગીએ છીએ. વાસ્તવમાં, ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સનો અહેવાલ અત્યંત મહત્વનો માનવામાં આવે છે, કારણ કે સરકારો તેને પોતાની નીતિઓ સુધારવાનો માર્ગ માને છે, જે વર્તમાન સ્થિતિમાં પરિવર્તન કરવામાં મદદ કરે છે.

# દેશને મળ્યા નવા સીડીએસઃ નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણને નેતૃત્વ સોંપાયું



સરકારે દેશનાં નવા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) તરીકે લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) અનિલ ચૌહાણની નિયુક્તિ કરી છે. જનરલ બિપિન રાવતનાં અવસાન બાદ આ હોદ્દા પર બિરાજમાન તેઓ બીજી વ્યક્તિ છે. સેનામાં 40 વર્ષ સેવા આપ્યા બાદ અનિલ ચૌહાણ ગયા વર્ષે જ નિવૃત્ત થયા છે. જમ્મુ-કાશ્મીર અને પૂર્વોત્તરનાં વિસ્તારોમાં આતંકવાદને નાબૂદ કરવામાં તેમણે નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. વર્ષ 2019માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણમાં કેન્દ્રમાં સરકાર બન્યાનાં છ મહિનાની અંદર નવા સીડીએસની નિયુક્તિનો નિર્ણય દેશનાં સર્વોચ્ચ સૈનિક માળખામાં સૌથી મોટો સુધારો માનવામાં આવ્યો હતો. દેશની ત્રણેય સેનાઓનાં સંકલન માટે પ્રથમ સીડીએસ પદે જનરલ રાવતને નિયુક્ત કરવામાં આવ્યા હતા. 8 ડિસેમ્બર, 2021નાં રોજ તામિલનાડુમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં જનરલ રાવતનું અવસાન થયું હતું.

## આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહ બન્યો ભારતનો પ્રથમ 'સ્વચ્છ સુજળ પ્રદેશ'

વિટંબણા કહેવાય કે આઝાદી મળ્યાના દાયકાઓ સુધી આપણે શુધ્ધ પીવાનાં પાણી જેવી જીવન જરૂરી વસ્તુથી વંચિત રહ્યા. પણ 2014માં શરૂ થયેલા સ્વચ્છ ભારત મિશનથી દેશ ખુલ્લામાં શૌચથી મુક્ત થયા બાદ હવે ઓડીએફ + અને ઓડીએફ ++ તરફ આગળ વધી રહ્યો છે. તો, 2019માં શરૂ થયેલા જલ જીવન મિશન અંતર્ગત અત્યાર સુધી 44 ટકાથી વધુ ગ્રામીણ ઘરોમાં નળથી જળ પહોંચવા માંડ્યું છે. સ્વચ્છતા ઉપરાંત 'નલ સે જલ'ની દિશામાં વધુ એક સફળતા આંદામાન નિકોબાર ટાપુમાં મળી છે, જ્યાં 62,037 ગ્રામીણ પરિવારો, 368 શાળાઓ, 558 આંગણવાડી કેન્દ્રો અને 292 જાહેર સંસ્તાઓ પાસે નળમાંથી જળની સુવિધા છે. આ વિસ્તારને ખુલ્લામાં શૌચથી પણ મુક્ત જાહેર કરવામાં આવ્યો છે. પીએમ નરેન્દ્ર મોદીએ 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'નો દ્રષ્ટિકોણ અપનાવીને 114 જિલ્લા, 1284 બ્લોક અને 75,271 ગ્રામ પંચાયતો અને 1,57,796 ગામોને 'હર ઘર જલ' તરીકે જાહેર કર્યા છે. ●



કર વસૂલાતનાં મોરચે સારા સમાચાર

## સીધા કરવેરાની વસૂલાત 30 ટકા વધીને રૂ. 8.36 લાખ કરોડ થઈ

કોવિડનાં કપરાં સમયમાંથી બહાર આવેલું દેશનું અર્થતંત્ર હવે ઝડપથી ગતિ પકડી રહ્યું છે. અને તેની અસર કર વસૂલાત પર પણ દેખાઈ રહી છે. સરળ બની રહેલાં કમ્પ્લાયન્સ અને કંપનીઓનાં વધતા ફાયદાની સાથે સાથે બિઝનેસ અને આર્થિક પ્રવૃત્તિઓમાં વધારાની અસરને કારણે આ વર્ષે એપ્રિલ મહિનામાં 17 સપ્ટેમ્બર સુધી કુલ સીધા કરવેરાની વસૂલાત 8.36 લાખ કરોડ રૂપિયા હતી, જે એક વર્ષ પહેલાં સમાન સમયગાળાની સરખામણીમાં 30 ટકા વધુ છે. 4.36 લાખ કરોડ રૂપિયા પર્સનલ ઈન્કમ ટેક્સ છે. જો કે, તેમાંથી રૂ. 1.35 લાખ કરોડ રૂપિયાનું રિફન્ડ આપવામાં આવ્યું હતું, આમ, ચોખ્ખી કર વસુલાત આશરે સાત લાખ કરોડ રૂપિયા રહી. આ ગણતરીએ 23 ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત, આ વર્ષે જીએસટી વસુલાતમાં પણ દર મહિને સરેરાશ રૂ. 1.40 લાખ કરોડ રૂપિયા મળ્યા છે.



# “આ તહેવારોમાં સ્વદેશી ચીજ ભેટ આપો”



**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાનાં ‘મન કી બાત’ કાર્યક્રમમાં લોકોને કુનો નેશનલ પાર્કમાં આવેલા ચિત્તાનાં નામકરણ માટે સૂચનો મંગાવ્યા હતા. તો 25 સપ્ટેમ્બરનાં રોજ પંડિત દીનદયાલ ઉપાધ્યાયની જન્મજયંતી નિમિત્તે પોતાનાં વિચારો પણ વ્યક્ત કર્યા. વડાપ્રધાન મોદીએ તહેવારોની મોસમની શરૂઆત પહેલાં ફરી એક વાર ‘વોકલ ફોર લોકલ’નાં સંકલ્પનું પુનરાવર્તન કર્યું. તેમણે જણાવ્યું કે વીતેલું સંપૂર્ણ વર્ષ સ્વદેશીને પ્રોત્સાહન આપનારા આ સંકલ્પ સાથે જોડાઇ ગયું હતું. હવે ફરી એક વાર આપણે આ અભિયાનને હજુ ઝડપી કરવાનો સંકલ્પ લેવાનો છે. તેમણે જણાવ્યું, “આ તહેવારોમાં જે પણ ભેટ આપો, તેમાં હેન્ડલુમ, હેન્ડીક્રાફ્ટ્સ કે સ્વદેશી ચીજો ચોક્કસ સામેલ કરો.” વાંચો વડાપ્રધાનની ‘મન કી બાત’ના સંકલિત અંશો...**

- **બીજાઓની સેવા જેવો કોઇ ધર્મ નથીઃ** એટલે કે બીજાઓનું હિત, બીજાઓની સેવા સમાન બીજો કોઇ ધર્મ નથી. આવી જ ભાવના સાથે લોકો આગળ આવીને ટીબીથી પીડિત દર્દીને દત્તક લઈ રહ્યા છે, તેને પૌષ્ટિક આહાર આપવાનું બીડું ઝડપે છે. જન ભાગીદારીની આ શક્તિથી વર્ષ 2025 સુધી ભારત ચોક્કસ ટીબીથી મુક્ત થઈ જશે.
- **મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ ગામડું દત્તક લીધુઃ** કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા-નગર હવેલી અને દમણ-દીવ એવું ઉદાહરણ છે જે મનને સ્પર્શી જાય છે. અહીં ગ્રામ દત્તક કાર્યક્રમમાં મેડિકલનાં વિદ્યાર્થીઓએ 50 ગામ દત્તક લીધાં છે. આ વિદ્યાર્થીઓ ગામનાં લોકોને જાગૃત કરવાની સાથે સાથે બીમારીમાં મદદ કરે છે અને સરકારી યોજનાઓની માહિતી આપે છે.
- **370થી વધુ સ્થળોનું સૌંદર્યીકરણ કર્યુંઃ** બેંગલુરુની એક ટીમ યુથ ફોર પરિવર્તન આઠ વર્ષથી સ્વચ્છતા અને સામુદાયિક પ્રવૃત્તિઓ પર નાં “Stop Complaining, Start Acting” આદર્શ વાક્ય સાથે કામ કરી રહી છે. શહેરનાં 370થી વધુ સ્થળોનું સૌંદર્યીકરણ કર્યુ છે. મેરઠમાં ‘કબાડ સે જુગાડ’ પહેલમાં પ્લાસ્ટિક સહિતનાં કચરાને ઉપયોગી સામગ્રીમાં બદલવાનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.
- **અત્યંત અસરકારક છે યોગઃ** શારીરિક-માનસિક આરોગ્ય માટે યોગ અત્યંત અસરકારક છે. વિશ્વ આ વાત સ્વીકારી ચૂક્યું છે. સુરતની અન્વી જન્મથી જ ડાઉન સેન્ડ્રોમથી પીડિત છે. યોગ કરવાથી તેનાં જીવનમાં અદભૂત પરિવર્તન જોવા મળ્યું છે.
- **જીવનનાં સંઘર્ષોથી ઘડાયેલી વ્યક્તિની સામે અવરોધો ટકી શકતા નથીઃ** આજે અનેક લોકો એવા છે, જેઓ દિવ્યાંગોમાં ફિટનેસ સંસ્કૃતિને પાયાના સ્તરે પ્રોત્સાહન આપવાનું કામ કરે છે. ઇન્ડિયન સાઇન લેંગ્વેજ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ સેન્ટરે સાત વર્ષમાં 10,000થી વધુ શબ્દ અને હાવભાવની ડિક્શનરી તૈયાર કરી છે.
- **શહીદ ભગતસિંહનાં નામે ચંદીગઢ એરપોર્ટનું નામઃ** શહીદોનાં સ્મારક, તેમનાં નામ પર સ્થળો અને સંસ્થાઓનાં નામ આપણને પ્રેરણા આપે છે. હજુ થોડાં દિવસો પહેલાં કર્તવ્ય પથ પર નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતીમાની સ્થાપના આવો જ એક પ્રયત્ન છે. હવે શહીદ ભગતસિંહનાં નામે ચંદીગઢ એરપોર્ટનું નામ આ દિશામાં વધુ એક પ્રયત્ન છે.
- **સંયુક્ત રાષ્ટ્રએ ભારતનાં વધુ એક પ્રયત્નને માન્યતા આપીઃ** 2017માં ‘ઇન્ડિયા હાઇપરટેન્શન કન્ટ્રોલ ઇનિશિયેટિવ’ની શરૂઆત કરવામાં આવી હતી. સરકારી આરોગ્ય કેન્દ્રો પર બ્લડ પ્રેશરથી પીડિત લાખો લોકોની સારવાર કરવામાં આવી રહી છે.
- **ચિત્તાનું નામકરણ કરોઃ** MyGovનાં પ્લેટફોર્મ પર ચિત્તા અંગે જે અભિયાન ચાલી રહ્યું છે તેનું નામ શું હોવું જોઇએ. જે ચિત્તા લાવવામાં આવ્યાં છે તેને કયા નામથી બોલાવવા જોઇએ. તમે તે અંગે નામ સૂચવો. તમે એમ પણ જણાવો કે પશુઓ સાથે કેવો વ્યવહાર કરવો જોઇએ. આ સ્પર્ધામાં જરૂર ભાગ લો. કોને ખબર, ઇનામના રૂપમાં ચિત્તા જોવાની પ્રથમ તક તમને પણ મળી જાય.

‘મન કી બાત’ સંપૂર્ણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

# ભારતીય પરમાણુ ઊર્જા કાર્યક્રમનાં ઘડવૈયા



**જન્મઃ 30 ઓકટોબર, 1909 | મૃત્યુઃ 24 જાન્યુઆરી, 1966**


**વિશ્વ જ્યારે બીજા વિશ્વ યુધ્ધ બાદ વિજ્ઞાન અને ટેકનોલોજીનાં નવા યુગ તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે ભારતને બ્રિટનથી આઝાદી મળી તે પહેલાં એક ભારતીયમાં એટલું સાહસ અને દીર્ઘદ્રષ્ટિ હતી કે તેમણે દેશને 'બળદગાડા' યુગમાંથી 'પરમાણુ યુગ'માં લઈ જવાનો સંકલ્પ લીધો. આ વૈજ્ઞાનિક હતા ડો. હોમી જહાંગીર ભાભા....**

મુંબઈનાં ધનાઢ્ય અને પ્રતિષ્ઠીત પારસી પરિવારમાં વર્ષ 1909માં જન્મેલા બહુમુખી પ્રતિભા ધરાવતા ડો. હોમી જહાંગીર ભાભાએ સૈધ્ધાંતિક શોધમાં સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું એટલું જ નહીં પણ રાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંસ્થાઓનાં નિર્માણમાં પણ અતુલનીય યોગદાન આપ્યું. ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ (TIFR) અને ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર (BARC) તેનાં જ્વલંત ઉદાહરણ છે. તેમણે વૈજ્ઞાનિક સંશોધનની સંસ્થાઓનાં નિર્માણમાં ભૂમિકા ભજવી એટલું જ નહીં પણ યુવા વૈજ્ઞાનિકોને તેની સાથે જોડવાનું પણ કામ કર્યું. તેમની પ્રશંસા કરતા ડો. સી વી રામને 1941માં ભારતીય વિજ્ઞાન કોંગ્રેસમાં જણાવ્યું હતું કે, 'ભાભા સંગીતના મહાન પ્રેમી છે. અત્યંત પ્રતિભાશાળી કલાકર છે, મેઘાવી એન્જિનીયર છે અને ઉત્કૃષ્ટ વિજ્ઞાની છે. તેઓ આધુનિક યુગનાં લિયોનાર્દો દ વિંચી છે.'

મુંબઈમાં પ્રારંભિક અભ્યાસ બાદ ભાભાએ કેમ્બ્રિજની ગોન્વિલ એન્ડ કાયસ કોલેજથી મિકેનિકલ એન્જિનિયરીંગનો અભ્યાસ કર્યો. જો કે તેમનું મન એન્જિનિયરીંગને બદલે ન્યુક્લિયર ફિઝિક્સ તરફ હતું. 1934ના અંતમાં તેમણે ફિઝિક્સમાં પીએચડી પ્રાપ્ત કરી. ભાભાએ યુરોપનો પ્રવાસ કર્યો અને જ્યુરિકમાં વોલ્ફગંગ પોલી તથા રોમમાં એનરિકો ફર્મી સાથે કામ કર્યું. જર્મનીમાં તેમણે કોસ્મિક કિરણો પર અભ્યાસ અને પ્રયોગ કર્યાં. હોમી ભાભાને પ્રસિધ્ધ વૈજ્ઞાનિક રૂધરફોર્ડ અને નીલ્સ બોર સાથે કામ કરવાની તક મળી હતી.

કેમ્બ્રિજમાં ભાભાનું કાર્ય મુખ્યત્વે બ્રહ્માંડનાં કિરણો પર કેન્દ્રીત હતું. ભાભા અને હાઈટલરે 1937માં કોસ્મિક કિરણોનાં ફેલાવાની વ્યાખ્યા કરી. 1939માં તેઓ ભારત આવ્યા હતા, ત્યારે બીજું વિશ્વયુધ્ધ શરૂ થઈ ગયું હતું. યુધ્ધ પૂરું થયા પછી તેમને ઈંગલેન્ડમાં ભણાવવા માટેની ઓફર આવી, પણ ત્યાં સુધીમાં ભાભાનાં વિચારો બદલાઈ ગયા હતા. તેમણે અનુભવ્યું કે દેશ નિર્માણમાં લાગી જવાનો સમય આવી ગયો છે. 1940માં તેઓ ભારતીય વિજ્ઞાન સંસ્થા, બેંગલુરુમાં રીડરનાં હોદ્દા પર નિયુક્ત થયા. ત્યાં તેમણે કોસ્મિક કિરણોની શોધ માટે અલગ વિભાગની સ્થાપના કરી. 1941માં તેમને રોયલ સોસાયટીના સભ્ય પસંદ કરવામાં આવ્યા. એ વખતે તેમની ઉંમર માત્ર 31 વર્ષ હતી. ભાભાની પ્રેરણાથી જેઆરડી ટાટાએ 'ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ'ની સ્થાપના કરી. તેઓ આ સંસ્થાનાં મહાનિદેશક બન્યા. ભાભા એ સમયે જ પરમાણુ ઊર્જાનું મહત્વ સમજી ગયા હતા. 1948માં પરમાણુ ઊર્જા પંચની સ્થાપના થઈ અને ડો. ભાભા તેનાં અધ્યક્ષ નિયુક્ત થયા. 1954માં પરમાણુ ઊર્જા વિભાગની સ્થાપના કરવામાં આવી. ભારત સરકારે તેમને આ વિભાગનાં સચિવ નિયુક્ત કર્યા. આ સાથે તેમણે એટોમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટ, ટ્રોમ્બે નામની પ્રયોગશાળાની સ્થાપના કરી, જેને લોકો હવે ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર તરીકે ઓળખે છે. તેમણે પરમાણુ રિએક્ટર્સનાં ઉત્પાદનમાં પણ મહત્વની ભૂમિકા ભજવી. તેમણે, રિએક્ટર માટે જરૂરી હેવી વોટરનાં ક્ષેત્રમાં પણ ભારતને આત્મનિર્ભર બનાવવાનું કામ કર્યુ. તેમનાં પ્રયત્નોથી ફર્ટિલાઈઝર કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ 1962માં પ્રથમ હેવી વોટર પ્લાન્ટ સ્થાપ્યો. આજે ભારત હેવી વોટરનાં મુખ્ય ઉત્પાદકોમાં સામેલ છે. 1964માં 10 કરોડ રૂપિયાનું ફન્ડિંગ મળ્યા બાદ ભાભાએ ત્રણ તબક્કામાં ન્યુક્લિયર પાવર પ્રોગ્રામ તૈયાર કર્યો. 1965માં તેમણે ઓલ ઈન્ડિયા રેડિયો પરથી જાહેરાત કરી કે જરૂર પડ્યે આપણે 18 મહિનાની અંદર પરમાણુ બોંબ બનાવી શકીએ તેમ છીએ. 24 જાન્યુઆરી, 1966નાં રોજ વિયેના જતી વખતે મોબ્લાં (Mont Blanc)પર્વત શ્રૃંખલા પર વિમાન દુર્ઘટનામાં તેમનાં મૃત્યુથી આ મહાન વિજ્ઞાનીના જીવનનો અંત આવ્યો. આજે પણ તેઓ યુવા વૈજ્ઞાનિકો માટે પ્રેરણાસ્ત્રોત છે.

આઝાદીના આ અમૃત મહોત્સવનાં સમયમાં જ્યારે ભારત આત્મનિર્ભરતા અને સ્વાવલંબન તરફ આગળ વધી રહ્યું છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતનાં વિકાસમાં વિજ્ઞાનને એવી ઊર્જા તરીકે માને છે જેમાં દરેક ક્ષેત્રનાં વિકાસને ઘણી ગતિ આપવાની તાકાત છે. આ સમય ડો. હોમી જહાંગીર ભાભા જેવા મહાન વૈજ્ઞાનિકોને નમન કરવાનો પણ છે, જેમણે ભવિષ્યનાં ભારતનો પાયો નાખ્યો છે. ●



### રાજ્યોનાં પર્યાવરણ મંત્રીઓનું રાષ્ટ્રીય સંમેલન

# આપણે પ્રકૃતિનાં શોષક નહીં, પોષક છીએ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એક વિશેષતા એ પણ છે કે તેઓ ટૂંકા ગાળાની નીતિઓ પર કામ નથી કરતા, પણ લાંબા ગાળાની યોજના અને તેની પડનારી અસરો પર નજર નાખે છે. પર્યાવરણ સંરક્ષણ જેવા ગંભીર વિષયો પર તેમનાં વિઝનમાં તેની ઝલક સ્પષ્ટ જોઈ શકાય છે. એક તરફ તેઓ દેશમાં કૃષિને પરંપરાગત અને જળવાયુ પ્રમાણે અનુકુળ બનાવવા પર ભાર મૂકે છે તો બીજી બાજુ, વૈશ્વિક મંચો પર પર્યાવરણ સંરક્ષણની સાથે જળવાયુ ન્યાયનો મુદ્દો મજબૂત રીતે ઉઠાવે છે. સ્વચ્છતા અભિયાન અંગે તેઓ ગંભીર છે તો કચરા વ્યવસ્થાપન દ્વારા પર્યાવરણને નુકસાનથી બચાવવા પર પણ તેઓ ભાર મૂકતા રહે છે. એક બાજુ તેઓ ઔદ્યોગિક ક્રાંતિ 4.0 પર પોતાનું વિઝન સામે રાખે છે તો બીજી બાજુ પર્યાવરણ અનુકુળ જીવનશૈલીનાં મંત્રની સાથે ભારતની પરંપરા અને વારસાનો ઉલ્લેખ કરવાનું ભૂલતા નથી. 23 સપ્ટેમ્બરનાં રોજ ગુજરાતમાં એકતાનગર ખાતે આયોજિત રાજ્યોનાં પર્યાવરણ મંત્રીઓનાં સંમેલનમાં તેમણે ફરી એક વાર પર્યાવરણની સાથે વિકાસ પર પોતાનાં વિચારો રજૂ કર્યા...**

આજનું નવું ભારત, નવા વિચાર, નવા અભિગમ સાથે આગળ વધી રહ્યું છે. આજે ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વૃધ્ધિ પામી રહેલું અર્થતંત્ર છે અને સતત પોતાની ઈકોલોજીને મજબૂત કરી રહ્યું છે. આપણા વન આવરણ વિસ્તારમાં વધારો થયો છે અને વેટલેન્ડનો વિસ્તાર પણ ઝડપથી વધી રહ્યો છે. આપણે વિશ્વને બતાવ્યું કે અક્ષય ઊર્જાની બાબતમાં આપણી સ્પીડ અને સ્કેલ સુધી ભાગ્યે જ કોઈક પહોંચી શકે છે. ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ, સીડીઆરઆઇ (Coalition for Disaster Resilient Infrastructure) કે પછી લાઈફ (Lifestyle for environment) મુવમેન્ટ..મોટાં પડકારોનો સામનો કરવા માટે ભારત આજે વિશ્વનું નેતૃત્વ કરી રહ્યો છે. પોતાની પ્રતિબધ્ધતાને પૂરી કરવા માટે ભારતનાં ટ્રેક રેકોર્ડને કારણે જ દુનિયા આજે ભારત સાથે જોડાઈ રહી છે.

પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે વીતેલાં આઠ વર્ષમાં ભારતનાં દ્રષ્ટિકોણમાં આ પરિવર્તનનો ઉલ્લેખ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના એકતા નગર ખાતે આયોજિત પર્યાવરણ મંત્રીઓનાં સંમેલનનું ઉદઘાટન કરતી વખતે કર્યો. તેમણે જણાવ્યું, "ભારતનાં લોકો ક્યારેય પ્રકૃતિનાં શોષક નહીં પણ પોષક રહ્યા છે. ભારતે વર્ષ 2070 સુધી નેટ ઝીરોના ટારગેટ રાખ્યો છે. હવે દેશનું ફોકસ ગ્રીન ગ્રોથ પર છે, ગ્રીન જોબ્સ પર છે અને આ તમામ લક્ષ્યોની પ્રાપ્તિ માટે, દરેક રાજ્યનાં પર્યાવરણ મંત્રાલયોની ભૂમિકા ઘણી મોટી છે." વડાપ્રધાન મોદીએ આશા વ્યક્ત કરી કે, "આપણે એવા સમયે મળી રહ્યા છે જ્યારે ભારત આગામી 25 વર્ષનાં અમૃત કાળ માટે નવાં લક્ષ્ય નિર્ધારિત કરી રહ્યું છે. મને વિશ્વાસ









## વડાપ્રધાન મોદીના સંબોધનનાં મુખ્ય અંશ...

- પંચાયતો, સ્થાનિક સુધરાઇઓ, એમએસએમઇને દરેક સ્તરે જાગૃત કરવા જોઇએ. રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં માધ્યમથી આપણે યુવાનોને પોતાની ઇકોસિસ્ટમનાં સંરક્ષણનાં મહત્વ અંગે જાગૃત કરવાની જરૂર છે.
- પરિવેશ પોર્ટલ, પર્યાવરણ સાથે સંકળાયેલાં તમામ પ્રકારના ક્લિયરન્સ માટે સિંગલ વિન્ડો છે, જેમાં પારદર્શિતાની સાથે આઠ વર્ષ પહેલાં જે ક્લિયરન્સમાં 600થી વધુ દિવસ લાગતા હતા, ત્યાં હવે 75 દિવસ જ લાગે છે.
- ઇઝઃ ઓફ લિવિંગ પહેલને લાગુ કરતા આપણે પર્યાવરણ સંરક્ષણ પર ધ્યાન આપવું જોઇએ. પર્યાવરણનાં રક્ષણમાં આપણે ટેકનોલોજીનો વધુને વધુ ઉપયોગ કરવો જોઇએ.
- જંગલોની સ્થિતિનો અભ્યાસ, સ્પેસ ટેકનોલોજીથી મોનિટરીંગ કરી શકીએ છીએ. જંગલોમાં આગની બાબતમાં ભારતનો હિસ્સો નગણ્ય છે. પણ આપણે જાગૃત બનવું પડશે. ફાયર ફાઇટિંગનું મિકેનિઝમ મજબૂત કરવું પડશે.
- આજે ભારત ઝડપથી વિકસી રહેલું અર્થતંત્ર છે અને ઇકોલોજીને પણ મજબૂત કરી રહ્યું છે. આપણું ફોરેસ્ટ કવરેજ અને વેટલેન્ડ વિસ્તાર ઝડપથી વધી રહ્યો છે.
- રીન્યુઅલ એનર્જીનાં મુદ્દે આપણી સ્પીડ અને આપણો સ્કેલ સર્વશ્રેષ્ઠ છે. ભાગ્યે જ કોઇ તેને મેચ કરી શકે છે. ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ હોય કે પછી લાઇફ મુવમેન્ટ, મોટાં પડકારોનો સામનો કરવા માટે ભારત આજે વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે.

### દેશમાં જંગલ વિસ્તારની સ્થિતિ

કુલ જંગલ આવરણ
**7,13,789**
સ્કવેર કિલોમીટર

2019થી વધારો
**1,540**
સ્કવેર કિલોમીટર

**21.17%**
હિસ્સો છે દેશનાં કુલ ભૌગોલિક વિસ્તારનો

એક દાયકાની વાત કરીએ તો દેશનાં વન આવરણમાં 21,762 સ્કવેર કિલોમીટરનો વધારો થયો છે.

સરકાર નગર વન યોજના ચલાવી રહી છે, જેમાં 2020-2021થી 2024-2025ની મુદત દરમિયાન દેશમાં 400 નગર વન અને 200 નગર વાટિકા વિકસિત કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

**"વગર કારણે પર્યાવરણનું નામ લઇને ઇઝ ઓફ લિવિંગ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસનાં માર્ગમાં કોઇ અવરોધ ના ઊભો કરીએ એ આપણો પ્રયત્ન હોવો જોઇએ.**
**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

છે કે તમારા પ્રયત્નોથી પર્યાવરણનાં રક્ષણમાં પણ મદદ મળશે અને ભારતનો વિકાસ પણ એટલી જ ઝડપથી થશે."

વડાપ્રધાને રાજ્યોમાં સર્ક્યુલર ઇકોનોમીને વધુને વધુ પ્રોત્સાહન આપવા માટે પર્યાવરણ મંત્રીઓને આગ્રહ કર્યો. આવું કરવાથી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સિંગલ યુઝ પ્લાસ્ટિકથી મુક્તિનાં આપણા અભિયાનને પણ તાકાત મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંમેલનમાં પર્યાવરણ મંજૂરીમાં ઝડપ લાવવાનો અનુરોધ કર્યો. તેમણે પર્યાવરણ મંત્રીઓને સ્પષ્ટ કર્યું,

# ગુજરાતમાં 20 વર્ષ પહેલાં જ જળવાયુ પરિવર્તન પડકારો પર કામ શરૂ કર્યું હતું



વડાપ્રધાન નરેન્દ્ર મોદી દરેક આપત્તિને અવસરમાં બદલવામાં કુશળતા ધરાવે છે. 20 વર્ષ પહેલાં ગુજરાતમાં આવેલા ભૂકંપ અને 10 વર્ષ પહેલાં આવેલા દુકાળમાં તેમણે બતાવી દીધું છે. આવું જ તેમણે જળવાયુ પરિવર્તનનાં પડકાર અને પર્યાવરણ સંરક્ષણની બાબતમાં પણ કર્યું. ગુજરાતમાં મુખ્યમંત્રી બન્યા બાદ તેમણે જળવાયુ પરિવર્તનનાં પડકારો, પર્યાવરણ, કૃષિ, ઊર્જાની બચતથી માંડીને જે સર્વગ્રાહી અભિગમ સાથે કામ શરૂ કર્યું તેને વડાપ્રધાન બન્યા બાદ વ્યાપકતા સાથે આગળ વધી રહ્યાં છે.

પીએમ નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે જળવાયુ પરિવર્તનની અસરને ઘટાડવા માટે જળ સુરક્ષા, કૃષિ ઊર્જા ક્ષેત્રમાં પરિવર્તન કર્યું. આ કામગીરીને તેમણે 'કન્વિનિયન્ટ: એક્શન ગુજરાત રિસ્પોન્સ ટુ ચેલેન્જીસ ઓફ ક્લાઇમેટ ચેઇન્જ' નામથી લખેલા પુસ્તકમાં દેશ –દુનિયા સમક્ષ રજૂ કરી. આ જ રીતે વડાપ્રધાન બન્યા બાદ COP શિખર સંમેલનમાં ઇન્ટરનેશનલ સોલર એલાયન્સના શુભારંભ પ્રસંગે 'કન્વિનિયન્ટ એક્શન-કન્ટીન્યૂટી ફોર ચેઇન્જ' પુસ્તકનું વિમોચન વૈશ્વિક નેતાઓની હાજરીમાં કર્યું. આ પુસ્તકમાં જળવાયુ પરિવર્તનનાં જોખમને ઘટાડવા અને પર્યાવરણ સુધારા માટે ભારતનાં પ્રયત્નોની માહિતી આપવામાં આવી છે. 'કન્વિનિયન્ટ એક્શન ગુજરાત રિસ્પોન્સ ટુ ચેલેન્જીસ ઓફ ક્લાઇમેટ ચેઇન્જ' પ્રમાણે ગુજરાતમાં પ્રારંભનાં પાંચ વર્ષમાં જ આશરે 3.54 લાખ ચેક ડેમ અને ગામ તળાવ બનાવ્યા. તેની અસર એ થઈ કે 1998થી 2002 દરમિયાન ભૂજળ સ્તર 2.51 મીટર ઘટ્યું હતું, જ્યારે મે, 2003થી મે, 2007 દરમિયાન સરેરાશ ભૂજળ સ્તરમાં 4.01 મીટરનો વધારો થયો.

ટપક સિંચાઇ પધ્ધતિ અપનાવવાને કારણે એક વર્ષમાં આશરે 74 મિલિયન કિલોવોટ ઊર્જાની બચત થઈ. સરદાર સરોવર નહેર પ્રોજેક્ટમાં 13 નદીઓ જોડવાથી અને પાણી આપવાથી તથા સરદાર સરોવર પ્રોજેક્ટનાં સતત મોનિટરીંગથી ઝડપથી અમલીકરણ થયું. આને કારણે 2000-2001માં કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રમાં ક્રમશઃ 45.12 ટકા અને 28.59 ટકા વીજ વપરાશ થતો હતો, જે 2008-09માં બદલાઇને કૃષિ ક્ષેત્રમાં 21.10 ટકા અને ઔદ્યોગિક ક્ષેત્રમાં 35.26 ટકા થઈ ગયો. ભૂગર્ભ જળ કાઢવા માટે મોટરની જરૂર ન પડવાથી અને જળ સ્તર ઉપર આવવાને કારણે પંપ ચલાવવાની ઓછી જરૂરને કારણે આ બચત થઈ. આ બચત 15,459 મિલિયન ટન કાર્બન ઉત્સર્જનની સમકક્ષ થઈ.

આ જ રીતે ગુજરાત 1500 કિલોમીટરથી વધુ હાઇપ્રેશર ગેસ પાઇપલાઇન અને મોટી ગેસ ગ્રિડ ધરાવતું દેશનું પ્રથમ રાજ્ય બન્યું આ નેટવર્કને કારણે તમામ ઔદ્યોગિક સેક્ટરની ગેસ જરૂરિયાતો પૂરી થવા માંડી. આનાથી 23 કરોડ ટનથી વધુ કાર્બન ઉત્સર્જનનો ઘટાડો થયો હોવાનો અંદાજ છે. ભાગીદારીથી લક્ષ્ય પ્રાપ્તિ માટે બાળકોને ઊર્જાનાં જવાબદારીભર્યા અને સંયમિત ઉપયોગ માટે પ્રેરિત કરવામાં આવ્યા.

" આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર વગર દેશનો વિકાસ, દેશવાસીઓનાં જીવનધોરણને સુધારવાનો પ્રયત્ન સફળ ન થઈ શકે. પણ આપણે જોયું છે કે પર્યાવરણ મંજૂરીનાં નામે દેશમાં આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં નિર્માણને કઈ રીતે લટકાવી રાખવામાં આવતું હતું, ભારતમાં વિકાસને રોકવા માટે અનેક વૈશ્વિક સંસ્થાઓ આવી, અનેક ફાઉન્ડેશન પણ વિષય પકડીને તોફાન મચાવતા હતા. આ અર્બન નક્સલ તેને માથા પર લઈને નાચતા રહ્યા છે અને કામમાં અવરોધ આવતો હતો. આપણે આવા વિષયોમાં સર્વગ્રાહી અભિગમ સાથે આગળ વધવું જોઇએ. વગર કારણે પર્યાવરણનું નામ લઈને ઇઝ ઓફ લિવિંગ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસનાં માર્ગમાં કોઇ અવરોધ ના ઊભો કરીએ એ આપણો પ્રયત્ન હોવો જોઇએ."

# ગુજરાત વિકાસને નવી ઝડપ




**"જ્યારે વિશ્વાસ વધે છે ત્યારે બધાંનાં પ્રયત્નોથી રાષ્ટ્રનાં વિકાસની ગતિ ઝડપી બને છે." પોતાનાં આ મંત્ર સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતનાં વિકાસને દેશનાં વિકાસ સાથે જોડીને આગળ વધારી રહ્યા છે. તેઓ જ્યારે પણ ગુજરાત પ્રવાસે જાય છે ત્યારે રાજ્યની જનતાને ભેટ આપે છે. આ વખતે 29-30 સપ્ટેમ્બરનાં રોજ બે દિવસના ગુજરાત પ્રવાસમાં તેમણે સુરત, ભાવનગર, અમદાવાદ અને અંબાજીમાં આશરે રૂ. 29,000 કરોડનાં વિકાસ પ્રોજેક્ટ્સનાં લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો. વિકાસ પ્રોજેક્ટ્સમાં અમદાવાદ મેટ્રોની શરૂઆત અને ગાંધીનગર-મુંબઈ વંદે ભારત ટ્રેનનો સમાવેશ થાય છે, જે વિકાસની સાથે સાથે ઝડપ પણ સૂચવે છે. આ ઉપરાંત, વડાપ્રધાન મોદીએ ગુજરાતમાં પ્રથમ વાર યોજવામાં આવેલા રાષ્ટ્રીય રમતોત્સવનું ઉદઘાટન કરીને ગુજરાતને રમતગમતની દુનિયા સાથે જોડવાની પણ શરૂઆત કરી..**

ભારતમાં ક્ષેત્રફળની રીતે પાંચમું અને વસતિની રીતે 9મું મોટું રાજ્ય ગુજરાત દેશનાં વિકાસમાં મહત્વનું ભાગીદાર રહ્યું છે. વર્ષ 2010માં ફોર્બ્સ મેગેઝીને ગુજરાતને વિશ્વનું ત્રીજું સૌથી ઝડપથી વૃદ્ધિ પામતું રાજ્ય ગણાવ્યું હતું. ભારતનાં વિકાસમાં યોગદાન આપવા બદલ ગુજરાતને 'પશ્ચિમનું ઘરેણું' પણ કહેવામાં આવે છે. ઓક્ટોબર, 2001થી 22 મે, 2014 સુધી મુખ્યમંત્રી પદે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યનાં વિકાસને નવી દિશા આપી અને વિકાસનાં મોડલ તરીકે સમગ્ર દેશમાં જાણીતું બન્યું. વડાપ્રધાનપદે આરૂઢ થયા બાદ પણ પીએમ નરેન્દ્ર મોદી પોતાનાં ગૃહ રાજ્યને દરેક પ્રવાસ દરમિયાન ભેટ આપતા રહ્યા છે. આ વખતે 29 સપ્ટેમ્બરનાં રોજ પોતાનાં બે દિવસનાં ગુજરાત પ્રવાસની શરૂઆત તેમણે સુરતમાં આશરે રૂ. 3400 કરોડનાં વિકાસ પ્રોજેક્ટ્સનાં લોકાર્પણ અને શિલાન્યાસ સાથે કરી. તેમણે અહીં ડાયમન્ડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઇલ (ડ્રીમ) સિટીનાં મુખ્ય પ્રવેશદ્વારનું લોકાર્પણ કરવાની સાથે સાથે જૈવ વિવિધતા પાર્કની આધારશિલા મૂકી અને વિજ્ઞાન કેન્દ્રમાં શોધ સંગ્રહાલયનો પણ શુભારંભ કર્યો. કનેક્ટિવિટી અને પાયાની સુવિધાઓ વિક્સિત કરવા પાછળ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો 'ઇઝ ઓફ લિવિંગ'નો મંત્ર છે. સુરતમાં હીરાના વેપારીઓનાં બિઝનેસને ઝડપથી પૂરો કરવા માટે રહેણાંક અને વાણિજ્યિક સ્થળની વધતી જતી માંગને પૂરી કરવાનાં હેતુથી ડ્રીમ સિટી પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું, "સુરતનાં કાપડ અને હીરાના વેપારથી દેશભરનાં અનેક પરિવારોનું જીવન ચાલે છે. ડ્રીમ પ્રોજેક્ટ પૂરો થઈ જાય પછી સુરત વિશ્વનાં સૌથી સલામત અને સુવિધાજનક ડાયમંડ ટ્રેડિંગ હબ તરીકે વિક્સિત થઈ જશે."વડાપ્રધાન મોદીએ ડો. હેડગેવાર બ્રિજથી ભીમરાડ-બામરોલી બ્રિજ સુધી 87 હેક્ટરથી વધુ વિસ્તારમાં બનનારા જૈવ વિવિધતા પાર્ક (બાયો ડાઈવર્સિટી પાર્ક)નું શિલારોપણ કર્યું.

સુરત બાદ પીએમ મોદીએ 29 સપ્ટેમ્બરનાં રોજ ભાવનગરને આશરે 5200 કરોડ રૂપિયાનાં વિકાસ પ્રોજેક્ટ્સની ભેટ આપી. વડાપ્રધાને ભાવનગરમાં વિશ્વનું પ્રથમ સીએનજી ટર્મિનલ અને બ્રાઉનફીલ્ડ પોર્ટનું શિલારોપણ કર્યું, સાથે સાથે


20 એકરમાં ફેલાયેલા પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રનું પણ ઉદઘાટન કર્યું. તેને લગભગ 100 કરોડ રૂપિયાનાં ખર્ચે બનાવવામાં આવ્યું છે. અનેક સ્થાનિક પ્રોજેક્ટ્સની શરૂઆત કરતા વડાપ્રધાને મોદીએ જણાવ્યું, "ભાવનગરની આ વિકાસ યાત્રાને આજે શરૂ થઇ રહેલી યોજનાઓથી નવી ગતિ મળશે." લોથલનાં વારસાને મહત્વપૂર્ણ કેન્દ્ર ગણાવતા વડાપ્રધાને જણાવ્યું કે, "વિશ્વનું આ સૌથી જૂનું પોર્ટ છે અને લોથલ મેરિટાઇમ મ્યુઝીયમની સ્થાપના થવાથી આ સ્થળને નવી ઓળખ મળશે."

ગુજરાત પ્રવાસનાં બીજા દિવસે વડાપ્રધાન મોદીએ ગાંધીનગર અને મુંબઇ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસનાં નવા અને આધુનિક વર્ઝનને લીલી ઝંડી આપી અને પોતે ગાંધીનગરથી કાલુપુર સ્ટેશન સુધી ટ્રેનથી પ્રવાસ પણ કર્યો. તાજેતરમાં જ, મુંબઇ-અમદાવાદ વચ્ચેનાં ટ્રાયલ રનમાં નવી વંદે ભારત એક્સપ્રેસે માત્ર 52 સેકન્ડમાં 0થી 100 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપ મેળવીને બુલેટ ટ્રેનનો રેકોર્ડ પણ તોડી નાખ્યો હતો. બુલેટ ટ્રેનને આ ઝડપ હાંસલ કરવામાં 54.6 સેકન્ડનો સમય લાગે છે. ગાંધીનગર અને મુંબઇ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ગેમ ચેન્જર સાબિત થશે. બંને વેપારી કેન્દ્રો વચ્ચે હાઇસ્પીડ કનેક્ટિવિટી મળવાની સાથે સાથે વિમાન જેવી સુવિધા પણ ઓછાં ભાડાંમાં મળશે. ભારતની આ એવી પ્રથમ ટ્રેન છે, જેમાં ફોટોકેટેલિટિક એર પ્યોરિફાયર સિસ્ટમ લગાવવામાં આવી છે. આ સિસ્ટમ હવાને શુધ્ધ રાખશે, તો ટ્રેનને હવાથી ફેલાતી તમામ બિમારીઓથી મુક્ત રાખશે.

અમદાવાદને નવી ઝડપ આપતા પીએમ મોદીએ મેટ્રો પ્રોજેક્ટનાં પ્રથમ તબક્કાનું ઉદઘાટન કર્યું. આ દરમિયાન તેમણે કાલુપુર સ્ટેશનથી દૂરદર્શન મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી પણ કરી. અમદાવાદ મેટ્રો પ્રોજેક્ટનાં પ્રથમ તબક્કામાં એપેરલ પાર્કથી થલતેજ સુધી પૂર્વ-પશ્ચિમ કોરિડોર અને મોટેરાથી એપીએમસી વચ્ચે ઉત્તર-પશ્ચિમ કોરિડોરનાં 32 કિલોમીટરનો સમાવેશ થાય છે. સમગ્ર પ્રોજેક્ટ પાછળ રૂ. 13,000 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. હાલમાં આ સેક્શન રેલ અને બસ સાથે જોડાયેલું છે અને ભવિષ્યમાં કાલુપુરમાં મુંબઇ-અમદાવાદ વચ્ચે શરૂ થનારી હાઇસ્પીડ રેલ સિસ્ટમ સાથે પણ જોડવામાં આવશે. દેશમાં પ્રથમ વાર બન્યું છે કે કોઇ શહેરમાં મેટ્રો પ્રોજેક્ટનાં એક તબક્કામાં 32 કિલોમીટરના ડિવિઝનની શરૂઆત કરવામાં આવી હોય.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અંબાજીમાં મા અંબાનાં દર્શન કરીને 7200 કરોડ રૂપિયાનાં પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો. તેમાં પીએમ આવાસ યોજના હેઠળ બનાવવામાં આવેલા 45,000થી વધુ આવાસનો સમાવેશ થાય છે. વડાપ્રધાન મોદીએ પ્રસાદ યોજના અંતર્ગત તારંગા હિલ- અંબાજી-આબુ રોડ વચ્ચે નવી બ્રોડગેજ લાઇન અને અંબાજી મંદિરમાં યાત્રાળુઓની સુવિધાનું શિલોરોપણ કરવાની સાથે અનેક સ્થાનિક પ્રોજેક્ટ્સેની પણ ભેટ આપી.

## ગુજરાતમાં પ્રથમ વાર રાષ્ટ્રીય રમતોત્સવનું આયોજન થયું



# જુડેગા ઈન્ડિયા, જીતેગા ઈન્ડિયાઃ વડાપ્રધાન

***ગુજરાતના મુખ્યમંત્રી તરીકે 12 વર્ષ પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના યુવાનોને વિશિષ્ટ સુવિધાઓ પૂરી પાડવા, સ્પોર્ટસ ઈકો-સિસ્ટમનો હિસ્સો બનાવવા અને ભારતનું સ્પોર્ટિંગ પાવર હાઉસ બનાવવા માટે વર્ષ 2010માં ખેલ મહાકુંભ શરૂ કર્યો, જે 2014માં ખેલો ઈન્ડિયા અભિયાન બન્યું. ગુજરાતની આ મજબૂત સ્પોર્ટ્સ ઈકો સિસ્ટમને કારણે તેને 36મા નેશનલ ગેમ્સની યજમાની પણ મળી. વિશ્વનાં સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 29 સપ્ટેમ્બરનાં રોજ આયોજિત ભવ્ય રંગારંગ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનો શુભારંભ કર્યો. 36મા રાષ્ટ્રીય રમતોત્સવનું એન્થમ છે- જુડેગા ઈન્ડિયા, જીતેગા ઈન્ડિયા અને મેસ્કોટ છે-સાવજ.***

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીનો પણ શુભારંભ કર્યો. તત્કાલીન મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન મોદીએ જે સ્પોર્ટસ યુનિવર્સિટીનું સ્વપ્ન જોયું હતું તે વડોદરામાં આકાર લઈ ચૂક્યું છે. આધુનિક સુવિધાઓથી સજ્જ સ્વર્ણિમ ગુજરાત યુનિવર્સિટીનું ભવ્ય અને આધુનિક કોમ્પ્લેક્સ 130 એકરમાં ફેલાયેલું છે. તેને 108 કરોડ રૂપિયાનાં ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. અહીં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ છે. સમગ્ર દેશનાં વિદ્યાર્થીઓ આ આધુનિક સુવિધાઓનો લાભ ઉઠાવી શકશે, જેનાંથી આ ક્ષેત્રમાં રોજગારની નવી તકો ઊભી થશે. વિશ્વનાં સૌથી મોટાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં એક લાખ શ્રોતાઓ સમક્ષ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "રમતનાં મેદાનમાં ખેલાડીઓની જીત, તેમનો મજબૂત દેખાવ, અન્ય ક્ષેત્રોમાં દેશની જીતનો માર્ગ મોકળો કરે છે. સ્પોર્ટ્સનો સોફ્ટ પાવર, દેશની ઓળખને, દેશની છબીને અનેક ગણો સારો બનાવે છે." ●



## 98 વર્ષ જૂનો છે રાષ્ટ્રીય રમતોનો ઇતિહાસ


- આઝાદી પહેલાં ઈન્ડિયન ઓલિમ્પિક તરીકે ઓળખાતા રાષ્ટ્રીય રમતોત્સવનો 98મા વર્ષમાં પ્રવેશ થયો છે. આઝાદી પહેલાં 1924માં લાહોરમાં પ્રથમ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. 1940 બાદ તેને રાષ્ટ્રીય રમતોત્સવનું નામ આપવામાં આવ્યું. 2015માં કેરળમાં રાષ્ટ્રીય રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. 36મા રાષ્ટ્રીય રમતોત્સવનું યજમાનપદ ગુજરાતને માત્ર ત્રણ મહિના પહેલાં જ સોંપવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં પ્રથમ વાર આયોજિત 36મા રાષ્ટ્રીય રમતોત્સવમાં 36 રાજ્યોનાં આશરે 15,000 ખેલાડી, કોચ અને અધિકારીઓએ 36 પ્રકારની રમતોમાં ભાગ લીધો હતો. 36મા રાષ્ટ્રીય રમતોત્સવનો મેસ્કોટ 'સાવજ' છે. કેટલાંક મહિના પહેલાં ગુજરાતે તેની સ્પોટ્ર્સ પોલિસી લોંચ કરી હતી, જેમાં નવી ટેકનોલોજીને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

**કોઇ પણ દેશની પ્રગતિ અને વિશ્વમાં તેનાં સન્માનનો રમતગતમાં તેની સફળતા સાથે સીધો સંબંધ હોય છે. રાષ્ટ્રનું નેતૃત્વ દેશનો યુવાન આપે છે અને રમતગમત એ યુવાનની ઊર્જાનો, તેનાં જીવન નિર્માણનો મુખ્ય સ્ત્રોત હોય છે. આજે ખેલાડીઓને વધુને વધુ સંસાધનો પણ આપવામાં આવી રહ્યા છે અને વધુને વધુ તકો પણ મળી રહી છે. છેલ્લાં આઠ વર્ષમાં દેશનું રમતગમત બજેટ આશરે 70 ટકા વધ્યું છે.** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

## દેશની પ્રથમ નેશનલ લોજિસ્ટિક પોલિસી

# લોજિસ્ટિક્સ

## પડતર ઘટશે, વેપાર વધશે



**અમૃત વર્ષ એટલે કે 2047 સુધી ભારતને વિક્સિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ પૂરો થાય તે માટે જરૂરી છે કે ભારતની નિકાસ વધે, આપણી પ્રોડક્ટ્સની પડતર સ્પર્ધાત્મક છે. સસ્તા અને સુગમ લોજિસ્ટિક વગર તે શક્ય નથી. આ અભિગમ સાથે છેલ્લાં આઠ વર્ષમાં સરકારે પહેલાં ભારતમાલા, સાગરમાલા અને ફ્રેઈટ કોરિડોર, રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવાની સાથે સાથે પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન પર કામ શરુ કર્યું, હવે લોજિસ્ટિક્સ પડતર એક અંકમાં લાવવા માટે 17 સપ્ટેમ્બરનાં રોજ શરૂ થયેલી નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી આ શ્રૃંખલામાં આગામી પગલું છે. આ પોલિસીથી લોજિસ્ટિક્સ સેક્ટરની સમસ્યાનો અંત આવશે, વિકાસ ઝડપી બનશે અને રોજગારીની સંભાવના વધશે...**

અમૃતકાળમાં દેશની આર્થિક સ્થિતિમાં હજુ ઝડપ લાવવા અને લોજિસ્ટિક પડતર ઓછી કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 17 સપ્ટેમ્બરનાં રોજ નવી દિલ્હીનાં વિજ્ઞાન ભવન ખાતે નેશનલ લોજિસ્ટિક્સ પોલિસીનો શુભારંભ કર્યો. આ નીતિ પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનની પૂરક છે. આમ તો, ઈ-સંચિત માધ્યમથી પેપરલેસ એક્ઝિમ વેપાર પ્રક્રિયા, કસ્ટમ્સમાં ફેસસેલ એસેસમેન્ટ, કે ઈ-વે બિલ અને ફાસ્ટેગની જોગવાઈએ લોજિસ્ટિક્સ સેક્ટરની ક્ષમતાને પહેલાંથી જ પ્રોત્સાહન આપ્યું છે. હવે આ પોલિસી દેશભરમાં ચીજવસ્તુઓની સરળ હેરફેર, સ્ટેકહોલ્ડર વચ્ચે સુસંકલન સુનિશ્ચિત કરશે, જેનાંથી ઉત્પાદનમાં સ્પર્ધાને પ્રોત્સાહન મળશે. ખેડૂતોને ઉપજ અને એમએસએમઇ ચીજવસ્તુઓને યોગ્ય ભાવ મળી શકશે. ગ્રાહકો સુધી સરળતાથી અને કિફાયતી ભાવે ચીજવસ્તુઓ પહોંચી શકશે.

લોજિસ્ટિક્સ એક એવી પ્રક્રિયા છે જેનાં અંતર્ગત કોઇ માલ, સેવાઓ કે માહિતીને યોજનાબદ્ધ રીતે ઉત્પાદનથી વપરાશકાર સુધી પહોંચાડવામાં આવે છે. લોજિસ્ટિક્સની સમગ્ર ઈકો સિસ્ટમમાં પરિવહન, વેરહાઉસિંગ, ઈન્ટરમોડલ ટ્રાન્સફર, સેવાઓ, નીતિ અને વિનિયમન વ્યવસ્થા, કૌશલ્ય વગેરે સંબંધિત તમામ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં જે ખર્ચ થાય છે તેને લોજિસ્ટિક્સ પડતર કહેવામાં આવે છે.

> **જ્યારે દેશની નિકાસ વધે છે, દેશમાં લોજિસ્ટિક્સ સાથે સંકળાયેલી મુશ્કેલી ઓછી થાય છે ત્યારે તેનો મોટો લાભ આપણા નાના ઉદ્યોગો અને તેમાં કામ કરનારા લોકોને પણ થાય છે. લોજિસ્ટિક્સ સેક્ટરની મજબૂતી સામાન્ય માણસનાં જીવનને સરળ બનાવશે એટલું જ નહીં પણ શ્રમ અને શ્રમિકોનું સન્માન વધારવામાં પણ મદદ કરશે.** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

આમ તો ભારતમાં લોજિસ્ટિક્સ પડતર અંગે કોઇ સરકારી અભ્યાસ નથી કરવામાં આવ્યો પણ એક ખાનગી એજન્સી આર્મસ્ટ્રોંગ એન્ડ એસોસિએટ ડ્રન્કે તેનાં અભ્યાસમાં જણાવ્યું છે કે ભારતમાં લોજિસ્ટિક્સ પડતર જીડીપીના 13થી 14 ટકા છે, જે મોટાં ભાગનાં વિક્સિત દેશોની પડતર (10 ટકાથી ઓછી) કરતાં વધુ છે. લોજિસ્ટિક્સ પડતરમાં ઘટાડો લાવવા માટે સરકારે રેલની હેરફેર, માર્ગ પર હેરફેર, આંતરદેશીય જળમાર્ગમાં અનેક નીતિગત પહેલ કરી છે. વાણિજ્ય વિભાગમાં સરકારનાં વિવિધ લોજિસ્ટિક્સમાં




## નેશનલ લોજિસ્ટિક્સ પોલિસીઃઊડતી નજરે

- આ નીતિ અંતર્ગત અર્થતંત્રનાં મહત્વપૂર્ણ સેક્ટર જેવાં કે કોલસો, સ્ટીલ, ફર્ટીલાઇઝર, ખાદ્યાન્ન, સિમેન્ટ અને પોર્ટ કનેક્ટિવિટી માટે સેક્ટર સ્પેસિફિક લોજિસ્ટિક પ્લાન બનાવવામાં આવી રહ્યા છે. ડિજિટલ ઇન્ડિયા સાથે જોડીને એક પ્લેટફોર્મ 'યુલિપ' તૈયાર કરવામાં આવ્યું છે, જેથી લોજિસ્ટિક્સ સ્ટેકહોલ્ડર્સને સરળતા રહે અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને પ્રોત્સાહન મળે.
- દેશમાં વેરહાઉસિંગનાં સ્ટાન્ડર્ડાઇઝેશન માટે એક ઇ-હેન્ડબુક પણ તૈયાર કરવામાં આવી છે, જેથી સ્ટેકહોલ્ડર્સ તેનો ઉપયોગ કરી શકે અને દેશમાં ગ્લોબલ સ્ટાન્ડર્ડની અનુરુપ વેરહાઉસ સેક્ટરનો વિકાસ થાય.
- લોજિસ્ટિક ઇન્ડસ્ટ્રી એસોસિએશનનાં મુદ્દાનાં ઝડપી ઉકેલ માટે ઇઝ ઓફ લોજિસ્ટિક્સ સર્વિસિસ પોર્ટલ (E-LOGS) બનાવવામાં આવ્યું છે. તેનાં દ્વારા ઇન્ટરમિનિસ્ટ્રિયલ સર્વિસિસ ગ્રૂપ આ મુદ્દાઓને ઝડપી ઉકેલ લાવશે.
- મોનિટરીંગ માટે પીએમ ગતિશક્તિનાં સચિવોનાં અધિકાર પ્રાપ્ત જૂથનો ઉપયોગ કરવામાં આવશે. ડિજિટલ સુધારા માટે અધિકાર પ્રાપ્ત સચિવોનું સેવા સુધાર જૂથ રચવામાં આવશે. 14 રાજ્યોએ પોતપોતાનાં રાજ્યની લોજિસ્ટિક્સ પોલિસી બનાવી લીધી છે, જે રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિને અનુરુપ છે. તો, 13 રાજ્યોમાં તેનો મુસદ્દો તૈયાર થઈ રહ્યો છે.

### લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો, નિકાસમાં વધારો થશે

પીએમ ગતિશક્તિ માસ્ટર પ્લાનની સાથે નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી ડબલ એન્જિનનું કામ કરશે. કેન્દ્ર અને રાજ્ય સરકારોનાં તમામ એકમોનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનાં આશરે 1500 લેયર્સમાં ડેટા બેન્ક પીએમ ગતિશક્તિ પોર્ટલ પર આવી રહ્યા છે. વિક્સિત ભારત બનવાની દિશામાં નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી મોટું પગલું છે, જે પરિવહન ક્ષેત્રનાં પડકારોનો ઉકેલ લાવનારી સાબિત થશે. લોજિસ્ટિક્સ પડતરમાં ઘટાડો થશે, જેનાંથી નિકાસમાં આશરે 5થી 8 ટકા સુધીનો વધારો થશે.

કરવામાં આવેલી પહેલોમાં સંકલન માટે એક અલગ વિભાગ બનાવ્યો છે.

નેશનલ લોજિસ્ટિક્સ પોલિસીને કેબિનેટે મંજૂરી આપી દીધી છે, જેમાં એક સિંગલ રેફરન્સ પોઇન્ટ બનાવવામાં આવ્યો છે. તેનો હેતુ વર્ષ 2030 સુધી વૈશ્વિક માપદંડની સમકક્ષ લોજિસ્ટિક્સ પડતર સિંગલ ડિજિટમાં લાવવાનો છે. આ ઉપરાંત, ભારતને ગ્લોબલ લોજિસ્ટિક પર્ફોમન્સ ઇન્ડેક્સ રેન્કિંગમાં વર્ષ 2030 સુધી ટોચનાં 25 દેશોમાં સામેલ કરવાનો સરકારનો પ્રયત્ન છે. છેલ્લી રેન્કિંગ આવૃત્તિમાં ભારત 44મા ક્રમે હતું.

સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે પાંચ પ્રણનો સંકલ્પ આપ્યો હતો, તેમાં સૌ પ્રથમ છે- વિક્સિત ભારતનું નિર્માણ. વિક્સિત રાષ્ટ્ર બનવામાં આપણી સ્પર્ધા શક્તિશાળી દેશો સાથે થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "ભારતમાં બનેલી પ્રોડક્ટ્સ વિશ્વનાં બજારોમાં છવાય તે માટે દેશમાં સપોર્ટ સિસ્ટમ હોવી પણ એટલી જ જરૂરી છે." નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી આપણને આ સપોર્ટ સિસ્ટમને આધુનિક બનાવવામાં બહુ મદદ કરશે. તેમાં વિશ્વસ્તરીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર, આધુનિક વેરહાઉસિસ, ડિજિટલ પ્રક્રિયા અને રેગ્યુલેશન, ટ્રેકિંગ એન્ડ ટ્રેસિંગ, ઇઝ ઓફ એરેન્જિંગ શિપમેન્ટ, સમયબધ્ધતા પર વિશેષ ફોકસ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કર્યું કે આજનું ભારત કોઇ પણ પોલિસી બનાવતા પહેલાં તેનાં માટે આધાર તૈયાર કરે છે. એટલાં માટે જ એ પોલિસી સફળતાપૂર્વક લાગુ થઈ શકે છે અને પ્રગતિની સંભાવનાઓ બને છે. નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી પણ કંઇ અચાનક જ લોંચ નથી થઈ ગઈ. તેની પાછળ આઠ વર્ષની મહેનત છે., નીતિગત પરિવર્તન છે, મહત્વનાં નિર્ણય છે. મારી વાત કરું તો મારો 22 વર્ષનો અનુભવ તેમાં સંકળાયેલો છે. લોજિસ્ટિક કનેક્ટિવિટી સુધારવા માટે અમે સાગરમાલા, ભારતમાલા જેવી યોજનાઓ લાગુ કરી. ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરમાં ઝડપ લાવવાનો પ્રયત્ન કર્યો. પોર્ટની ક્ષમતા વધી, જળમાર્ગને કારણે ઓછી પડતર ધરાવતી પરિવહન વ્યવસ્થા બનાવી શક્યા. નવા જળમાર્ગ બનાવવામાં આવી રહ્યા છે. નિકાસમાં મદદ માટે 40 એર કાર્ગો ટર્મિનલ બનાવ્યા છે અને 30 એરપોર્ટ પર કોલ્ડ સ્ટોરેજની સુવિધા આપવાની સાથે દેશભરમાં 35 મલ્ટી મોડલ લોજિસ્ટિક્સ હબ બનાવવામાં આવી રહ્યા છે. આજે દેશમાં લગભગ 60 એરપોર્ટ્સ પરથી કૃષિ ઉડાનની સુવિધા ઉપલબ્ધ છે.●

# વૈશ્વિક બજારની પ્રથમ પસંદ બની રહેલી ભારતીય ચીજો

## ભારતમાં સ્થાનિક ખરીદી. ચીજો વૈશ્વિક બની




**વિશ્વ હંમેશા ભારતને બજાર સમજતું રહ્યું, પણ વીતેલાં કેટલાંક વર્ષોનાં પ્રયત્નોએ આ ધારણાને બદલી નાખી છે. જે ભારતીય ચીજવસ્તુઓ માટે પહેલાં એવું કહેવામાં આવતું હતું કે, ભારત કેમ? બદલાતા ભારતથી હવે વિશ્વની ધારણા બની છે-ભારત કેમ નહીં? પણ ભારતે માત્ર વિશ્વનો જ અભિગમ નથી બદલ્યો પણ ઈમ્પોર્ટેડ માંગનારા ભારતીયો પણ વોકલ ફોર લોકલમાંથી પ્રેરણા લઈને મેડ ઈન ઈન્ડિયાનો ટેગ બતાવવાનું નથી ભૂલતા. આ પરિવર્તનનું પરિણામ છે કે ભારત હવે વિશ્વનું બજાર બનવાને બદલે આત્મનિર્ભરતાના મંત્ર સાથે મેન્યુફેક્ચરિંગ હબ બનીને વિશ્વનાં બજારોમા છવાઈ રહ્યું છે અને સ્થાનિક ચીજવસ્તુઓ લોકોની પ્રથમ પસંદ બની રહી છે. સાથે સાથે વિશ્વને સ્પષ્ટ સંદેશ આપ્યો છે-**

**"ભારતની કહાની આજે મજબૂત છે, કાલે વધુ મજબૂત બનશે."**



આ વખતની દિવાળી કંઈક ખાસ છે. બે વર્ષ પહેલાં ફેલાયેલા કોવિડથી લગભગ મુક્ત આ પ્રથમ દિવાળી છે. અમૃત યાત્રાથી ભારતને વિક્સિત બનાવીને મજબૂત કરવાના લક્ષ્ય બાદ પ્રથમ દિવાળી છે. પણ કોવિડ સમસ્યામાં પણ તહેવારોએ દેશની દરેક વ્યક્તિને એક સંકલ્પ સાથે જોડીને રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવવાનાં માર્ગ પર ચાલવાની તક આપી છે. આજે ભારતની ચીજવસ્તુઓ વિશ્વનાં બજારમાં પોતાનો ડંકો વગાડી રહી છે અને જે ચીજવસ્તુઓ માટે એક સમયે દેશને આયાત પર આધાર રાખવો પડતો હતો તે સ્થિતિ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભર ભારતનાં આહવાનને કારણે પલ્ટાઈ ગઈ છે. હવે ભારત ન માત્ર પોતાની જરૂરિયાતોને પૂરી કરી રહ્યું છે પણ વિશ્વ માટે ભરોસામંદ અને ગુણવત્તાપૂર્વક ચીજો બનાવીને નિકાસનાં નવાં રેકોર્ડ સર્જી રહ્યું છે.

વાસ્તવમાં, પ્રાચીન વિશ્વ ગુરૂ ભારત સંપૂર્ણપણે આત્મનિર્ભર હતું, પરંતુ વિદેશી આક્રમણખોરોની અસરને કારણે ભારતનાં વેપાર અને ઉદ્યોગનાં ક્ષેત્રમાં પડતી આવી. આઝાદીના લાંબા સમયગાળા સુધી વિદેશી શાસનની અસરમાંથી વેપાર ઉદ્યોગને મુક્ત કરવાના અસરકારક પ્રયત્ન ન થયા. પણ હવે પ્રાચીન ભારતનાં ગૌરવ અને એ સમયની આર્થિક તાકાતને પાછી લાવવા માટે ભારતે એક સ્વપ્ન જોયું જેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં રાષ્ટ્ર સાકાર થતું જોઇ રહ્યું છે. **सर्वे भवंतु सुखिनः** નાં મંત્રની સાથે મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારતના વિઝન





સાથે તેને નવું સ્વરૂપ આપ્યું છે. આ અભિયાન અંતર્ગત બનેલી ચીજવસ્તુઓ સમગ્ર વિશ્વમાં ભારતની ગરિમાને વધારવાનું કામ કરી રહી છે. 2014માં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેક ઇન ઇન્ડિયાની શરૂઆત કરી અને તેની સફળતા માટે પીએલઆઇ યોજના, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ, શ્રમ સુધારા, ક્વોલિટી કન્ટ્રોલ, પ્રક્રિયાનાં સરળીકરણની સાથે સાથે એક જિલ્લો-એક ઉત્પાદન સહિત અનેક પગલાં લેવામાં આવ્યા. જેનાં પરિણામે આજે ભારત અત્યંત ઝડપથી આત્મનિર્ભરતાની સાથે આગળ વધી રહ્યું છે. સ્વદેશી વંદે ભારત એક્સપ્રેસ, વિમાન વાહન જહાજ, રસી, રમકડાં જેવી અનેક ચીજવસ્તુઓ ભારતમાં બની રહી છે અને વૈશ્વિક સ્તરે છવાઇ જવા માટે તૈયાર છે. મેક ઇન ઇન્ડિયા અંતર્ગત બનેલી ચીજવસ્તુઓ ભારત જ નહીં પણ સમગ્ર વિશ્વમાં દેશનું ગૌરવ વધારી રહી છે.


### વોકલ ફોર લોકલ બન્યો અમૃત મંત્ર

ખાદીથી રમકડાં સુધી, સંરક્ષણ ક્ષેત્રથી ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્ર સુધી, કેન્દ્ર સરકારે એવાં અનેક મહત્વપૂર્ણ પગલાં ભર્યા છે જેણે વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભર ભારતનો પાયો નાખ્યો છે. આજે સોયથી માંડીને સેનાનાં ઉપકરણો સુધી, સાઇકલથી માંડીને બાઇક સુધી, મોબાઇલથી માંડીને કાર સુધી, સ્થાનિક ચીજોથી માંડીને મેડિકલ ડિવાઇસ સુધી, કપડાંથી રમકડાં સુધી બધું જ મેડ ઇન ઇન્ડિયા છે, જેમાં પોતાનો પરસેવો છે અને પોતાનાં દેશની મહેક છે. દેશનાં ઉજ્જવળ ભવિષ્યનાં આ સપનાને કેન્દ્ર સરકાર આગળ વધારી રહી છે. ભારત હવે સ્થાનિક ચીજો ખરીદે છે એટલું જ નહીં પણ ગર્વથી

## આઝાદી બાદ 600 ગણી વધી નિકાસ

- ભારતમાં વોકલ ફોર લોકલની સાથે ચીજોને ગ્લોબલ બનાવવા પર ઝડપથી કામ ચાલી રહ્યું છે.
- આ કારણસર વિશ્વનાં બજારમાં ભારતીય ચીજ વસ્તુઓ પસંદ કરવામાં આવી રહી છે. જેમ્સ-જ્વેલરી, મસાલા, કોફી, રસાયણ અને સંબંધિત ચીજો, ઇલેક્ટ્રોનિક્સ અને મોબાઇલની નિકાસ ઝડપથી વધી છે. સ્વતંત્રતા બાદ ભારતની નિકાસ 600 ગણી વધી છે.
- 1950-51માં ભારતમાંથી 1.27 અબજ ડોલરની નિકાસ થતી હતી જે 2021-22માં 676 અબજ ડોલરે પહોંચી ગઈ છે. તેમાં વસ્તુઓની નિકાસ પ્રથમ વાર આશરે 420 અબજ ડોલરનાં વિક્રમ સ્તરે પહોંચી છે. કૃષિ નિકાસે 50 અબજ ડોલર સાથે વિક્રમ સર્જ્યો છે.




### વાહન બજાર

જર્મનીને પછાડીને ભારત વિશ્વનું ચોથું સૌથી મોટું વાહન બજાર બન્યું,

**ભારત**
**37.6** લાખ વાહન વેચ્યા ભારતે 2021માં

**જર્મની**
**29.7** લાખ વાહન વેચ્યા જર્મનીએ



**“વીતેલાં કેટલાંક વર્ષોમાં તહેવારોની સાથે દેશનો એક નવો સંકલ્પ જોડાઈ ગયો છે. આ સંકલ્પ છે-‘વોકલ ફોર લોકલ’નો. હવે આપણે તહેવારોની ખુશીમાં આપણા સ્થાનિક કારીગરો, શિલ્પકારો અને વેપારીઓને પણ સામેલ કરીએ છીએ. આપણે આ અભિયાનને હજુ ઝડપી કરવાનો સંકલ્પ લેવાનો છે. ખાદી, હેન્ડલુમ, હસ્તશિલ્પ જેવી ચીજોની સાથે સાથે સ્થાનિક સામાન જરૂર ખરીદીએ. છેવટે, તો આ તહેવારનો સાચો આનંદ તો ત્યારે જ છે જ્યારે દરેક વ્યક્તિ આ તહેવારનો હિસ્સો બને એટલે સ્થાનિક ચીજોનાં કામ સાથે જોડાયેલાં લોકોને પણ આપણે મદદ કરવાની છે. એક સારી રીત એ છે કે તહેવારનાં સમયમાં આપણે જે પણ ભેટ આપીએ તેમાં આ પ્રકારની ચીજો જરૂર સામેલ કરીએ.**

- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

તેનો પ્રચાર પણ કરી રહ્યું છે. વૈશ્વિક અર્થતંત્રમાં ભારતને અગ્રેસર બનાવવા અને લોક કલ્યાણ માટે ખુદને આત્મનિર્ભર બનાવવા માટે ‘વોકલ ફોર લોકલ’ને અમૃત કાળનો મંત્ર બનાવી દીધો છે. વિદેશી ચીજવસ્તુઓને છોડીને હવે વોકલ ફોર લોકલનું સૂત્ર દરેક દિશામાં ગુંજતું દેખાઈ રહ્યું છે. નવાં ઈનોવેશન, નવી ઈચ્છાશક્તિ સાથે પોતાની તાકાતને ઓળખીને ભારત હવે આત્મનિર્ભર બનવા માટે આતુર છે. વડાપ્રધાન મોદી કહે છે, “શોપિંગ કરતી વખતે તમારી પસંદમાં કોઇ ભારતીયનાં શ્રમની, ભારતીય માટીની સુગંધ હોય એ વાતને ક્યારેય ન ભૂલતા. દર વખતે આ ત્રાજવા પર ચીજોને તોળજો અને કંઇ પણ ખરીદવાનો નિર્ણય લેતાં પહેલાં એ ત્રાજવા પર તોળીને જૂઓ કે તેમાં મારા દેશનાં મજૂરનાં પરસેવાની સુગંધ છે કે નહીં.”

કેન્દ્ર સરકાર 2014થી જ સ્થાનિક ચીજવસ્તુઓને પ્રોત્સાહન આપવાની દિશામાં કામ કરી રહી છે. સરકાર સતત પોતાની

# વૈશ્વિક બજારની પ્રથમ પસંદ




- ઈલેક્ટ્રોનિક, પેટ્રોલિયમ અને એન્જિનિયરીંગ ચીજોની નિકાસમાં ભારત અગ્રણી
- મેડ ઈન ઈન્ડિયા ઈલેક્ટ્રોનિક્સની દુનિયામાં ભારે માંગ છે. 2026 સુધી 300 અબજ ડોલર મૂલ્યનાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ તરફ ભારત અગ્રેસર
- 120 અબજ ડોલરની નિકાસનો લક્ષ્ય
- તબક્કાવાર મેન્યુફેક્ચરિંગથી મોબાઈલ ઉદ્યોગ 36 અબજ ડોલરનો થયો.
- પીએલઆઈ યોજનાથી ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રને મળી રહ્યું છે પ્રોત્સાહન




# ખાંડની નિકાસમાં વધારો

**1788**
કરોડ રૂપિયાની નિકાસ થઈ એપ્રિલ-જુલાઈ 2013-2014માં

**17,987**
કરોડ રૂપિયાની નિકાસ થઈ એપ્રિલ-જુલાઈ 2022-23માં

**એટલે કે... ખાંડની નિકાસમાં 906 ટકાનો વધારો થયો છેલ્લાં આઠ વર્ષમાં**




નીતિઓને એ રીતે કાર્યાન્વિત કરી રહી છે કે સામાન્ય લોકો સ્થાનિક સ્તરે જ ચીજો ખરીદે. એટલે કે જરૂરિયાતોની જે ચીજો ગામમાં મળે છે, તેનાં માટે તાલુકામાં જવાની જરૂર ન પડે અને જે ચીજો તાલુકામાં મળતી હોય તેનાં માટે જિલ્લાના બજારમાં જવાની જરૂર ન પડે. તેને ધ્યાનમાં રાખતા વડાપ્રધાન મોદીએ તહેવારો પહેલાં એક વાર મન કી બાત કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, "ઉત્સવ આપણાં બધાંનાં જીવનમાં એક નવી ચેતના જગાવતું પર્વ હોય છે અને ખાસ કરીને દિવાળીમાં બજારમાંથી પરિવાર દ્વારા કંઇકને કંઇક લાવવાનું હોય છે. પણ આપણે જેટલી વધુ સ્થાનિક વસ્તુઓ ખરીદીએ એટલું સારું રહેશે. મારો તો આગ્રહ હોય છે કે આપણા વણકરોનાં હાથોથી બનેલી, આપણા ખાદીવાળાનાં હાથોમાંથી બનેલી કોઇને કોઇ ચીજો આપણે ખરીદવી જોઇએ."

તાજેતરમાં જ પોતાનાં મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાને વોકલ ફોર લોકલના સંકલ્પને તહેવારો સાથે જોડીને અમૃત કાળનાં લક્ષ્યોને ધ્યાનમાં રાખીને તહેવારોની ખુશીમાં સ્થાનિક ચીજોની ખરીદીનાં તમામ રેકોર્ડ તોડવાનું આહવાન કર્યું. તેમનું કહેવું હતું, "આ સમયે આ અભિયાન ખાસ છે કારણ કે આઝાદીનાં અમૃત મહોત્સવ દરમિયાન આપણે આત્મનિર્ભર ભારતનું પણ લક્ષ્ય લઈને ચાલી રહ્યા છીએ, જે સાચા અર્થમાં આઝાદીનાં લડવૈયાઓને સાચી શ્રધ્ધાંજલિ હશે. એટલે મારી તમને વિનંતી છે કે આ વખતે ખાદી, હસ્તકળા કે હસ્તશિલ્પ ચીજો ખરીદવાનો રેકોર્ડ તોડી નાખો."

રાષ્ટ્રએ વિકાસ તરફ સફળતાપૂર્વક ડગલાં માંડતાં બતાવી આપ્યું કે ભારતની પ્રગતિમાં જ




## આત્મનિર્ભર ભારતનો મજબૂત આધાર બની ખાદી

**છેલ્લાં આઠ વર્ષમાં ખાદીની ચીજોનાં વેચાણમાં 4 ગણાથી વધુ વૃદ્ધિ થઈ**


**પ્રથમ વાર ખાદી ગ્રામોદ્યોગ પંચનો બિઝનેસ એક લાખ કરોડ રૂપિયાથી વધુ થયો**

રોજગાર.....છેલ્લાં આઠ વર્ષમાં 1.75 કરોડ નવાં રોજગારનું સર્જન થયું

**એક લાખ કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ કરનાર પ્રથમ એફએમસીજી કંપની**




વૃધ્ધિ... **આઠ વર્ષમાં 248% ની વૃધ્ધિ**



વિશ્વની પ્રગતિ સમાયેલી છે અને વિશ્વ કલ્યાણનાં માર્ગ પર અટલ છે. તેનું પરિણામ એ આવ્યું કે તહેવારોની આ મોસમમાં સ્વદેશી ચીજો તરફ લોકોનો ઝુકાવ વધી રહ્યો છે. દેશમાં નિર્મિત વસ્તુઓની નિકાસમાં સતત વધારો થઈ રહ્યો છે. ભારત આજે પોતાની જરૂરિયાતો પૂરી કરવામાં સક્ષમ છે એટલું જ નહીં પણ વિશ્વને મદદ કરવાની બાબતમાં ભારતની છબી રામાયણનાં હનુમાનની જેવી છે જે સંકટમોચકનાં રૂપમાં વિશ્વને દરેક સમસ્યાનો ઉકેલ આપવા તત્પર છે. તેમાં ભારતની યુવા ક્ષમતા અત્યંત મહત્વની છે કારણ કે ભારતની 65 ટકા વસતિ 35 વર્ષથી ઓછી ઉંમરની છે. ભારતની વસતિ જ તેની સંપત્તિ છે. એ સંપત્તિને કારણે ભારત વિજ્ઞાન-ટેકનોલોજીનાં અનોખા સંગમથી દરેક ક્ષેત્રમાં હંમેશા નવા નવા પ્રયોગ કરે છે.

**લોકલમાંથી ગ્લોબલ બન્યા સ્વદેશી ઉત્પાદન**

ભારત સમસ્યાને કઈ રીતે તકમાં બદલે છે તેનું ઉદાહરણ એ છે કે કોરોના કાળમાં વિશ્વનાં 150થી વધુ દેશોને દવા ઉપલબ્ધ કરાવવાની સાથે સાથે પીપીઈ કિટ, એન-95 માસ્ક પૂરા પાડ્યા. પહેલાં ભારતમાં કિટ અને માસ્કનું ઉત્પાદન નહિંવત હતું પણ હવે તે વિશ્વનો બીજો મોટો નિકાસકાર દેશ બની ગયો છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ કહે છે, “આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલ ભવિષ્ય માટે સ્વાભાવિક પહેલ છે. ભારત એવાં અર્થતંત્રનું નિર્માણ કરી રહ્યું છે જ્યાં ગુણવત્તા ધરાવતી ચીજો મોટાં પાયા પર બનશે, જેથી દેશ વધે વધુ આત્મનિર્ભર બની શકે. પહેલાં આપણે પીપીઈ કિટ, માસ્ક બહુ ઓછી માત્રામાં બનાવતા હતા પણ હવે તેની નિકાસ કરવા લાગ્યા છીએ.”

ભારતે આ મુશ્કેલ સમયમાં પણ કઈ રીતે વોકલ ફોર લોકલનાં મંત્રથી સ્વદેશી ચીજવસ્તુઓને ગ્લોબલ બનાવી છે તેની સાબિતી આંકડા આપે છે. કૃષિ ક્ષેત્રની નિકાસમાં અદભૂત પ્રગતિ થઈ છે, તો પ્રથમ વાર એવું બન્યું કે સંરક્ષણ ક્ષેત્રમાં શસ્ત્રો માટે બીજાં દેશો પર નિર્ભર ભારત હવે શસ્ત્રોનાં ટોચનાં 25 નિકાસકારોમાં સામેલ થઈ ગયું છે. ભારત વિશ્વનાં 100થી વધુ દેશોને

## ચોખાનો બીજો સૌથી મોટો ઉત્પાદક

- વિશ્વમાં ભારત ચોખાનો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. ખેડૂત કલ્યાણ સાથે સંકળાયેલી સરકારની નીતિઓ અને નવાં બિયારણની ઉપલબ્ધતાને કારણે 2021-22માં આશરે 1303 લાખ ટન ચોખાનું ઉત્પાદન થયું.

## રસાયણની નિકાસ 106 % વધી

- રસાયણ અને સંબંધિત ચીજોનાં મામલામાં ભારત વિશ્વનું છઠ્ઠું અને એશિયાનું ત્રીજું સૌથી મોટું ઉત્પાદક છે. ભારતીય રસાયણની નિકાસ 2013-14ની સરખામણીમાં 2021-22માં 106% વધી છે. 2021-22માં ભારતે 4,98,691 કરોડ રૂપિયાનાં રસાયણ અને સંબંધિત ચીજોની નિકાસ કરી છે.

## જેમ્સ-જ્વેલરીની નિકાસ નવ ગણી વધી

- ભારત હીરા અને ચાંદીના જવેરાતની નિકાસનાં મુદ્દે પ્રથમ ક્રમે છે. વર્ષ 2021-22માં 2,91,481 કરોડ રૂપિયાની જેમ્સ-જ્વેલરીની નિકાસ થઈ હતી, જ્યારે 2000-01માં નિકાસનો આંક 33,734 કરોડ રૂપિયા હતો.




## સ્થાનિક વિમાન મુસાફરીમાં 67 ટકાનો વધારો

જાન્યુઆરી-ઓગસ્ટ 2021માં 4.6 કરોડ પ્રવાસી,
જાન્યુઆરી-ઓગસ્ટ 2022માં 7.7 કરોડ પ્રવાસી

## સંરક્ષણ ક્ષેત્રઃ નિકાસમાં વિક્રમ

- 2014-15માં સંરક્ષણ નિકાસ 1940 કરોડ રૂપિયાથી વધીને 2021-22માં 13,000 કરોડ રૂપિયા થઈ એટલે કે 570 ટકાનો વધારો. (અમેરિકા, ફિલિપાઈન્સ, દક્ષિણ-પૂર્વ એશિયા, મધ્યપૂર્વ અને આફ્રિકાનાં દેશોમાં નિકાસ)
- મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન, 2 ડિફેન્સ કોરિડોર બનાવવામાં આવી રહી છે. સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે ઈનોવેશન ફોર ડિફેન્સ એક્સલન્સ (iDEX) લોંચ કરવામાં આવ્યું. 300થી વધુ પ્રકારનાં ઉપકરણોની આયાત પર પ્રતિબંધ.




આંતરરાષ્ટ્રીય માપદંડનાં બુલેટપ્રુફ જેકેટની નિકાસ કરે છે. 2014 સુધી દેશમાં મોબાઇલ ઉત્પાદનનાં માત્ર બે જ એકમો હતો અને છ કરોડ મોબાઈલ બનતા હતા, પણ છેલ્લાં કેટલાંક વર્ષોમાં મોબાઈલ ઉત્પાદનનાં 200 એકમો કામ કરે છે. ભારત પહેલાં મોબાઈલની આયાત કરતો હતો હવે હજારો કરોડ રૂપિયાનાં મોબાઈલની નિકાસ કરનાર દેશ બની ગયો છે.

એપ્રિલ-ઓગસ્ટ 2022માં કુલ નિકાસ (વેપાર અને સેવાઓ) છેલ્લાં વર્ષનાં આ સમયગાળાની સરખામણીમાં 19.7 ટકા વધી છે. નોન-પેટ્રોલિયમ અને નોન જેમ્સ એન્ડ જ્વેલરી નિકાસ એપ્રિલ-ઓગસ્ટ 2022માં ગયા વર્ષનાં સમાન સમયગાળાની સરખામણીમાં 8.5 ટકા વધીને 135.6 અબજ ડોલર થઈ. ગયા વર્ષનાં સમાન સમયગાળાની સરખામણીમાં ઓગસ્ટ 2022માં વાણિજ્યિક નિકાસ 1.6 ટકા વધીને 33.9 અબજ ડોલર થઈ. ખોળ (73.7 ટકા), ઇલેક્ટ્રોનિક સામાન (50.8 ટકા) અને ચોખા (43.6 ટકા)ની નિકાસમાં ઓગસ્ટ 2022 દરમિયાન ગયા વર્ષનાં સમાન સમયગાળાની સરખામણીમાં ઊંચો વધારો સૂચવે છે.

### એમએસએમઈ સેક્ટર આત્મનિર્ભરતાની ઊડાન ભરી રહ્યું છે

ભારત જ્યારે આત્મનિર્ભરતાની વાત કરે છે ત્યારે આત્મકેન્દ્રિત અર્થતંત્રની વકીલાત નથી કરતું. કોવિડ કાળમાં 12 મે, 2020નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપત્તિને અવસરમાં બદલતાં દેશને આત્મનિર્ભર બનાવવાનો સંકલ્પ લીધો ત્યારે તેમનો સંદેશો સ્પષ્ટ હતો, 'ભારતનાં લક્ષ્યો અને તેનાં કાર્યોની અસર, વિશ્વ કલ્યાણ પર પડે

## મેન્યુફેક્ચરિંગમાં **દેશને** આત્મનિર્ભર બનાવવાની પહેલ

### પીએલઆઇ યોજનાઓઃ મેક ઇન ઇન્ડિયા

- ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી હાર્ડવેર, ઓટોમોબાઈલ, મોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, ઈવી બેટરી સહિત 14 સેક્ટર્સમાં 1.97 લાખ કરોડ રૂપિયા મંજૂર.
- ભારતમાં લઘુતમ ઉત્પાદન પાંચ વર્ષમાં 500 અબજ ડોલરથી વધુ થવાનો અંદાજ છે.

### એક જિલ્લો-એક ઉત્પાદન



પ્રત્યેક જિલ્લાની ચીજોને વૈશ્વિક બનાવવા પર ભાર

**700** થી વધુ જિલ્લાની લગભગ 140 ચીજો, ફળ, શાકભાજી, બેકરી, આઇટમ વગેરે

- તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વસ્તુની ડિટેલ માટે જીઆઈએસ ડિજિટલ મેપ
- ગ્રામીણ વિસ્તારોમાં રોજગારની તકો પૂરી પાડવી અને સામાજિક-આર્થિક-સાંસ્કૃતિક વિકાસને પ્રોત્સાહન.


## દૂધનું સૌથી મોટું ઉત્પાદક ભારત

- દૂધનાં ઉત્પાદનમાં 23 ટકા ભાગીદારી સાથે દૂધનો સૌથી મોટો ઉત્પાદક. દેશમાં 1975માં 1.7 કરોડ ટન દૂધનું ઉત્પાદન થતું હતું, જે 2021માં 20.99 કરોડ ટને પહોંચ્યું હતું. દૂધની પ્રતિ વ્યક્તિ દૈનિક ઉપલબ્ધતા પણ આ સમયગાળામાં 130 ગ્રામથી વધીને 427 ગ્રામ થઈ છે.



છે. આત્મનિર્ભર ભારત પેકેજ અંતર્ગત 20.97 લાખ કરોડ રૂપિયાનું પેકેજ માત્ર એક નાણાકીય રકમ નથી પણ એક રોડ મેપ હતો, જેનાં પર ભારત નીકળી પડ્યું છે અને તહેવારોની આ મોસમમાં તેની ઝલક દેખાવા માંડી છે. આ પેકેજનું લક્ષ્ય ખાસ કરીને કુટીર ઉદ્યોગ, ગૃહ ઉદ્યોગ, લઘુ, મધ્યમ અને નાના (એમએસએમઈ) એકમો હતાં, જે કરોડો લોકોની આજીવિકાનું સાધન પણ છે અને ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ પણ છે. આ આર્થિક પેકેજ દેશનાં એ શ્રમિકો, ખેડૂતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું હતું જે દરેક મોસમમાં દેશવાસીઓ માટે દિવસ રાત મહેનત કરે છે. ભારતનાં આર્થિક સામર્થ્યને મજબૂત બનાવવા માટે સંકલ્પિત ઉદ્યોગ જગતને જે માર્ગ મળ્યો, તેનાં પરિણામે ભારતમાં રોકાણ વધી રહ્યું છે.

એમએસએમઈ સેક્ટર રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પને નવી ઊંચાઈ આપી રહ્યું છે. લઘુ ઉદ્યોગ ભારતીય અર્થતંત્રનો મજબૂત સ્તંભ બનીને ઉપસી આવ્યો છે. દેશનાં લઘુ




## આદિવાસી ચીજોને વૈશ્વિક બનાવવાની પહેલ

- 140થી વધુ ટ્રાઈફેડનાં આઉટલેટ દ્વારા આદિવાસી ચીજવસ્તુઓનું માર્કેટિંગ. છેલ્લાં છ વર્ષમાં 10.5 લાખ કારીગરોને રોજગાર. તેમાંથી 50 ટકાથી વધુ લાભાર્થી મહિલા કારીગર છે.

## મધની નિકાસ

### ભારતમાં મીઠી ક્રાંતિ



મધની નિકાસ

**257%**

નો વધારો થયો આઠ વર્ષમાં

**નિકાસ**

**194** કરોડ રૂપિયા એપ્રિલ-જુલાઇ 2013-14

**692** કરોડ રૂપિયા એપ્રિલ-જુલાઇ 2022-23

**ઉત્પાદન**

2013-14માં 28,378 મેટ્રીક ટન હતું, જે 2022-23માં 74,413 મેટ્રીક ટન થયું



ઉદ્યોગનાં સર્વગ્રાહી વિકાસને પ્રોત્સાહન આપીને આત્મનિર્ભર ભારતનું નિર્માણ થઈ રહ્યું છે. ઉત્તરપ્રદેશનાં આગ્રાનાં સુમિત પોતાનું નાનું ઔદ્યોગિક એકમ ચલાવે છે. સુમિતકુમાર કહે છે, બે લાખ રૂપિયાથી કામ ચાલુ કર્યું. બજારમાં માંગ વધી રહી હતી. બેન્ક લોન આપવા તૈયાર નહોતી તો એમએસએમઇ પાસેથી 4.11 લાખ રૂપિયાની લોન મળી. આજે મારું છ મહિનાનું ટર્નઓવર રૂ. 25-30 લાખે પહોંચી ગયું છે. આ જ રીતે મહારાષ્ટ્રનાં અહમદનગરનાં નેક્સસ લર્નિંગ પ્રાઈવેટ લિમિટેડનાં સંચાલક મતીન જહાગીરદાર કહે છે, ઉદ્યમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન બાદ મને સરકારી યોજનાઓનો લાભ મળ્યો. જેમ કે ઈએમડીમાં મુક્તિ, કાર્ય અનુભવમાં છૂટ, ટર્નઓવરમાં છૂટ વગેરે. આનાંથી મારી કંપનીને આગળ વધવામાં ખૂબ ફાયદો થયો. આ જ રીતે, શ્વેતા હરીશને એમએસએમઈની સરકારી ટીમ પાસેથી મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપવામાં મદદ મળી. તે કહે છે, “એમએસએમઇ ટીમે અમને મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપવાથી માંડીને અંત સુધી મદદ કરી. તેમણે અમને ઇન્ડસ્ટ્રી રજીસ્ટ્રેશન કરાવવામાં પણ મદદ કરી, જેને કારણે મને લોન લેવામાં મુશ્કેલી ન નડી. ઉદ્યમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન બાદ ગેરંટીમુક્ત લોન મળી. તેમણે અમને તમામ યોજનાઓ અંગે બધી જ માહિતી આપી.” જુલાઈ 2020માં ઉદ્યમ પોર્ટલની શરૂઆત થઈ હતી અને તાજેતરમાં જ 2 ઓગસ્ટ સુધી આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવનારાઓની સંખ્યા એક કરોડને પાર થઈ ગઈ છે. આ એ વાતનો સંકેત છે કે એમએસએમઇ સેક્ટરને કેન્દ્ર સરકાર કઈ રીતે મદદ કરીને રાષ્ટ્ર નિર્માણની ગતિને મજબૂતી પૂરી પાડી રહી છે.

## એક જિલ્લા-એક ઉત્પાદનથી લોકલ થઈ રહ્યું છે ગ્લોબલ

વડાપ્રધાન મોદીનાં નેતૃત્વમાં કૃષિ ક્ષેત્રમાં કરવામાં આવેલા મજબૂત સુધારાની અસર જોવા મળી રહી છે અને આ ક્ષેત્રમાંથી દેશ માટે મોટાં સમાચાર આવી રહ્યા છે. મહામારી છતાં કૃષિ ક્ષેત્રમાં દેશનાં ખેડૂતો અને કૃષિ ચીજોની નિકાસે કમાલ કરી બતાવી છે. વડાપ્રધાન મોદીની યોજના-એક

## ભારત બની વિશ્વની ફાર્મસી, નિકાસ 146 ટકા વધી

- ભારતનો ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ જથ્થાનાં સંદર્ભમાં વિશ્વમાં ત્રીજા ક્રમે છે. જેનેરિક દવાઓની વૈશ્વિક નિકાસનો લગભગ 20 ટકા હિસ્સો ભારત દ્વારા પૂરો કરવામાં આવે છે. 500થી વધુ વિવિધ ફાર્માસ્યુટિકલ સામગ્રી (એપીઆઇ) દેશમાં નિર્મિત થઈ રહી છે. સેરાવેકઃ સર્વાઇકલ કેન્સરને અટકાવવા માટે ભારતની પ્રથમ સ્વદેશી બનાવટની રસી
- એપ્રિલ-ઓગસ્ટ 2013-14માં 26,814 કરોડ રૂપિયાની નિકાસ થઈ, તો એપ્રિલ-ઓગસ્ટ 2022માં 64,320 કરોડ રૂપિયાની નિકાસ થઈ.



**રબર અને રબરમાંથી બનેલી ચીજોની માંગ અને નિકાસમાં એપ્રિલ-ઓગસ્ટ 2013ની સરખામણીમાં 2022માં આ સમયગાળામાં અઢી ગણો વધારો નોંધાવવામાં આવ્યો. 2013-14માં આ સમયગાળામાં 6,337 કરરોડની ચીજોની નિકાસ થઈ હતી, જે 2022માં વધીને 16,340 કરોડને પાર થઈ ગઈ છે.**

**એપ્રિલ-ઓગસ્ટ 2013-14ની સરખામણીમાં 2022-23માં સમાન સમયગાળામાં ઇલેક્ટ્રિક મશીનરી અને ઉપકરણની નિકાસમાં ત્રણ ગણો વધારો. પહેલાં રૂ. 24,884 કરોડની નિકાસ અને હવે રૂ. 82,639 કરોડની નિકાસ થઈ રહી છે.**

### મોબાઇલની આયાતમાંથી નિકાસ સુધી

**ભારત વિશ્વનો બીજા ક્રમનો મોબાઇલ ઉત્પાદક છે. 8 વર્ષમાં 200થી વધુ ઉત્પાદન એકમો સ્થાપવામાં આવ્યા. મોબાઇલની આયાત કરનાર ભારતે આઠ વર્ષમાં (2021-22) 5.5 અબજ ડોલરની મોબાઇલ નિકાસ કરી. એપ્રિલ-જૂન 2021-22માં ભારતમાંથી મોબાઇલની નિકાસ 250 ટકા વધી.**



જિલ્લો એક ઉત્પાદને તેમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. દેશમાં પ્રથમ વાર અનેક ક્લસ્ટર્સમાંથી નિકાસ થઈ છે. ઉદાહરણ તરીકે, વારાણસીથી તાજાં શાક અને ચંદૌલીથી કાળા ચોખાની પ્રથમ વાર નિકાસ થઈ છે. આનાથી એ વિસ્તારનાં ખેડૂતોને સીધો લાભ થયો છે. આ ઉપરાંત દેશનાં અન્ય ક્લસ્ટર્સ જેમ કે નાગપુરના સંતરા, અનંતપુરનાં કેળા, લખનઉની કેરી વગેરેની પણ નિકાસ થઈ છે. ભારતીય કૃષિ ચીજોની આ સફળતામાં પ્રથમ વાર નિકાસ કરવામાં આવતી ચીજોએ મહત્વની ભૂમિકા ભજવી છે. આ એવી ચીજો છે જેને પ્રથમ વાર દેશની બહાર મોકલવામાં આવી રહી છે અને પોતાની ગુણવત્તાને કારણે વિદેશી બજારોમાં ધૂમ મચાવી દીધી છે. કૃષિ ચીજોની નિકાસમાં નોંધપાત્ર વધારાનું મોટું કારણ એ પણ છે કે મહામારી છતાં મલ્ટીમોડલ મોડ, માર્કેટ લિન્કેજ માટે વિભાગ, પાક લેવાયા પછી વેલ્યુ ચેઇનનો વિકાસ, અને કિસાન ઉત્પાદક સંઘ (એફપીઓ) જેવી પહેલથી પૂર્વોત્તર સુધીના ખેડૂતો પણ પોતાની ચીજોને વિદેશી બજાર

## મેક ઇન ઇન્ડિયા

- આઠ વર્ષ પૂરા થયા. 2014થી જ ભારતને મેન્યુફેક્ચરિંગ હબ બનાવવામાં મેક ઈન ઈન્ડિયાની મોટી ભૂમિકા. આ પહેલમાં 27 સેક્ટરને જોડવામાં આવ્યાં છે.

**આત્મનિર્ભરતા-ઓક્સફર્ડ ડિક્શનરીનો 2020નો મહત્વનો હિન્દી શબ્દ બન્યો.**

# નિકાસ વધારવાના પીએમ મોદીના ચાર મંત્ર

**નિકાસને વધારવી અને આયાતને ઘટાડવી એ આત્મનિર્ભર ભારતનો મહત્વનો પ્રયત્ન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેનાં માટે ચાર પરિબળો પર ભાર મૂકે છે, જેનાંથી નિકાસમાં વધારો ભારતીય અર્થતંત્રને મજબૂતી આપી રહ્યો છે.**

- પ્રથમ-દેશમાં મેન્યુફેક્ચરિંગ અનેક ગણું વધ્યું અને ગુણવત્તાપૂર્ણ હરીફાઇ હોવી જોઇએ, આજે વિશ્વમાં એક એવો વર્ગ તૈયાર થયો છે જે કિંમત કરતા વધુ ફોકસ ગુણવત્તા પર કરે છે.
- બીજું- ટ્રાન્સપોર્ટની લોજિસ્ટિક્સ સમસ્યા દૂર થાય. તેમાં રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને જે પણ ખાનગી કંપનીઓ છે તેમણે પોતાની ભૂમિકા ભજવવી પડશે,
- ત્રીજું- નિકાસકારો સાથે ખભેથી ખભો મેળવીને કામ કરે જ્યાં રાજ્યની નિકાસ પરિષદ ન હોય અને વેપારી પોતાની રીતે નિકાસ કરતો હોય તો જે પરિણામ મળવું જોઇએ તે નથી મળતું. એટલાં માટે, બધાંએ સાથે મળીને પ્રયત્ન કરવો પડશે.
- ચોથું- આ ચારેય પરિબળો ભારતીય ચીજો માટે ભેગાં થશે તો ભારતનું લોકલ ગ્લોબલ બનશે અ મેક ઇન ઇન્ડિયા-મેક ફોર ધ વર્લ્ડનાં લક્ષ્યને સારી રીતે હાંસલ કરી શકાશે. ભારતે પોતાની લાંબા ગાળાની દ્રષ્ટિ સાથે આ ચારેય મંત્રોને સાકાર કર્યા અને આજે નિકાસનાં ક્ષેત્રમાં ભારતની ઉલ્લેખનીય વૃધ્ધિ અર્થતંત્રને મજબૂતી આપી રહી છે.

**વિકાસનાં માર્ગે આગળ વધતાં ભારતે તેનાં ઉત્પાદન અને નિકાસ બંનેને પ્રોત્સાહન આપવું પડશે. કોવિડ બાદ ઉપસેલી નવી આર્થિક પરિસ્થિતિમાં મેક ઇન ઇન્ડિયાને સ્થાપિત કરવા માટે દેશે પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવની પણ જાહેરાત કરી. આ યોજનાથી જે પરિવર્તન આવ્યું છે તેનું ઉદાહરણ ઇલેક્ટ્રોનિક ઉત્પાદન ક્ષેત્ર છે. પહેલાં આપણે લગભગ આઠ અબજ ડોલરનાં મોબાઇલ ફોન આયાત કરતા હતા. હવે આયાત તો બહુ ઘટી ગઈ છે, આજે આપણે ત્રણ અબજ ડોલરનાં મોબાઇલ ફોનની નિકાસ કરીએ છીએ.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

સુધી પહોંચાડવામાં સફળ રહ્યા છે. જો ભારતીય ચીજો વિશ્વ બજારમાં છવાવાનાં આ પ્રારંભિક સંકેતો જોઇએ તો ભારતનો ખેડૂત હવે દેશનું જ નહીં, વિશ્વનું પણ પેટ ભરવાની તાકાત બતાવી રહ્યો છે.

આટલું જ નહીં, ભારતીય ચીજોની વિશ્વમાં શાન વધી રહી છે અને જીઆઇ ટેગને કારણે તેને વૈશ્વિક ઓળખ મળી રહી છે. ભારત સરકારનાં પ્રયત્નોથી દેશમાં અનેક ચીજોને જીઆઇ ટેગ મળ્યો છે. તાજેતરમાં જ મિથિલાંચલનાં મખાનાને આ ટેગ મળ્યો છે, જેનાથી મિથિલાનાં મખાનાને વિશ્વમાં નવી ઓળખ મળશે અને તેની માંગ પણ વધશે.

વોકલ ફોર લોકલનાં મંત્ર સાથે દેશને નવી ઊંચાઈ પર લઈ જવાનો 130 કરોડ ભારતીયોનો સંકલ્પ સ્થાનિક ચીજો અને બજારને પ્રોત્સાહન આપી રહ્યો છે એટલું જ નહીં પણ દેશની અનેક ચીજોને ગ્લોબલ બનાવી દીધી છે. આત્મબળ અને આત્મવિશ્વાસથી સભર યુવાનોએ આત્મનિર્ભરતાને શક્ય કરી બતાવ્યું છે. દેશ દરેક શ્રેત્રમાં ઝડપથી આત્મનિર્ભરતા તરફ વધી રહ્યો છે, તો આગળ વધી રહેલાં ભારતની ચમક સમગ્ર વિશ્વને પ્રકાશમાન કરી રહી છે. ભારતની દીર્ઘદ્રષ્ટિ અને મજબૂત નેતૃત્વનાં

# ઝડપથી વધી રહી છે કપડાંની નિકાસ

વસ્ત્ર ઉદ્યોગ ભારતનો સૌથી જૂનો અને વ્યાપક ઉદ્યોગ છે. રોજગાર ઉપલબ્ધ કરાવવામાં કૃષિ બાદ બીજો સૌથી મોટો ઉદ્યોગ કાપડ છે. ભારત એક જમાનામાં વિશ્વમાં ઉચ્ચ સ્તરનું મલમલ, કેલિકો, છીંટ અને અન્ય પ્રકારની ગુણવત્તા ધરાવતા સુતરાઉ વસ્ત્રોનાં ઉત્પાદન માટે પ્રસિધ્ધ હતું. અંગ્રેજો આવ્યા તો તેમણે આ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાને બદલે કાચા કપાસને માન્ચેસ્ટર અને લિવરપુલ સ્થિત પોતાની મિલોમાં નિકાસ કરી દેતાં હતાં. અને ત્યાં બનનાર માલને વેચવા ભારત મોકલતા હતા. જે મિલો 1854થી શરૂ થઈને આઝાદી સુધી સ્થપાઇ તે મિલોને ભારત-પાકિસ્તાનનાં ભાગલા બાદ કાચા માલની સમસ્યા નડવા માંડી. દેશમાં ધીમે ધીમે કાપડ ઉદ્યોગને સ્થિર કરવામાં આવ્યો અને હવે ઝડપથી આગળ વધી રહ્યો છે. સરકારનાં પ્રયત્નોથી 2020-2021માં 29.88 અબજ ડોલરની નિકાસ થઈ હતી, જે 2021-22માં વધીને 42.35 અબજ ડોલર થઈ ગઈ છે. એક વર્ષમાં આ 42 ટકા વધારો છે. કાપડનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને વેલ્યુ ચેઇનને પ્રોત્સાહન આપવા માટે 10,683 કરોડનાં ખર્ચની પીએલઆઇ યોજનાને પાંચ વર્ષ માટે મંજૂરી આપવામાં આવી છે. સરકાર કાપડ ક્ષેત્રનાં સર્વાંગી વિકાસ માટે નવી કાપડ નીતિ બનાવી રહી છે.

## હસ્તનિર્મિત ગાલીચા સહિત હસ્તશિલ્પનાં નિકાસમાં વધારો

| વર્ષ | નિકાસ (કરોડ રૂપિયામાં) |
|---|---|
| 2019-20 | 37,070 |
| 2020-21 | 39,490 |
| 2021-22 | 49,385 |

## ભારતીય રમકડાંની માંગ નવી ઊંચાઇ પર

**આયાત**

**70% નો ઘટાડો**

**2018-19માં 371 મિલિયન ડોલરની આયાત, જે 2021-22માં ઘટીને 110 મિલિયન ડોલર થઈય**

**નિકાસ**

**61% નો વધારો**

**2018-19માં 202 મિલિયન ડોલરની નિકાસ, 2021-22માં 326 મિલિયન ડોલરની થઈ.**

## વિશ્વનાં બજારમાં ભારતીય કોફીની એક અબજ ડોલરની નિકાસ

7 મું કોફી ઉત્પાદક


7 મો સૌથી મોટો કોફી ઉત્પાદક દેશ છે ભારત. ભારતીય કોફી વિદેશોમાં પસંદ કરવામાં આવે છે.

**6 દાયકામાં ભારતની કોફી નિકાસ 19.7 હજાર ટનથી વધીને 2020-21માં 2.45 લાખ ટન થઈ છે. 2020-21માં પ્રથમ વાર કોફીની નિકાસે એક અબજ ડોલરનો આંક પાર કર્યો છે.**



નિર્ણયોને કારણે દેશની લોકલ ચીજો હવે ગ્લોબલ બજારમાં ધાક જમાવી રહી છે. વાસ્તવમાં, આત્મનિર્ભર ભારતનો આ વિચાર કોઇ પણ શાસન વ્યવસ્થા કે રાજનેતાનો વિચાર નથી. આજે હિન્દુસ્તાનનાં દરેક ખુણામાં વોકલ ફોર લોકલની ગુંજ છે અને લોકો હાથ લગાવીને વસ્તુઓમાં લોકલ શોધી કાઢે છે, તો આ આત્મગૌરવનું પ્રતીક છે. મસાલા, કેરી, સફરજન, મખાના કે અન્ય કૃષિ ચીજો વિશ્વમાં જાણીતી બની રહી છે. યુપીની કેરી, કાશ્મીરનું કેસર, આંધ્રપ્રદેશનું મરચું. તામિલનાડુની હળદર જાણીતી છે. લોકલથી ગ્લોબલ બની ચૂકેલી ભારતીય ચીજોએ દેશની જનતાને દેશમાં બનેલી ચીજો અને દેશમાં જ ઉત્પાદન કરવાનો સંદેશ આપ્યો છે. તેનો હેતુ દેશના અર્થતંત્રને મજબૂત કરવાનો અને તેને આત્મનિર્ભર બનાવવાનો છે.


આવો, આ તહેવારમાં ખરીદીએ લોકલ ચીજો અને ભારતીય ચીજોની વૈશ્વિક ઓળખને મજબૂત બનાવીએ. ●




## ભારત ઘઉંનું બીજું સૌથી મોટું ઉત્પાદક

**વર્ષ 2021-22માં 1068.4 લાખ ટન ઘઉંનું ઉત્પાદન થયું. આ દરમિયાન 70 લાખ ટન ઘઉંની નિકાસ થઈ.**

(*આંકડા લાખ ટનમાં)






## 30 વર્ષમાં 15 ગણી વધી ભારતીય મસાલાની નિકાસ

- ભારતીય મસાલાની વિદેશમાં ખૂબ માંગ છે. 1990-91માં 1.03 લાખ ટન મસાલાની નિકાસ થઈ હતી, જે 2020-21માં 16.07 લાખ ટન થઈ છે. આ વૃદ્ધિ 15 ગણાથી વધુ છે.
- આ જ રીતે પૈસાની વાત કરીએ તો 1990-91માં 239 કરોડ રૂપિયાનાં મસાલાની નિકાસ થઈ હતી, જે 2020-21માં વધીને 29,529 કરોડ રૂપિયા થઈ છે.

# દરેક કામ, દેશને નામ



**વડાપ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લાં 21 વર્ષથી લોકશાહી રીતે ચૂંટાયેલી સરકારનાં વડા તરીકે જવાનો સાથે દિવાળી મનાવવાની પરંપરા જાળવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દરેક વખતે જવાનો સાથે દિવાળી મનાવી કારણ કે તેઓ દેશનાં જવાનોને પોતાનો પરિવાર માને છે. આ જવાનો મા ભારતીના જીવંત સલામતી કવચ છે. તેમની ફરજ અને જુસ્સો દેશનાં 130 કરોડ લોકોને વિશ્વાસ અપાવે છે અને તેથી જ તેઓ નિરાંતની ઊંઘ લઈ શકે છે. તેમનાં પરાક્રમથી આપણાં તહેવારો ઉજળા બને છે....**

જ્યારે આપણે તહેવારો દરમિયાન પરિવાર સાથે ખુશીઓ મનાવી રહ્યા હોઈએ છીએ ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર વર્ષે સશસ્ત્ર દળો સાથે એવી જ ભાવનાથી દિવાળી મનાવે છે, જાણે પોતાના પરિવારજનો સાથે દિવાળી મનાવતા હોય. બંધારણીય હોદ્દો સંભાળ્યા બાદ તેમણે પોતાની તમામ દિવાળી દેશનાં સરહદ પર તૈનાત સશસ્ત્ર દળોનાં જવાનો સાથે મનાવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે રાષ્ટ્ર રક્ષાનો અર્થ છે રાષ્ટ્રીય જીવંતતાનું રક્ષણ, રાષ્ટ્રીય એકતાનું રક્ષણ અને રાષ્ટ્રીય અખંડિતતાનું રક્ષણ. એટલાં માટે જ તેમને વિશ્વાસ છે કે જવાનો સાથે શૌર્યની પ્રેરણાથી તેઓ ભારતને ઊંચાઈ સુધી લઈ જશે. એટલાં માટે જ તેમને દેશનાં રક્ષકોનાં યુનિફોર્મમાં માત્ર મજબૂત તાકાતનાં જ દર્શન નથી થતાં પણ જ્યારે તેઓ તેમને જૂએ છે ત્યારે તેમનાં સેવાભાવ, અડગ સંકલ્પશક્તિ અને અતુલનીય સંવેદનશીલતાનાં દર્શન થાય

# જવાનો સાથે 21 વર્ષથી દરેક દિવાળી મનાવે છે વડાપ્રધાન નરેન્દ્ર મોદી

**દરેક વ્યક્તિનું મન કરે કે તે પોતાનાં પરિવારનાં સભ્યો સાથે દિવાળી મનાવે. મારું પણ મન કરે છે કે હું મારા પરિવાજનો સાથે દિવાળી મનાવું અને એટલાં માટે દરેક દિવાળી હું મારા પરિવારજનો સાથે મનાવવા માટે આવું છું, કારણ કે તમે મારા પરિવારજનો છો, હું તમારા પરિવારનો સાથી છું. હું અહીં વડાપ્રધાન તરીકે નથી આવ્યો. હું તમારા પરિવારના સભ્ય તરીકે આવ્યો છું.** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



## 4 નવેમ્બર, 2021


**વડાપ્રધાન નરેન્દ્ર મોદી સેનાનાં જવાનો સાથે દિવાળી મનાવવાની પરંપરાને યથાવત રાખતા જમ્મુ-કાશ્મીરનાં નૌશેરા સેક્ટરમાં સૈનિકો વચ્ચે પહોંચ્યા. ત્યાં તેમણે જવાનો સાથે દિવાળી ઊજવી અને પોતાનાં હાથોથી તેમનું મોં મીઠું કરાવ્યું. સાથે સાથે, દેશનાં દુશ્મનોને જડબાંતોડ સંદેશો પણ આપ્યો.**



## 14 નવેમ્બર, 2020

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેનાનાં જવાનો સાથે દિવાળી મનાવવાની પરંપરાને જાળવતા ભારતની અગ્રીમ સરહદ પોસ્ટ લોંગેવાલામાં જવાનો સાથે દિવાળી મનાવી અને તેમની સાથે વાતચીત કરી. ત્યાં તેમણે જણાવ્યું કે, તેમની દિવાળી ત્યારે જ પૂરી થાય છે જ્યારે તેઓ જવાનો સાથે હોય છે, પછી એ બરફથી ઢંકાયેલા પહાડ હોય કે રેગિસ્તાન.**

છે. દેશનાં વીર પુત્રો અને પુત્રીઓ દ્વારા રાષ્ટ્રની સેવા કરવામાં આવી રહી છે અને આ એવું સૌભાગ્ય છે, જે દરેક વ્યક્તિને નથી મળતું. ભારતીય જવાનો માટે સેનામાં આવવું એ માત્ર એક નોકરી નથી. પહેલી તારીખે પગાર આવી જાય એટલાં માટ તેઓ સેનામાં નથી જોડાતા. પણ તેમનાં માટે સેનામાં આવવું એ સાધના છે. એવી સાધના જે ક્યારેક ઋષિ-મુનીઓ કરતા હતા. એ જ રીતે, પીએમ મોદી તમામ જવાનોની અંદર સાધકનું રૂપ જૂએ છે, જે ભારત માતાની સાધના કરતા હોય છે. એક બાજુ આપણી સેનાઓમાં આકાશને આંબતું શૌર્ય છે, તો બીજી બાજુ તેમનાં હૃદયમાં માનવતા અને કરૂણાનો સાગર પણ છે. આ કારણસર જ આપણી સેનાઓ માત્ર સરહદ પર જ પોતાનું પરાક્રમ નથી બતાવતી પણ દેશને જરૂર પડે ત્યારે તમામ પ્રકારની કટોકટી, બિમારી, આપત્તિઓ, મહામારીથી દેશવાસીઓને બચાવવા માટે મેદાનમાં ઉતરી પડે છે. જ્યાં કોઇ ન પહોંચી શકે ત્યાં ભારતની સેનાઓ પહોંચી જાય છે. આજે સેના ભારતનો અતૂટ વિશ્વાસ બની ગઈ છે. દરેક હિન્દુસ્તાનીનાં મનમાં એ ભાવ આપોઆપો પ્રગટ થાય છે કે આ હવે આવી ગયા એટલે ચિંતાની કોઈ વાત નથી. અને આ વિશ્વાસ કંઇ નાની સૂની વાત નથી. સેના દેશની અખંડિતતા અને સાર્વભૌમત્વની પ્રહરી છે. એક ભારત-શ્રેષ્ઠ ભારતનાં સંકલ્પની પ્રહરી છે. એટલાં માટે, ભારતની સેના વિશ્વની અન્ય કોઇ સેના કરતાં અલગ છે, તેની એક અલગ ઓળખ છે.



### 27 ઓક્ટોબર, 2019

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 27 ઓક્ટોબર, 2019નાં રોજ જમ્મુ-કાશ્મીરનાં રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા પર જવાનો સાથે દિવાળી મનાવી.



### 7 નવેમ્બર, 2018

કેદારનાથ ધામમાં પુજા કરી અને ઉત્તરાખંડનાં હર્શિલમાં ભારતીય સેના અને આઈટીબીપીનાં જવાનો સાથે દિવાળી મનાવી.



### 19 ઓક્ટોબર, 2017

જમ્મુ-કાશ્મીરની ગુરેજ ખીણમાં નિયંત્રણ રેખા પાસે સેના અને બીએસએફનાં જવાનો સાથે દિવાળી ઉજવી.



### 30 ઓક્ટોબર, 2016

હિમાચલનાં કિન્નૌરમાં ભારત-ચીન સરહદ નજીક સુમડોમાં સેના, આઈટીબીપીનાં જવાનો, સામાન્ય લોકો સાથે દિવાળી મનાવી.



### 11 નવેમ્બર, 2015

પંજાબમાં 1965નાં યુધ્ધ સ્મારકો ડોગરાઈ, બરકી યુધ્ધ સ્મારકની મુલાકાત લીધી, સેનાના અધિકારીઓ અને જવાનો સાથે દિવાળી મનાવી.



### 23 ઓક્ટોબર, 2014

પ્રથમ દિવાળી 12,000 ફુટની ઊંચાઈ પર સિયાચીન બેઝ કેમ્પમાં સશસત્ર સેનાના જવાન અને અધિકારીઓ સાથે. ●



## 5Gની શરૂઆત

# દેશનાં દ્વાર પર નવા યુગનાં મંડાણ

**2014માં ભારતે ડિજિટલ ઈન્ડિયા સાથે નવા જમાના સાથે તાલ મેળવીને ચાલવાની શરૂઆત કરી, ત્યારે કેટલાંક લોકો એવાં પણ હતા જેમણે ભારતની આ ડિજિટલ ઉડાનની મજાક ઉડાવી અને કહ્યું, ગરીબ ડેટા ખાશે કે આટા (લોટ). અમુક લોકો એવાં હતાં જેમને લાગતું હતું કે ગરીબોમાં એ ક્ષમતા નથી કે તેઓ ડિજિટલને સમજી શકે. તેમ છતાં, ભારતે પગલા માંડ્યા અને ઇઝ ઓફ લિવિંગની દિશામાં આ જ ડિજિટલ ઈન્ડિયા સ્વતંત્રતા બાદ ભારતનાં ઇતિહાસનું સૌથી મોટું પગલું સાબિત થયું. 4Gએ ડિજિટલ ઇન્ડિયા સાથે દેશનાં વિકાસને નવી ગતિ આપી તો હવે વારો છે 5G સાથે ભારતની નવી ઊડાનની. 1 ઓક્ટોબરનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનાં 13 શહેરોને 5G સેવાની ભેટ આપી...**

### દિલ્હીમાં બેસીને સ્વીડનમાં કારને ઓપરેટ કરી

- ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 5જી ટેકનોલોજી દ્વારા ફિઝિકલ રીતે સ્વીડનમાં કારને ઓપરેટ કરી. 5જી ટેકનોલોજી દ્વારા યુરોપમાં રહેલી કારનાં સ્ટિયરિંગ કન્ટ્રોલને દિલ્હીથી કનેક્ટ કરવામાં આવી હતી. આ ઉપરાંત, પીએમ મોદીએ અનેક ટેકનોલોજીકલ ઇનોવેશનનો પણ અનુભવ કર્યો. જિયોએ 4 શાળાઓને જોડી. મુંબઈની એક શાળાનાં શિક્ષકે ત્રણ અલગ અલગ સ્થળોએ વિદ્યાર્થીઓને ભણાવ્યા.
- વોડાફોન આઈડિયાએ 5Gની મદદથી દિલ્હી મેટ્રોની નિર્માણાધીન સુરંગમાં કારીગરોની સલામતીનો યુઝ કેસ પ્રદર્શિત કર્યો. ટનલમાં કામ કરી રહેલા લોકોએ પણ પીએમ મોદી સાથે વાત કરી.
- એરટેલે પોતાના ડેમોમાં ઉત્તરપ્રદેશનાં વિદ્યાર્થીઓને સામેલ કર્યા. તેમને વર્ચ્યુઅલ અને ઓગમેન્ટેડ રિયાલિટીની મદદથી સોલર સિસ્ટમ અંગે ભણાવવામાં આવ્યું. તેમાંનાં એક વિદ્યાર્થીએ હોલોગ્રામ દ્વારા મંચ પર ઉપસ્થિત રહીને પોતાનાં અનુભવને પીએમ સાથે વ્યક્ત કર્યા.

ઓક્ટોબર, 2022ની પહેલી તારીખ માત્ર ટેલિકોમની દુનિયા જ નહીં પણ ભારતનાં વિકાસમાં સૌથી ક્રાંતિકારી દિવસ તરીકે યાદ રાખવામાં આવશે. આ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીનાં પ્રગતિ મેદાનમાં આયોજિત ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ 2022ની છઠ્ઠી આવૃત્તિમાં હાઈ સ્પીડ મોબાઈલ ઈન્ટરનેટ સુવિધાથી સજ્જ 5જી સર્વિસ લોંચ કરી. આ સાથે ભારત 5જી સર્વિસ ધરાવતા પસંદગીનાં દેશોમાં સામેલ થઈ ગયું. આ ઐતિહાસિક પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું, "આજે દેશ તરફથી, દેશનાં ટેલિકોમ ઉદ્યોગ તરફથી 130 કરોડ ભારતવાસીઓને 5જીનાં રૂપમાં શાનદાર ભેટ મળી રહી છે. 5જી, દેશનાં દ્વાર પર નવા યુગનાં મંડાણ લઈને આવ્યું છે. 5જી અવસરોના અનંત આકાશની શરૂઆત છે."

ભારત ડિજિટલ ક્રાંતિનાં એ યુગમાં છે જ્યાર દેશનાં વિકાસનાં સૌથી મોટાં વિઝન ડિજિટલ ઈન્ડિયાએ અર્થતંત્રમાં મોટાં પરિવર્તન કર્યા છે. વર્ષ 2014માં 25 કરોડ ઈન્ટરનેટ કનેક્શન હતા, જે હવે વધીને 85 કરોડ ઈન્ટરનેટ કનેક્શન થઈ ગયા છે. 2014 સુધી ભારત 100 ટકા મોબાઈલ ફોન આયાત કરતું હતું જ્યારે આજે મોબાઈલ ઉત્પાદનમાં આપણે વિશ્વમાં બીજા ક્રમે છીએ. 2014માં દેશમાં માત્ર બે જ મોબાઈલ મેન્યુફેક્ચરિંગ યુનિટ હતા, જે હવે 200થી વધુ છે. ભારત આજે વિશ્વનાં એ દેશોમાં છે જ્યાં ડેટા સૌથી સસ્તો છે. પહેલાં 1 જીબી ડેટાની કિંમત 300 રૂપિયા હતી, જે આજે ઘટીને માત્ર 10 રૂપિયા થઈ ગઈ છે. આજે ભારતમાં એક વ્યક્તિ મહિને 14 જીબી ડેટાનો ઉપયોગ કરી રહી છે. 2014માં આ 14 જીબી ડેટાની કિંમત આશરે રૂ. 4200 હતી. આજે એટલો જ ડેટા 100-125 કે વધુમાં વધુ 150 રૂપિયામાં પડે છે. પીએમ મોદીએ જણાવ્યું, "આજે ટેલિકોમ સેક્ટરમાં જે ક્રાંતિ દેશ જોઈ રહ્યો છે તે એ વાતની સાબિતી છે કે સરકાર સાચી નિયતથી કામ કરે તો નાગરિકોની નિયત બદલાવામાં વાર નથી લાગતી. અમે તેની બુમો નથી પાડી, જાહેરાતો નથી કરી, ખોટાં ખોટા ગપ્પ ગોળા નથી ચલાવ્યા. અમે ફોકસ કર્યું કે દેશનાં લોકોની સુવિધા વધે, ઈઝ ઓફ લિવિંગ વધે."

### 2024 સુધી સમગ્ર ભારતમાં 5જી સેવા શરૂ થશે

ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ 2022માં વડાપ્રધાન મોદીની હાજરીમાં જિયો અને એરટેલ સહિત ટોચનાં ટેલિકોમ ઓપરેટરોએ પોતાની 5જી ટેકનોલોજીનું પ્રદર્શન કર્યું. વાસ્તવમાં, 5જી સેવાઓનું સંપૂર્ણ રોલઆઉટ 2023નાં અંત સુધીમાં જ થશે. એરટેલ અને જિયો જેવી અગ્રણી ટેલિકોમ કંપનીઓ સૌ પ્રથમ 5જી સર્વિસ ઓફર કરશે. આગામી બે વર્ષ એટલે કે 2024 સુધી સમગ્ર ભારતમાં 5જી સર્વિસ શરૂ થઈ જશે. ભારતમાં 5જીની



## ડિજિટલ ઈન્ડિયાની સફળતા માટે 4 પિલ્લર પર ફોકસ

પીએમ મોદીએ જણાવ્યું કે, જ્યારે આપણે ડિજિટલ ઈન્ડિયાની વાત કરીએ છીએ ત્યારે કેટલાંક લોકો માને છે કે આ માત્ર એક સરકારી યોજના છે. પણ ડિજિટલ ઈન્ડિયા માત્ર એક નામ નથી, તે દેશનાં વિકાસનું મોટું વિઝન છે. આ વિઝનનું લક્ષ્ય એ ટેકનોલોજીને સામાન્ય લોકો સુધી પહોંચાડવાનું છે જે લોકો માટે કામ કરે અને લોકો સાથે જોડાઈને કામ કરે. તેમણે જણાવ્યું, "મને યાદ છે, મોબાઈલ સેક્ટર સાથે સંકળાયેલા વિઝન માટે સ્ટ્રેટેજી બનાવવામાં આવી રહી હતી ત્યારે મેં જણાવ્યું કે અમારો અભિગમ ટૂકડા-ટૂકડામાં નહીં પણ સર્વગ્રાહી હોવો જોઈએ. ડિજિટલ ઈન્ડિયાની સફળતા માટે આ સેક્ટરનાં તમામ આયામોને એક સાથે આવરી લેવા જરૂરી છે. એટલાં માટે અમે ચાર પિલ્લર પર ચાર દિશાઓમાં એક સાથે ફોકસ કર્યું છે."

પ્રથમ- **ડિવાઈસની કિંમત**

બીજો- **ડિજિટલ કનેક્ટિવિટી**

ત્રીજો- **ડેટાની કિંમત**

ચોથો- **ડિજિટલ ફર્સ્ટનો અભિગમ**




**નવું ભારત, ટેકનોલોજીનો માત્ર ગ્રાહક નહીં બની રહે, પણ ભારત એ ટેકનોલોજીનાં વિકાસમાં તેના અમલીકરણમાં સક્રિય ભૂમિકા નિભાવશે. ભવિષ્યની વાયરલેસ ટેકનોલોજીને ડિઝાઇન કરવામાં, તેનાંથી જોડાયેલાં મેન્યુફેક્ચરિંગમાં ભારતની મોટી ભૂમિકા હશે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

## 4જીની સરખામણીમાં 5જી અનેક ગણી ઝડપી

- 5જી ટેકનોલોજી સામાન્ય લોકોને વ્યાપક લાભ પૂરો પાડશે. સીમલેસ કવરેજ, ઉચ્ચે ડેટા રેટ, ઓછો વિલંબ અને અત્યાધુનિક વિશ્વસનીય સંદેશાવ્યવહાર સેવામાં 5જી મદદ કરશે.સાથે, તે ઊર્જાનાં વપરાશમાં ઘટાડો, સ્પેક્ટ્રમ કાર્યક્ષમતા અને નેટવર્ક કાર્યક્ષમતામાં વધારો કરશે.
- આપત્તિનાં સમયમાં રિયલ ટાઇમ મોનિટરીંગ, સચોટ કૃષિ વર્તારો, ઊંડી ખાણ અને ઓફશોર પ્રવૃત્તિઓ જેવાં જોખમી ઔદ્યોગિક કાર્યોમાં મનુષ્યોની ભૂમિકા ઘટાડવામાં મદદ કરશે. વર્તમાન મોબાઇલ કમ્યુનિકેશન નેટવર્કથી વિપરીત, 5જી નેટવર્ક એક જ નેટવર્કની અંદર અલગ અલગ ઉપયોગનાં સંદર્ભમાં પ્રત્યેક માટે જ જરૂરિયાતોને સરળતાથી પૂરી કરશે.
- 4જીની સરખામણીમાં 5જીમાં યુઝરને વધુ ટેકનોલોજી સુવિધા મળશે. 4જીમાં ઇન્ટરનેટની ડાઉનલોડ સ્પીડ 150 મેગાબાઇટ્સ પ્રતિ સેકન્ડ સુધી સીમિત છે. 5જીમાં તે 10 જીબી પ્રતિ સેકન્ડ સુધી જઈ શકે છે. બીજી બાજુ, 4જીની સરખામણીમાં 5જી નેટવર્કનો દાયરો વધુ હોવાને કારણે સ્પીડ ઘટ્યા વિના અનેક ડિવાઇસ સાથે જોડાઈ શકશે.
- સામાન્ય શબ્દોમાં કહીએ તો, તેને સુપરફાસ્ટ ઇન્ટરનેટ કહી શકાય, જે હાલમાં 4જીની ઇન્ટરનેટ સ્પીડથી અનેક ગણી ઝડપી હશે.

શરૂઆત દિલ્હીથી થઈ છે. પણ આ વર્ષે દિવાળીથી દેશનાં 13 શહેરોમાં 5જી સેવા શરૂ થઈ જશે. તેમાં દિલ્હી, મુંબઇ, અમદાવાદ, બેંગલુરુ, ચંદીગઢ, ચેન્નાઇ, ગાંધીનગર, ગુરુગ્રામ, હૈદરાબાદ, જામનગર, લખનૌ અને પૂણેનો સમાવેશ થાય છે. આ શહેરો બાદ ક્રમશઃ તેનું વિસ્તરણ કરવામાં આવશે. હાલમાં જિયો અને એરટેલ ભારતમાં 5જી સેવા શરૂ કરી રહી છે.

## કેબિનેટનાં નિર્ણયો

# ગરીબોને અનાજ, કર્મચારીઓને ડીએ

### 80 કરોડ લોકોને ત્રણ મહિના મફત અનાજ, કર્મચારીઓને ડીએમાં 4% વધારાની ભેટ

**દેશમાં કોઈ વ્યક્તિ ભૂખ્યો ન સૂવે તે માટે પ્રતિબધ્ધ કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાને ઓક્ટોબર 2022થી ડિસેમ્બર 2022 સુધી લંબાવવાની મંજૂરી આપી છે. આ નિર્ણય આગામી તહેવારો દરમિયાન સમાજનાં ગરીબ અને નબળાં વર્ગોને ટેકો આપશે. આ ઉપરાંત, સરકારે કેન્દ્રીય કર્મચારીઓને પણ મોટી ભેટ આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને નિવૃત્ત કર્મચારીઓની મોંઘવારી રાહતમાં 4 ટકાનાં વધારાને મંજૂરી આપી છે. આ ઉપરાંત, મંત્રીમંડળે ત્રણ મહત્વનાં રેલવે સ્ટેશનોનાં પુનર્વિકાસની ભારતીય રેલવેની દરખાસ્ત સહિત અનેક દરખાસ્તોને મંજૂરી આપી છે...**

નિર્ણયઃ **પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાને લંબાવીને તેને ડિસેમ્બર, 2022 સુધી લંબાવવાને મંજૂરી**

અસરઃ ઓક્ટોબર 2022થી 80 કરોડથી વધુ લોકોને દર મહિને પાંચ કિલો મફત અનાજ મળતું રહેશે. ઓક્ટોબરથી ડિસેમ્બર સુધી સાતમા તબક્કામાં 44,762 કરોડ રૂપિયા ખર્ચ થશે અને લગભગ 122 લાખ મેટ્રિક ટન ખાદ્યાન્ન દેશભરનાં ગરીબોને મળશે. સાત તબક્કામાં કુલ 1,121 લાખ મેટ્રિક ટન અનાજ ફાળવવામાં આવ્યું છે.

નિર્ણયઃ **1 જુલાઈ, 2022થી કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનધારકોને 4 ટકાનાં દરે મોંઘવારી ભથ્થું અને મોંઘવારી રાહતનો વધારાનો હપ્તો જારી કરવાની મંજૂરી.**

અસરઃ આ અગાઉ માર્ચમાં પણ સરકાર દ્વારા ડીએમાં 3 ટકાનો વધારો કરવામાં આવ્યો હતો, એટલે કે તેને 31 ટકાથી વધારીને 34 ટકા કરવામાં આવ્યું હતું. હવે 4 ટકા વધ્યા બાદ તે 38 ટકા થઈ જશે. મોંઘવારી ભથ્થું વધવાને કારણે દેશનાં 50 લાખ કર્મચારીઓ અને 65 લાખ પેન્શનધારકોને ફાયદો થશે. આ વધારો 1 જુલાઈ, 2022થી અમલી બનશે.




નિર્ણયઃ કેન્દ્રીય મંત્રીમંડળે નેશનલ લોજિસ્ટિક્સ પોલિસીને મંજૂરી આપી છે. પોલિસી અંતર્ગત લોજિસ્ટિક્સ સેવાઓમાં કુશળતા લાવવા માટે યુનિફાઈડ લોજિસ્ટિક્સ ઈન્ટરફેસ પ્લેટફોર્મ, સ્ટાન્ડર્ડાઈઝેશન, મોનિટરીંગ સિસ્ટમ અને કૌશલ્ય વિકાસની શરૂઆત થશે.

અસરઃ પોલિસી અંતર્ગત ઝડપી અને સમાવેશી વૃધ્ધિ માટે ટેકનોલોજી આધારિત, એકીકૃત, કિફાયતી, દરેક સ્થિતિમાં ઉપયોગી અને સતત લોજિસ્ટિક્સ ઈકો-સિસ્ટમ સુનિશ્ચિત થશે. તેનું લક્ષ્ય લોજિસ્ટિક્સ પડતરમાં ઘટાડો કરવાનો, વૈશ્વિક માપદંડોને હાંસલ કરવાનો, લોજિસ્ટિક્સ સેક્ટરમાં ભારતનાં રેન્કિંગમાં સુધારો લાવવાનો અને વૈશ્વિક વેપારમાં મોટી હિસ્સેદારી મેળવવામાં સહાય કરવાનો છે. લોજિસ્ટિક્સ કુશળતાથી એમએસએમઈ અને ખેડૂતોને લાભ થશે.

**નિર્ણયઃ 'ભારતમાં સેમીકન્ડક્ટરનાં વિકાસ અને ડિસ્પ્લે ઉત્પાદન ઈકોસિસ્ટમ કાર્યક્રમ'માં સુધારાને મંજૂરી**

અસરઃ સુધારેલા કાર્યક્રમ અંતર્ગત તમામ ટેકનોલોજી નોડ્સ માટે સેમીકન્ડક્ટર ફેબ્સની સ્થાપનાનાં પ્રોજેક્ટનાં ખર્ચનાં 50 ટકાની નાણાકીય સહાય સમાનતાનાં આધારે પૂરી પાડવામાં આવશે. સુધાર બાદ ભારતની ક્ષમતામાં વધારો થશે, રોકાણ આવશે, રોજગાર અને સ્વરોજગારની તકો ઉપલબ્ધ થશે, આયાતમાં ઘટાડો થશે અને નિકાસની દ્રષ્ટીએ પણ ભારત સેમીકન્ડક્ટર ફેબ, ડિસ્પ્લે ફેબ કમ્પાઉન્ડ સેમીકન્ડક્ટર અને પેકેજિંગ ક્ષેત્રમાં આગળ વધી શકશે.



નિર્ણયઃ **10,000 કરોડ રૂપિયાનાં ખર્ચે નવી દિલ્હી, અમદાવાદ અને છત્રપતિ શિવાજી ટર્મિનસ-મુંબઇ રેલવે સ્ટેશનોનાં રિડવલેપમેન્ટનાં પ્રોજેક્ટને મંજૂરી**

અસરઃ આ સ્ટેશનોનાં વિકાસથી 35,744 નવાં રોજગારનું સર્જન થશે. રોજિંદા પ્રવાસીઓને સારો અનુભવ મળશે. પરિવહનનાં અન્ય સાધનો જેમ કે મેટ્રો, બસ વગેરે સાથે એકીકરણ. આ ઉપરાંત, રોકાણ અને વેપારની વધુ તકો મળવાથી સ્થાનિક અર્થતંત્રને મજબૂતી મળશે. દેશમાં 199 રેલવે સ્ટેશનોનાં પુનર્વિકાસનું કામ ચાલી રહ્યું છે. તેમાંથી 47 સ્ટેશનો માટે ટેન્ડર જારી કરી દેવામાં આવ્યા છે. બાકીનાં સ્ટેશનો માટે માસ્ટર પ્લાનિંગ અને ડિઝાઇનિંગનું કામ ચાલી રહ્યું છે. 32 સ્ટેશનો પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. આ સ્ટેશનો પર 'રુફ પ્લાઝા' બનાવવામાં આવશે.

નિર્ણયઃ **ભારત અને બાંગલાદેશ વચ્ચે એ સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા, જે અંતર્ગત ભારત અને બાંગલાદેશની સહિયારી સરહદથી થઈને પસાર થતી કુશિયારા નદીમાંથી દરેક પક્ષ 153 ક્યુસેક પાણી કાઢી શકશે.**

અસરઃ આ સમજૂતિપત્રથી આસામ અછતનાં સમયમાં પાણી જરૂરિયાત પૂરી કરવા માટે કુશિયારા નદીનાં સહિયારા વિસ્તારમાંથી 153 ક્યુસેક સુધી પાણી ખેંચી શકશે. પાણીની અછત દરમિયાન બંને દેશ પોતપોતાની તરફથી પાણીના નિકાલ પર મોનિટરીંગ માટે સંયુકત દેખરેખ જૂથની રચના કરશે.

નિર્ણયઃ **ઉચ્ચ કાર્યક્ષમતા ધરાવતા સોલર પીવી મોડ્યુલ્સ પર રાષ્ટ્રીય કાર્યક્રમ માટે 19,500 કરોડ રૂપિયાનાં ખર્ચ સાથે પીએલઆઇ યોજના (બીજો તબક્કો)ને મંજૂરી આપવામાં આવી.**

અસરઃ તેનાંથી પ્રત્યક્ષ રીતે 1.95 લાખ અને અપ્રત્યક્ષ રીતે 7.8 લાખ લોકોને રોજગારી મળશે અને આત્મનિર્ભર ભારતની પહેલને મજબૂતી મળશે. તેનાંથી, આ સેક્ટરમાં આશરે 94,000 કરોડ રૂપિયાનું સીધું રોકાણ આવશે અને આશરે 1.37 લાખ કરોડ રૂપિયાની આયાત ઘટવાની સંભાવના છે. આ ઉપરાંત, સોલર પીવી મોડ્યુલની કાર્યક્ષમતામાં સુધારા માટે રિસર્ચ અને ડેવલપમેન્ટને પ્રોત્સાહન મળશે. ઈવીએ, સોલર ગ્લાસ, બેકશીટ જેવી ચીજવસ્તુઓ માટે ઉત્પાદન ક્ષમતાનું નિર્માણ થશે. આશા છે કે આ યોજનાથી પૂર્ણ અને આંશિક રીતે એકીકૃત, સોલર પીવી મોડ્યુલની લગભગ 65,000 મેગાવોટ વાર્ષિક ઉત્પાદન ક્ષમતાની સ્થાપના કરવામાં આવશે. ●

# સામાન્ય ભારતીયના સપનાની 'ઉડાન'

# દેશનાં વિકાસને મળી પાંખો

**હાઈ સ્પીડ કનેક્ટિવિટી કોઈ પણ દેશનાં અર્થતંત્ર માટે કરોડરજ્જુ સમાન કામ કરે છે. જો આ સંસાધનો નાના શહેર અને સામાન્ય મધ્યમવર્ગીય લોકોની પહોંચમાં હોય તો વિકાસની ગતિને નવી પાંખો લગાવી શકે છે. ખાસ કરીને ભારત જેવો દેશ, જ્યાં વિમાન પ્રવાસ સામાન્ય મધ્યમવર્ગનાં લોકો માટે સપનું બનીને રહી જતું હતું. પણ UDAN (U ઉડે D દેશકા A આમ N નાગરિક) યોજના દ્વારા માત્ર રૂ. 2500માં હવાઈ ચપ્પલ પહેરનાર સામાન્ય લોકોનું વિમાનમાં બેસવાનું સપનું પૂરું થઈ રહ્યું છે, એટલું જ નહીં પણ 6 વર્ષમાં નાના શહેરો સુધી વિમાન સેવાઓની શરૂઆતે દેશનાં વિકાસને નવી 'ઉડાન' આપી છે...**

પૂર્વોત્તરનું સ્કોટલેન્ડ કહેવાતું શિલોંગ તેની કુદરતી સુંદરતા માટે જાણીતું છે એટલું જ નહીં પણ આ ક્ષેત્રમાં તે શિક્ષણનું પણ મોટું કેન્દ્ર છે. પણ કોઈ પણ જાતનાં પરિવહનની સીધી કનેક્ટિવિટીનાં અભાવે લોકો શિલોંગ અને દિબ્રુગઢ વચ્ચે મુસાફરી કરવા માટે રોડ અને ટ્રેન મુસાફરી દ્વારા 12 કલાકની લાંબી મુસાફરી કરવા માટે મજબૂર હતાં. પણ ઉડાન યોજના અંતર્ગત આ બંને શહેરો વચ્ચે હવે સીધી વિમાન સેવા ઉપલબ્ધ થવાથી આ અંતર હવે માત્ર 75 મિનિટમાં જ પૂરું કરી શકાય છે. એ પણ અત્યંત ઓછા ભાડાંમાં. ઝારખંડનું દેવઘર પ્રસિધ્ધ યાત્રાધામ અને આધ્યાત્મિક તથા સાંસ્કૃતિક કેન્દ્ર છે. ઝારખંડમાં રાંચી બાદ બીજું એરપોર્ટ દેવઘરમાં શરૂ થવાથી માત્ર દેવઘર જ નહીં પણ આસપાસનાં રાજ્યોનાં 20 જિલ્લાઓથી આ એરપોર્ટ ગણતરીનાં કલાકો જ દૂર છે. આવી જ સ્થિતિ કુશીનગરની



## એરલાઇન્સ સેક્ટરમાં શું બદલાયું....

**પહેલાં** 2015-16માં નાગરિક ઉડ્ડયન મંત્રાલયનાં અભ્યાસ પ્રમાણે 65 ટકા એર કનેક્ટિવિટી અને 61 ટકા એર ટ્રાફિક માત્ર દેશનાં છ મેટ્રો શહેરો પૂરતો મર્યાદિત હતો.

**હવે** 70 ટકા એર ટ્રાફિકનું ભારણ નાના શહેરો તરફ શિફ્ટ થયું, તો સ્થાનિક હવાઈ મુસાફરીમાં નાના શહેરોનાં પ્રવાસીઓની સંખ્યામાં 5 ટકાથી વધુનો વધારો થયો છે.



છે, જ્યાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટની શરૂઆત થવાથી પર્યટનને વેગ મળ્યો છે, તો લોકો માટે નવાં રોજગારનું સર્જન થયું છે.

એક સમયે ભારતનાં નકશામાં માત્ર પર્યટન સ્થળ અથવા ધર્મ અને આધ્યાત્મનાં કેન્દ્રો તરીકે જાણીતા આ સ્થળો હવે હાઇ સ્પીડ કનેક્ટિવિટીનાં નવા કેન્દ્ર તરીકે ઊપસી આવ્યા છે. તેની પાછળ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું એ વિઝન છે, જેનાં પર ચાલીને 2016માં ભારતની પ્રથમ નેશનલ સિવિલ એવિએશન પોલિસીની જાહેરાત થઈ અને તેમાં સૌથી મહત્વનું સ્થાન 'ઉડાન' યોજનાને મળ્યું.

### આવી રીતે થઈ ઉડાનની શરૂઆત

રિજનલ કનેક્ટિવિટી સ્કીમ (RCS) અંતર્ગત ઉડાન યોજનાની પ્રથમ ફ્લાઇટ એપ્રિલ 2017માં સિમલા-દિલ્હી વચ્ચે શરૂ થઈ, જેને ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લીલીઝંડી આપી. આ યોજનાનો હેતુ પ્રાદેશિક વિસ્તારોમાં કિફાયતી અને આર્થિક રીતે

## 'ઉડાન'ની સફર



**220** ડેસ્ટીનેશન (એરપોર્ટ/હેલીપોર્ટ/વોટર એરોડ્રોમ) ને 2026 સુધી 1000 રૂટ સાથે પૂરાં કરવાનું લક્ષ્ય ઉડાન અંતર્ગત

ઉડાન યોજના અંતર્ગત અત્યાર સુધી સાત તબક્કા, ઉડાન 1, ઉડાન 2, ઉડાન 3, ઉડાન 4, ઉડાન 4.1, ઉડાન 4.2 અને ઉડાન 4.3ને મંજૂરી આપવામાં આવી છે.

2017માં પહેલાં તબક્કામાં ઉડાન યોજનાની શરૂઆત થઈ તો 2018માં હેલિકોપ્ટર સેવાને તેમાં જોડવામાં આવી.


2019માં ત્રીજા તબક્કામાં આ અંતર્ગત પર્યટન ક્ષેત્રો પર ફોકસ કરીને સી-પ્લેન સેવાને જોડવામાં આવી. 2020માં ચોથાં તબક્કામાં આ અંતર્ગત 78 નવાં માર્ગને જોડવાની શરૂઆત કરી.

આ યોજના અંતર્ગત ઓગસ્ટ 2022 સુધી 70 એરપોર્ટ શરૂ કરવામાં આવ્યાં.

દેશમાં ચાલુ એરપોર્ટની સંખ્યા 2014માં 74 હતી, જે હવે વધીને 144 થઈ ગઈ છે. તેમાં 9 હેલિપોર્ટ અને 2 વોટર એરોડ્રામ સામેલ છે.

433 માર્ગો પર 11 ઓપરેટર હવાઇ સેવાઓ ઉપલબ્ધ કરાવી રહ્યા છે. બે લાખથી વધુ ફ્લાઇટ આ અંતર્ગત ઉડાન ભરી ચૂકી છે.

એક કરોડ છ લાખથી વધુ પ્રવાસીઓને સસ્તા ભાડાંમાં ટિકિટ ઉપલબ્ધ કરવામાં આવી છે.



ઉડાન યોજના અંતર્ગત અત્યાર સુધી એક કરોડ પ્રવાસીઓએ બહુ ઓછાં ભાડાંમાં વિમાન પ્રવાસ કર્યો. તેમાંથી લાખો એવા છે જેમણે પ્રથમ વાર એરપોર્ટ જોયું, પ્રથમ વાર વિમાનમાં બેસ્યા. ક્યાંક આવવા જવા માટે બસ અને ટ્રેન પર નિર્ભર મારા ગરીબ અને મધ્યમ વર્ગનાં ભાઇ-બહેન હવે વિમાનમાં સીટ બેલ્ટ બાંધવાનું પણ શીખી ગયા છે.

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન (12 જુલાઇનાં રોજ દેવઘર એરપોર્ટનું ઉદઘાટન કરતાં)

વ્યવહારુ અને લાભદાયક વિમાન સેવા શરૂ કરવાનો છે, જેથી નાના શહેરોમાં પણ સામાન્ય માણસ માટે સસ્તાં ભાડાંમાં વિમાન સેવા શરૂ કરી શકાય. ટિયર ટુ અને ટિયર થ્રીનાં નાના શહેરો સુધી વિમાન સેવાની પહોંચ સાથે આ યોજના અંતર્ગત 500 કિલોમીટર અથવા એક કલાકની વિમાન યાત્રા અથવા તો અડધા કલાકની હેલિકોપ્ટર યાત્રા માટેનું ભાડું રૂ. 2500 નક્કી કરવામાં આવ્યું છે.

પસંદ કરવામાં આવેલા રૂટ માટે એરલાઇન્સ કંપનીઓ બોલી લગાવે છે. જે સૌથી ઓછી સબસિડી માંગે તે કંપનીને તક આપવામાં આવે છે. પસંદગીની એરલાઇન્સ દરેક ફ્લાઇટમાં અડધી અથવા તો ઓછામાં ઓછી 9 અથવા મહત્તમ 40 સીટો 2500 રૂપિયાનાં ભાડાંમાં ઉપલબ્ધ કરાવે છે. ઓછાં ભાડાંને કારણે એરલાઇન્સને થતી ખોટ કેન્દ્ર સરકાર વાયેબિલિટી ગેપ ફન્ડિંગ (VGF) દ્વારા ભરપાઇ કરી આપે છે. ઉડાન યોજના અંતર્ગત સંચાલિત ફ્લાઇટ માટે એરપોર્ટ ડ્યુટીમાં માફીની સાથે સાથે મફત સલામતી, વીજળી અને અગ્નિશમન સેવાઓ પણ રાજ્ય સરકારો દ્વારા પૂરી પાડવામાં આવે છે.

ઉડાન યોજનાથી દેશનાં અર્થતંત્ર પર સકારાત્મક અસર પડી છે અને ઉદ્યોગ હિતધારકો ખાસ કરીને એરલાઇન્સ ઓપરેટર્સ અને રાજય સરકારો તરફથી બહુ સારી પ્રતિક્રિયા મળી છે. આ યોજના અંતર્ગત 350થી વધુ નવા હવાઇ માર્ગ જોડવાના છે. અગાઉ 200 રૂટ જોડાઈ ચૂક્યાં છે અને ભૌગોલિક રીતે દેશભરમાં ફેલાયેલા છે. આ સાથે, તેનાથી પ્રાદેશિક વિકાસમાં પણ સંતુલન સર્જાયું છે અને સ્થાનિક લોકોને રોજગાર પણ મળે છે. એટલાં માટે જ ઉડાન યોજનાને તાજેતરમાં લોક વહીવટનાં ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતા માટે પ્રધાનમંત્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી છે.●



“તમે આજે જે શીખ્યા તે તમારા ભવિષ્યનો આધાર ચોક્કસ બનશે. પણ તમારે ભવિષ્યનાં હિસાબે પોતાનાં કૌશલ્યને અપગ્રેડ પણ કરવું પડશે. વાત જ્યારે સ્કિલની હોય ત્યારે તમારો મંત્ર હોવો જોઇએ- ‘સ્કિલિંગ’, ‘રી-સ્કિલિંગ’ અને ‘અપ-સ્કિલિંગ.’

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

# કૌશલ્ય વિકાસનો યુગ

વૈશ્વિક સ્તર અને દેશમાં બદલાતા વ્યાપારી માહોલ અને બજારની સ્થિતિઓમાં પ્રાસંગિક બની રહેવાનો મંત્ર છે- રી સ્કિલ અને અપસ્કિલ. આ જ કારણસર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર બની ત્યારે કૌશલ્ય વિકાસ મંત્રાલયની રચના કરવામાં આવી, કૌશલ્ય વિકાસ મિશન શરૂ કરવામાં આવ્યું, રિ-સ્કિલ અને અપસ્કિલ પર ભાર આપવાની સાથે કૌશલ્ય માટે દેશભરમાં રાષ્ટ્રીય તાલીમ સંસ્થા, ભારતીય કૌશલ્ય સંસ્થા અને હજારો કૌશલ્ય વિકાસ કેન્દ્રો ખોલવામાં આવ્યા. કૌશલ્યને સન્માનનાં ભાગ રૂપે 17 સપ્ટેમ્બરનાં રોડ વિશ્વકર્મા જયંતી પર પ્રથમ વાર એક સાથે 9 લાખ આઇટીઆઇ વિદ્યાર્થીઓનાં દીક્ષાંત સમારોહને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું, “21મી સદીમાં આગળ વધી રહેલાં દેશમાં આજે એક નવો ઈતિહાસ રચવામાં આવ્યો છે. વીતેલાં આઠ વર્ષમાં દેશે ભગવાન વિશ્વકર્માની પ્રેરણાથી અનેક યોજનાઓ શરૂ કરી છે. આજે દેશ ફરી એક વાર સ્કિલને સન્માન આપી રહ્યો છે, સ્કિલ ડેવલપમેન્ટ પર પણ એટલો જ ભાર મૂકી રહ્યો છે. સ્વતંત્ર ભારતનાં સાત દાયકામાં 10,000 આઇટીઆઇ બની, જ્યારે છેલ્લાં માત્ર આઠ મહિનામાં 5,000 નવી આઇટીઆઇ બની એટલું જ નહીં પણ આઇટીઆઇ સંસ્થાઓમાં ચાર લાખથી વધુ નવી સીટો પણ જોડવામાં આવી.” વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓને જણાવ્યું કે, શાળાનાં સ્તરે કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા માટે સરકાર 5000થી વધુ સ્કિલ હબ શરૂ કરવા જઈ રહી છે. હવે 10મું ધોરણ પાસ કર્યા બાદ આઇટીઆઇમાં આવનારને નેશનલ ઓપન સ્કુલનાં માધ્યમથી 12મા ધોરણનું ક્લિયરીંગ સર્ટિફિકેટ સરળતાથી મળી જશે. આઇટીઆઇમાંથી ટેકનોલોજીની તાલીમ લઇને નીકળેલા યુવાનોની સેનામાં ભર્તી કરવાની પણ જોગવાઇ છે. ચોથી ઔદ્યોગિક ક્રાંતિ ‘ઉદ્યોગ 4.0’નાં યુગમાં જરૂરિયાતનાં હિસાબે આઇટીઆઇમાં અભ્યાસક્રમની સુવિધા અંગે વડાપ્રધાન મોદીએ કહ્યું, “આઇટીઆઇમાં કોડિંગ, એઆઇ, રોબોટિક્સ, 3ડી પ્રિન્ટિંગ, ડ્રોન ટેકનોલોજી અને ટેલિમેડિસિન અંગેનાં અનેક કોર્સ શરૂ કરવામાં આવ્યા છે.” ●

## કૌશલ્ય વિકાસ માટેનાં પગલાં

- ભારત સરકાર કૌશલ્ય વિકાસ નિગમનાં માધ્યમથી કૌશલ્ય ભારત આંતરરાષ્ટ્રીય કેન્દ્ર સ્થાપિત કરવા વિચારણા કરી રહી છે, જેનો હેતુ વૈશ્વિક આયોજકોની જરૂરિયાતનાં હિસાબે ઉચ્ચ ગુણવત્તા ધરાવતી તાલીમ આપવાનો છે.
- પીએમ કૌશલ વિકાસ યોજના અંતર્ગત પીએમ કૌશલ્ય વિકાસ કેન્દ્ર સહિત આશરે 32,000 તાલીમ કેન્દ્રોનાં માધ્યમથી ઉમેદવારોને ટૂંકા ગાળામાં તાલીમબધ્ધ કરવામાં આવી રહ્યા છે.
- રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમે ભારતીય યુવાનોને ઇ-કૌશલ્યની તક પૂરી પાડવા માટે બહુભાષી પોર્ટલ ઇ-સ્કિલ ઇન્ડિયા બનાવ્યું છે. અહીં ટ્રેડ કૌશલ્ય અભ્યાસક્રમોથી માંડીને લાઇફ સ્કિલ્સ, સોફ્ટ સ્કિલ્સ, એમ્પ્લોયીબિલિટી એન્હેન્સર સહિત 1400થી વધુ ડિજિટલ અભ્યાસક્રમોની યાદી છે.




## રાષ્ટ્ર સેવકની જેમ

# જેમણે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રહિતમાં સમર્પિત કર્યું

**રાષ્ટ્રનાં તમામ સ્વતંત્રતા સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપવા માટે આજે દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. જો દેશનાં ભવિષ્યને મહાન બનાવવું હોય તો યુવા પેઢીમાં ભારતનાં મહાન ઈતિહાસનું ગૌરવ પેદા કરવું જ પડશે. આઝાદીનાં અમૃત કાળમાં કર્તવ્ય અને વિશ્વાસનું આ અમૃત આઝાદીનાં લડવૈયાઓને યાદ કરવાનો સુવર્ણ પ્રસંગ છે, જેમની શૂરવીરતાની કહાની સાંભળીને નસોમાં લોહી દોડવા માંડે છે. આવા અગણિત સ્વતંત્રતા સેનાનીઓનાં કિસ્સા ઈતિહાસનાં પાનામાં નોંધાયેલા છે, જે માર્ગ દર્શાવે છે એટલું જ નહીં પણ લોકોને તેનાં પર ચાલવા માટે પ્રેરણા આપે છે. આવા જ સ્વતંત્રતા સેનાનીઓની કહાની આ અંકમાં પણ વાંચવા મળશે. આ પખવાડિયામાં 16 ઓક્ટોબરનો દિવસ પણ આવી રહ્યો છે, જે દિવસે વર્ષ 1905માં બંગાળનાં ભાગલા પડ્યા હતા. ઈતિહાસમાં બંગ-ભંગનાં નામે નોંધાયેલી આ ઘટના ભારતના સ્વતંત્રતા સેનાનીઓની એ ઐતિહાસિક ઘટના છે, જેણે ભારતીયોને સંપીને રહેવાની શીખ આપી એટલું જ નહીં પણ અંગ્રેજી શાસનનાં મૂળિયાં હચમચાવી દીધાં...**

# રામકૃષ્ણ ખત્રીઃ જેમનાં પ્રયત્નોને કારણે કાકોરી શહીદ સ્મારક બન્યું



જન્મઃ 03 માર્ચ, 1902 મૃત્યુઃ 18 ઓક્ટોબર, 1996

ભારતીય સ્વતંત્રતા સંગ્રામના અગ્રણી ક્રાંતિકારી રામકૃષ્ણ ખત્રીનો જન્મ 03 માર્ચ, 1902નાં રોજ મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લામાં થયો હતો. તેમનાં પિતાનું નામ શિવલાલ ચોપડા અને માતાનું નામ કૃષ્ણાબાઇ હતું. તેમણે પ્રારંભિક શિક્ષણ ચિખલી અને ચંદ્રપુરમાં મેળવ્યું. બાળપણથી જ તેમનાં હૃદયમાં દેશપ્રેમ છલકતો હતો. પોતાનાં વિદ્યાર્થી જીવનથી જ રામકૃષ્ણ ખત્રી બાલ ગંગાધર તિલકથી પ્રભાવિત હતા. તેમણે સાધુ સમાજને સંગઠિત કરવાનો સંકલ્પ કર્યો. આ માટે તેમણે 'ઉદાસીન મંડળ'ની સ્થાપના કરી, જ્યાં તેમને મહન્ત ગોવિંદ પ્રકાશનાં નામે ઓળખવામાં આવતા હતા. કેટલાંક સમય બાદ તેઓ રામપ્રસાદ 'બિસ્મલ' જેવા ક્રાંતિકારીના સંપર્કમાં આવ્યા અને હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશનમાં જોડાઈ ગયા. સંગઠનમાં રામપ્રસાદ બિસ્મિલે તેમને ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ એસોસિએશનનું વિસ્તરણ કરવાની જવાબદારી આપી, જેને તેમણે સંપૂર્ણ જવાબદારી સાથે નિભાવી. ખત્રીને હિન્દીની સાથે સાથે ગુરમુખી અને અંગ્રેજી ભાષાની પણ સારી એવી સમજ હોવાથી તેમને આ જવાબદારી સોંપવામાં આવી હતી. મરાઠી ભાષા પર પણ તેમની સારી પકડ હતી. ભારતીય સ્વતંત્રતા સંગ્રામનાં ક્રાંતિકારીઓએ બ્રિટિશ રાજ વિરુધ્ધ જંગે ચડવાના હેતુથી શસ્ત્રો ખરીદવા માટે બ્રિટિશ સરકારનો જ ખજાનો લૂંટવાની યોજના બનાવી. આ માટે કાકોરીમાં ટ્રેન લૂંટવામાં આવી. આ ઘટના બાદ રામકૃષ્ણ ખત્રીની પૂણેથી ધરપકડ કરીને લખનઉ જેલમાં પૂરવામાં આવ્યા. તેમની સામે કેસ ચલાવવામાં આવ્યો અને તેમને કાકોરી લૂંટ કેસમાં ભાગ લેવા બદલ 10 વર્ષની સજા ફરમાવવામાં આવી. સજા પૂરી કર્યા બાદ જ્યારે તેઓ મુકત થયા ત્યારે ફરી એક વાર દેશ સેવામાં જોડાઇ ગયા. તેમણે તરત અન્ય કેદીઓને જેલમાંથી છોડાવવાનો પ્રયત્ન કર્યો. આટલું જ નહીં, તેમણે રાજકીય કેદીઓને પણ જેલમાંથી છોડાવવાનું આંદોલન શરૂ કર્યું અને તેમને સફળતા પણ મળી. સ્વતંત્રતા બાદ પણ તેઓ દેશનાં નાગરિકોની સેવામાં જોડાયેલા રહ્યા. તેમણે સરકાર સાથે મળીને સ્વતંત્રતા સંગ્રામના સેનાનીઓની મદદ માટે અનેક યોજનાઓ પણ બનાવી. રામકૃષ્ણ ખત્રીનાં પ્રયત્નોને કારણે કાકોરીમાં સ્વતંત્રતા સેનાનીઓનું સ્મારક બનાવવામાં આવ્યું. તેમણે 'વિશાલ પરિમાણ' નામનું પુસ્તક પણ લખ્યું. 'શહીદોં કી છાયા' નામનું પુસ્તક નાગપુરથી પ્રકાશિત થયું હતું. તેમણે 'કાકોરી શહીદ સ્મૃતિ' નામનું એક પુસ્તક પણ લખ્યું. દેશની સ્વતંત્રતામાં પોતાનું યોગદાન આપનારા ક્રાંતિવીર રામકૃષ્ણ ખત્રીનું અવસાન 18 ઓક્ટોબર, 1996નાં રોજ થયું.


## સ્વતંત્રતા બાદ અત્યાર સુધી અનાજનાં ઉત્પાદનમાં છ ગણો વધારો

ભારત આજે રાષ્ટ્ર તરીકે ભૂતકાળને ભૂલાવીને આવતી કાલની તસવીરમાં નવા રંગ ભરી રહ્યું છે. આ એ રંગ છે જે આપણાં મહાન સ્વતંત્રતા સેનાનીઓએ ભારતની આઝાદીના આંદોલન દરમિયાન સપનાનાં રૂપમાં જોયાં હતા. આ સપનામાં ભારતનાં ખાદ્યાન્ન ઉત્પાદનમાં વધારાનો પણ સમાવેશ થતો હતો. જેથી આઝાદી બાદ આ સેક્ટરમાં દેશ આત્મનિર્ભર બની શકે અને આપણે અનાજ માટે બીજા કોઇ દેશ પર આધાર ન રાખવો પડે. ભારત આજે એ મહાપુરુષોનાં સપનાને સાકાર કરવા માટે પ્રતિબધ્ધતા અને સમર્પણ સાથે જોડાયેલું છે અને તેમનાં સપનાનું ભારત બનાવવામાં યોગદાન આપી રહ્યું છે. તેનું પરિણામ એ આવ્યું કે સ્વતંત્રતા પછી અત્યાર સુધી દેશમાં અનાજ ઉત્પાદનમાં છ ગણો વધારો થયો છે. 1950માં 50.82 મિલિયન ટન અનાજનું ઉત્પાદન થતું હતું, 2014-15માં 252.02 મિલિયન ટન અનાજનું ઉત્પાદન થતું હતું. જ્યારે 2021-22માં 314.5 મિલિયન ટન અનાજનાં ઉત્પાદનનો અંદાજ છે. 2021-22નાં આંકડા અનાજ ઉત્પાદનના ત્રીજા અગ્રીમ અંદાજ પર આધારિત છે.

**ભારતમાં અનાજ ઉત્પાદનમાં વધારો**

*સ્વતંત્રતા બાદ અત્યાર સુધી અનાજ ઉત્પાદનમાં છ ગણો વધારો*





# બ્રહ્મબાંધવ ઉપાધ્યાયઃ ભારતના સ્વતંત્રતા આંદોલનમાં જીવ આપનાર પ્રથમ સંપાદક

જન્મઃ 11 ફેબ્રુઆરી, 1861 મૃત્યુઃ 27 ઓક્ટોબર, 1907

મહાન સ્વતંત્રતા સેનાની, ક્રાંતિકારી અને પત્રકાર બ્રહ્મબાંધવ ઉપાધ્યાયનો જન્મ 11 ફેબ્રુઆરી, 1861નાં રોજ પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના ખાનાન ગામમાં થયો હતો. જ્યારે તેઓ હાઈસ્કુલમાં હતા ત્યારે રાષ્ટ્રવાદી આંદોલન તરફ આકર્ષાયા. તેઓ સુરેન્દ્રનાથ બેનર્જીએ માજિની, ગારીબાલ્ડી અને યંગ ઇટલી પર આપેલા ભાષણોથી અત્યંત પ્રભાવિત હતા. કોલેજનાં અભ્યાસ દરમિયાન તેઓ સ્વતંત્રતા આંદોલનમાં જોડાઈ ગયા, કોલકાતામાં સ્કોટિશ ચર્ચ કોલેજમાં સ્વામી વિવેકાનંદ તેમનાં સહાધ્યાયી હતા. બ્રહ્મબાંધવ યુધ્ધ કળા શીખવા અને અંગ્રેજોને ખદેડવા માટે ગ્વાલિયર રાજની સેનામાં સામેલ થવા માંગતા હતા. આ માટે તેમણે બે વાર પ્રયત્નો કર્યા પણ મહારાજાની નીતિઓને કારણે હતાશ થઈને પાછા આવવું પડ્યું. તેઓ પહેલાંથી જ બ્રહ્મ સમાજના સક્રિય સભ્યો હતા. પોતાનાં અનેક સમકાલીન લોકોની જેમ બ્રહ્મબાંધવ પણ રાષ્ટ્રીય ગૌરવની સ્થાપના સાથે આધ્યાત્મિક શાંતિ ઇચ્છતા હતા. 1888માં બ્રહ્મ મિશનરી તરીકે તેઓ સિંધ ગયા. પોતાની આત્મકથામાં લેખક જુલિયસ લિપ્નરે લખ્યું કે બ્રહ્મબાંધવે નવા ભારતનાં નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું, જેની ઓળખ 19મી સદીનાં પ્રથમ છ માસમાં થવા લાગી. બ્રહ્મબાંધવ રવિન્દ્રનાથ ટાગોર અને સ્વામી વિવેકાનંદનાં મિત્ર હતા. માનવામાં આવે છે કે સ્વામી વિવેકાનંદે ક્રાંતિની જ્વાલા પ્રજ્વલિત કરી, બ્રહ્મબાંધવે આ જ્વાલાને વધુ પ્રજ્વલિત કરી, તેનું રક્ષણ કર્યું અને બલિદાન આપ્યું. બ્રહ્મબાંધવે બંગાળી અખબાર સંધ્યાનું સંપાદન કર્યું અને છેલ્લાં શ્વાસ સુધી તેનાં સંપાદક રહ્યા. તેમણે સંધ્યા અને બાંગલા સાપ્તાહિક યુગાંતરનાં માધ્યમથી સ્વરાજ અને સ્વદેશી આંદોલનને લોકપ્રિય બનાવ્યું. તેમણે બ્રિટિશ સંસ્થાનવાદ અને યુરોપિયન સાંસ્કૃતિક આધિપત્ય સામે અંગ્રેજી ભાષામાં લેખ લખ્યા. 10 સપ્ટેમ્બર, 1907નાં રોજ બ્રહ્મબાંધવની ધરપકડ કરવામાં આવી અને રાજદ્રોહનાં આરોપમાં કેસ કરવામાં આવ્યો. બ્રહ્મબાંધવે અદાલતમાં પોતાનો બચાવ કરવાનો ઇનકાર કરી દીધો. એ પછી 23 સપ્ટેમ્બર, 1907નાં રોજ બેરિસ્ટર ચિત્તરંજન દાસનાં માધ્યમથી અદાલતમાં તેમનું નિવેદન લેવામાં આવ્યું. તેમાં તેમણે જણાવ્યું કે, તેઓ સંધ્યાનાં પ્રકાશન, મેનેજમેન્ટ અને સંચાલનની તમામ જવાબદારી સ્વીકારે છે. બ્રહ્મબાંધવે એમ પણ જણાવ્યું કે, 13 ઓગસ્ટ, 1907નાં રોજ અખબારમાં પ્રકાશિત લેખ તેમણે જ લખ્યા હતા. એમાંનાં કેટલાંક લેખોને ભડકામણાં માનીને બ્રહ્મબાંધવ વિરુધ્ધ કેસનો આધાર બનાવવામાં આવ્યો હતો. બ્રહ્મબાંધવે કેસની કાર્યવાહીમાં સામેલ થવાનો ઇનકાર કરી દીધો. વાસ્તવમાં, તેમને વિશ્વાસ હતો કે સ્વરાજનાં ઈશ્વર નિયુક્ત મિશનનો હિસ્સો બનવાને કારણે તેમને કોઇ પણ રીતે લોકોને અંગ્રેજો વિરુધ્ધ ભડકાવવા માટે જવાબદાર ન ઠેરવી શકાય. સુનાવણી દરમિયાન બ્રહ્મબાંધવનાં પેટમાં દુઃખાવો થયો અને તેમને કોલકાતાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, હોસ્પિટલમાં તેમની સર્જરી કરવામાં આવી પણ દર્દ ઓછું ન થયું. 27 ઓક્ટોબર, 1907નાં રોજ તેમનું અવસાન થયું.

# મૂળચંદ ચંદેલઃ સાબરમતી આશ્રમની મુલાકાત બાદ ગાંધીજીનાં અંતેવાસી બની ગયા

વર્ષ 1920માં થયેલા અસહકારના આંદોલન દરમિયાન મહાત્મા ગાંધીએ વિદેશી વસ્ત્રો અને સામાનને સળગાવવાનું અને શાળા-કોલેજનો બહિષ્કાર કરવાનું આહવાન કર્યું ત્યારે તેનાંથી પ્રેરાઈને રાજસ્થાનના જયપુર જિલ્લાનાં બસ્સી ગામના રહેવાસી મૂળચંદ ચંદેલે પોતાનું એવું કપડું સળગાવી દીધું જે તેમને ખૂબ ગમતું હતું. આ કપડું તેમને એક મિલ માલિકે આપ્યું હતું. દેશ ખાતર તેમણે ક્યારેય પોતાની પસંદ-નાપસંદની પરવા ન કરી અને હંમેશા રાષ્ટ્રહિતને સર્વોપરિ માન્યું. અડગ નિર્ધાર ધરાવતા અને આઝાદ ભારતનું સ્વપ્ન જોનાર મૂળચંદ ચંદેલે ભારતની સ્વતંત્રતા માટે પોતાનું સર્વસ્વ ન્યૌછાવર કરવાનો નિર્ણય લીધો હતો. ચંદેલ જ્યારે અમદાવાદ ગયા ત્યારે તેમને સાબરમતી આશ્રમ જવાની તક મળી. ત્યાં તેમણે મહાત્મા ગાંધીની નજીક જવાની અને તેમનાં વિચારોને સમજવાની તક મળી. આ ઘટનાએ ચંદેલનાં જીવનને બદલવામાં મહત્વની ભૂમિકા નિભાવી. 1920માં જ્યારે મહાત્મા

# જયદેવ કપૂરઃ જેમની સહનશીલતા જોઇને ખુદ અંગ્રેજ અધિકારીઓ પણ નવાઇ પામી જતા હતા



જન્મઃ 24 ઓક્ટોબર, 1908 મૃત્યુઃ 19 સપ્ટેમ્બર, 1994

સ્વતંત્રતા સેનાની જયદેવ કપૂરનો જન્મ 24 ઓક્ટોબર, 1908નાં રોજ ઉત્તરપ્રદેશનાં હરદોઈમાં થયો હતો. તેમનાં પિતાનું નામ શાલિગ્રામ અને માતાનું નામ ગંગા દેવી હતું. કાનપુરની ડીએવી કોલેજમાં અભ્યાસ દરમિયાન તેઓ અન્ય ક્રાંતિકારી શિવ વર્મા સાથે હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશનમાં સામેલ થયા. 1925માં જયદેવને બનારસમાં ક્રાંતિકારી નેટવર્ક વિક્સાવવાની જવાબદારી સોંપવામાં આવી. તેમણે, બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં બીએસસીમાં પ્રવેશ લીધો. અહીં ભગતસિંહ ઘણાં દિવસો સુધી તેમની સાથે લિમ્બડી હોસ્ટેલમાં રહ્યા હતા. જયદેવ કપૂરે આગ્રામાં બોંબ બનાવવાની પણ તાલીમ લીધી હતી. તેઓ ક્રાંતિકારીઓને બોંબ બનાવવાની તાલીમ પણ આપતા હતા. એક વાર ટેસ્ટિંગ દરમિયાન તેમનાં ઘરની પાસે જ બોંબ ફૂટ્યો. ચંદ્રશેખર આઝાદથી માંડીને તમામ અગ્રણી ક્રાંતિકારીઓ સાથે તેમની ઉઠબેસ રહેતી હતી. સાથે સાથે તેઓ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં જોશભેર ભાગ લેતા હતા. તેમણે ટ્રેડ ડિસ્પ્યુટ બિલ અને પબ્લિક સેફ્ટી બિલનાં વિરોધમાં એસેમ્બલીમાં બોંબ ફેંકવાની ઘટનામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. કહેવાય છે કે ભગતસિંહ અને બટુકેશ્વર દત્ત માટે સેન્ટ્રલ એસેમ્બલીમાં બોંબ ફેંકવા માટે દાખલ થવાની વ્યવસ્થા કરનાર જયદેવ કપૂર જ હતા. બોંબ ફેંકવા માટે જતાં પહેલાં ભગતસિંહે પોતાનાં નવા જૂત્તા એમ કહીને જયેદેવ કપૂરને આપ્યા હતા કે પોલિસ તેને લઇ લેશે પણ જયદેવ કપૂર તો પહેરી શકશે ને. ભગતસિંહે તેમને પોકેટ ઘડિયાળ પણ આપી હતી. કહેવાય છે કે ઘડિયાળ આપતી વખતે ભગતસિંહે જયદેવને આઝાદીની મશાલ પ્રજ્વલિત રાખવાનું વચન લીધું હતું. આ કોઇ સામાન્ય ક્ષણ નહોતી પણ ક્રાંતિની મહાન ક્ષણોની સાક્ષી હતી. આ ઘડિયાળ ભગતસિંહે મહાન ક્રાંતિકારી શચીન્દ્રનાથ સાન્યાલને આપી હતી. જેમને આ ઘડિયાળ રાસબિહારી બોઝ પાસેથી મળી હતી. જયદેવ કપૂરે આ જૂત્તાને યાદગીરી તરીકે સાચવી રાખ્યા હતા. બોંબ વિસ્ફોટ બાદ આ ઘટનામાં સામેલ તમામ ક્રાંતિકારીઓને પકડીને જેલ મોકલવાનું શરૂ કરવામા આવ્યું અને તેમાં જયદેવનની પણ ધરપકડ થઈ. તેમને આંદામાન નિકોબારની સેલ્યુલર જેલમાં મોકલી દેવામાં આવ્યા, જેને કાળા પાણીની સજા પણ કહેવામાં આવતી હતી. કહેવાય છે કે આંદામાનની જેલમાં તેમને 60 દિવસ સુધી સવારે 30 નેતરની સોટી ખાવાની સજા મળી હતી. આ સજા દરમિયાન જયદેવ કપૂર ધીરજથી કામ લેતા હતા અને તેમની આ સહનશીલતા જોઇને અંગ્રેજ અધિકારીઓ પણ નવાઇ પામતા હતા. આંદામાન જેલની સજા દરમિયાન સોટીનાં નિશાન જયદેવનાં શરીર પર આજીવન રહ્યા. જયદેવે ભગતસિંહ અને અન્ય સાથીઓને તેમનાં અંતિમ સમયે મળવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. તેઓ સેલ્યુલર જેલમાં 16 વર્ષ રહ્યાં અને સ્વતંત્રતાનાં થોડાં વર્ષ પહેલાં મુક્ત થયા. 19 સપ્ટેમ્બર, 1994નાં રોજ તેમનું અવસાન થયું હતું.

## અડગ નિર્ધાર ધરાવતા અને સ્વતંત્ર ભારતનું સ્વપ્ન જોનાર મૂળચંદ ચંદેલે ભારતની સ્વતંત્રતા માટે પોતાનું સર્વસ્વ ત્યજવાનો નિર્ણય લીધો હતો. ચંદેલ જ્યારે અમદાવાદ ગયા ત્યારે તેમને સાબરમતી આશ્રમ જવાની અને ગાંધીજીનાં વિચારો સમજવાની તક મળી હતી.

ગાંધીએ અસહકારની ચળવળ શરૂ કરી ત્યારે મૂળચંદ ચંદેલ પણ તેમાં જોડાઈ ગયા. એટલું જ નહીં, મૂળચંદ ચંદેલનો પર્યાવરણ પ્રેમ અગાધ હતો. એટલાં માટે જ તેઓ આજીવન પર્યાવરણ માટે કામ કરતાં રહ્યાં. સામાન્ય વાતચીતમાં તેઓ કહેતા કે છે કે જે વ્યક્તિ આંબાનું ઝાડ વાવે છે તે તેનું ફળ નથી ખાઈ શકતો પણ તેનો અર્થ એ નથી કે આંબાનું ઝાડ વાવવું જ નહીં, એટલાં માટે જ તેમણે સંકલ્પ લઇને વસતિમાં અનેક ઝાડ લગાવ્યા અને લગાવડાવ્યા. તેઓ કહેતા હતા ઝાડ વાવવા મોટી વાત નથી પણ બાળકની જેમ તેનું જતન કરવું જોઇએ. આઝાદીનાં અમૃત મહોત્સવમાં જયપુર સ્થિત કસ્તુરી દેવી શૈક્ષણિક વિકાસ અને સામાજિક સંશોધન સંસ્થાએ 2021માં એક વર્ષ સુધી મૂળચંદની 61મી પૂણ્યતિથી ધામધૂમથી ઉજવી હતી. અમૃત મહોત્સવ દરમિયાન સંગઠન તરફથી અનેક કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યા, જેમાં વૃક્ષારોપણ અને સંમેલનનાં કાર્યક્રમો સામેલ છે. મૂળચંદ ચંદેલનું અવસાન 24 ઓક્ટોબર, 1960નાં રોજ થયું. ●

# ઓફિસમાં બેસીને નહીં, ફિલ્ડમાં જઇને વિકાસની નીતિનો અભિગમ

**સુશાસન દરેક નાગરિક સુધી પહોંચે, દરેક નાગરિક માટે હોય તે હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગવર્નન્સમાં અનેક પ્રયોગ કર્યા છે. એક એવો જ અનોખો વિચાર હતો, જેમાં તેમણે સરકારનાં વરિષ્ઠ અધિકારીઓને પોતાની પ્રથમ પોસ્ટિંગ પર જવાનો અને એ જોવા-સમજવા માટે કહ્યું કે ત્યાં કઈ રીતનું પરિવર્તન થયું છે. વડાપ્રધાન કહે છે, "મેં અધિકારીઓને કહ્યું કે બહુ વર્ષ થઇ ગયા. એક વાર તમે ત્યાં જાવ જ્યાં તમે પ્રથમ ડ્યુટી કરી હતી. ત્યાં જઇ આવો. તમામ અધિકારીઓ ગયા અને તેમને જે અનુભવ થયા તે બહુ પ્રેરક હતા." આવો જાણીએ, કેન્દ્ર સરકારનાં વરિષ્ઠ અધિકારીઓએ શું જોયું, તેઓ શું સમજ્યા....**

## વિકાસની નીતિઓને જમીન પર ઉતારવા માટે જરૂરી છે આવી પહેલ



કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ અપૂર્વ ચંદ્રા કહે છે, "મારી પ્રથમ પોસ્ટિંગ અહમદનગર જિલ્લાના જામખેડ તાલુકાના બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર (બીડીઓ) અને તહેસીલદારનાં હોદ્દા પર થઈ હતી. વડાપ્રધાન મોદીએ આહવાન કર્યું હતું કે પોતાની પ્રથમ પોસ્ટીંગ પર જઇને જોવું જોઇએ. તેમનાં આહવાનથી હું ત્યાં ગયો હતો. 30 વર્ષનાં ગાળામાં મને બહુ ફરક દેખાયો. હવે દરેક ઘરમાં વીજળી પહોંચી ચૂકી છે. પહેલાં પાણીની મોટી સમસ્યા હતી. પણ હવે ગામે ગામ પાણી છે. પાણીનો સ્રોત સારો થઈ ગયો છે. મતલબ, ત્યાં નળ યોજના છે અને દરેક ઘરમાં શૌચાલય છે. ડિજિટલ પેમેન્ટની સુવિધા પણ બધી જગ્યાએ ઉપલબ્ધ થઈ ગઈ છે અને લોકો આ સુવિધાનો લાભ પણ લઈ રહ્યા છે. પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના અંતર્ગત હવે દરેક ગામ સુધી રસ્તા પહોંચી ગયા છે. જે પહેલાં માત્ર તાલુકા સુધી જ હતા." ચંદ્રા કહે છે, "વડાપ્રધાને જે કહ્યું તે ખૂબ જરૂરી છે, કારણ કે જ્યારે અમે એક વાર દિલ્હી આવી જઈએ છીએ અથવા તો રાજ્યનાં વડામથકમાં રહીએ છીએ તો નીતિ બનાવીએ છીએ. એવામાં પ્રારંભમાં અમે 10 વર્ષ જે વિસ્તારમાં કામ કર્યું હોય તેનાંથી કટ ઓફ થઈ જઈએ છીએ. પણ નીતિ બનાવતી વખતે આ પ્રકારની પહેલ ખૂબ જરૂરી છે, જેથી લોકો તેને જૂએ અને પછી નીતિનું નિર્માણ કરે."

## ઓફિસમાં બેસીને નહીં, ફિલ્ડમાં જઇને જ બની શકે છે સારી નીતિ



નેશનલ હેલ્થ ઓથોરિટીના સીઇઓ આર એસ શર્માની ઉંમર ત્યારે 22-23 વર્ષ હશે, જ્યારે તેઓ પ્રથમ પોસ્ટીંગ પર ગોહ્ના ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે, "વડાપ્રધાન નરેન્દ્ર મોદી નિર્દેશ આપતા હતા કે જઇને જૂઓ તમારી પ્રથમ પોસ્ટીંગવાળા વિસ્તારને." લગભગ 35-36 વર્ષ બાદ પોતાની પ્રથમ પોસ્ટીંગ પર જનારાં શર્મા કહે છે કે ત્યાં જઇને અને લોકોને મળીને બહુ સારું લાગ્યું. બીજું, મેં એ જોયું કે ત્યાં શું પરિવર્તન થયું છે. વડાપ્રધાનની આ પહેલને તેઓ અત્યંત મહત્વપૂર્ણ માને છે કારણ કે તેનાંથી સારો તુલનાત્મક અભ્યાસ અને તસવીર મળે છે. મને પૂરો વિશ્વાસ છે કે અમે કે અમારા સાથીઓએ જે રિપોર્ટ આપ્યા હશે તેનું વિશ્લેષણ કરીને ઘણું બધું મળ્યું હશે. વ્યક્તિગત રીતે મારા માટે આ અનુભવ બહુ સારો હતો કે મને સબ-ડિવિઝન જોવાનો અનુભવ મળ્યો. રાષ્ટ્રીય સ્તરની નીતિનાં દ્રષ્ટિકોણથી પણ તેમાંથી ઘણાં મહત્વપૂર્ણ પરિણામ આવ્યા હશે. અમે ઓફિસમાં બેસીને કોઇ નીતિ બનાવીએ તે મૂળ સાથે જોડાયેલી નહીં હોય તો અમે લોકો સારી નીતિ નહીં બનાવી શકીએ. મને લાગે છે કે મૂળ સાથે ફરીથી જોડાણ કરવું ખૂબ મહત્વપૂર્ણ છે." ●



**PMO India** @PMOIndia

Make in India और आत्मनिर्भर होते भारत की गूंज हर तरफ है।

भारत export के बड़े लक्ष्य तय कर रहा है, उन्हें पूरे भी कर रहा है।

भारत manufacturing hub के रूप में उभर रहा है, वो दुनिया के मन में स्थिर हो रहा है: PM @narendramodi



Rajnath Singh retweeted

**रक्षा मंत्री कार्यालय/ RMO India** @DefenceMinIndia

हमारा चरित्र रहा है कि हमने किसी भी देश के स्वाभिमान को चोट पहुंचाने की कभी कोशिश नहीं की है। परंतु अगर भारत के स्वाभिमान पर चोट पहुंचाने की कोशिश की गई है, तो हमने उसका मुंहतोड़ जवाब भी दिया है: रक्षा मंत्री श्री @rajnathsingh



**Amit Shah** @AmitShah

पहली बार बूढ़ा पहाड़, चक्रबंधा व भीमबांध के दुर्गम क्षेत्रों से माओवादियों को सफलतापूर्वक निकालकर सुरक्षाबलों के स्थायी कैंप स्थापित किये गए हैं।

@narendramodi जी के नेतृत्व में आतंकवाद व LWE के विरुद्ध गृह मंत्रालय की जीरो टॉलेरेंस की नीति जारी रहेगी और ये लड़ाई आगे और तेज होगी।



**Nitin Gadkari** @nitin_gadkari

Considering the global supply chain constraints being faced by the auto industry and its impact on the macroeconomic scenario, it has been decided to implement the proposal mandating a minimum of 6 Airbags in Passenger Cars (M-1 Category) w.e.f 01st October 2023.

2:13 pm · 29 Sep 22 · Twitter Web App



**Narendra Singh Tomar** @nstomar

प्रधानमंत्री श्री @narendramodi जी के नेतृत्व में देश ने #AatmaNirbharBharat का संकल्प किया है...

आइए, हम सभी देशवासी जनभागीदारी से वोकल फॉर लोकल की ताकत को बढ़ावा देकर मेड इन इंडिया उत्पादों को वैश्विक पहचान बनाने में अपना योगदान दें...

#SevaSamarpan



**G Kishan Reddy** @kishanreddybjp

Tourism gets a boost under @NarendraModi government:

In January-July 2021, 4.83 lakh foreign tourists visited India, while in the same period, the number of foreign tourists reached 27.64 lakh in 2022.

#Vocal4Local

'मन की बात' में प्रधानमंत्री नरेंद्र मोदी ने त्योहारों के दौरान स्वदेशी सामानों की ज्यादा खरीदारी की अपील की

# प्लास्टिक की जगह जूट बैग का प्रयोग करें: मोदी

मन की बात

### भारत लाए गए चीतों का नामकरण कीजिए



### चंडीगढ़ हवाईअड्डे का नाम भगत सिंह के नाम पर

27 सितंबर से शुरू हो रहे राष्ट्रीय खेलों के आयोजन को खास बताया

### दिव्यांगों के लिए सांकेतिक भाषा को बढ़ावा मिले

पॉलीथीन का नुकसान दायक कचरा, हमारे पर्वों की भावना के खिलाफ है। इसलिए हम स्थानीय स्तर पर बने गैर प्लास्टिक बैग का ही प्रयोग करें। हमारे यहां जूट, सूत, केले और ऐसे कितने ही बैग मौजूद हैं। ये हमारी जिम्मेदारी है कि हम त्योहारों पर इनको बढ़ावा दें। -नरेंद्र मोदी, प्रधानमंत्री

### मेरठ के 'कबाड़ से जुगाड़' अभियान का जिक्र

### मोटे अनाजों से बने व्यंजनों की रेसिपी साझा करें

# बलिदानी भगत सिंह के नाम पर होगा चंडीगढ़ एयरपोर्ट : मोदी

एलान ▶ 'मन की बात' में प्रधानमंत्री ने सर्जिकल स्ट्राइक की याद दिलाकर लोगों में भरा जोश



देशभर के हजारों खिलाड़ी स्पर्धा में लेंगे भाग



# पीएम मोदी ने 36वें नेशनल गेम्स का किया शुभारंभ

# ड्रीम सिटी प्रोजेक्ट के बाद सूरत हीरा व्यापार में विश्व का सुविधाजनक केंद्र बनेगा : पीएम मोदी



### पीएम ने ड्रीम सिटी के मुख्य प्रवेश द्वार का किया उद्घाटन

डीए बढ़ाने के फैसले से करीब 1.16 करोड़ सरकारी कर्मचारियों और पेंशनभोगियों को फायदा होगा

# मोदी सरकार के 3 बड़े फैसले, जो सरकारी कर्मचारी से लेकर गरीब-मजदूर तक के लिए बड़ी 'खुशखबर'

केंद्रीय कर्मचारियों और पेंशनधारियों के लिए 4% महंगाई भत्ता बढ़ाया

गरीबों को मुफ्त अनाज योजना और 3 महीने तक बढ़ाने का ऐलान

### दिल्ली, मुंबई और अहमदाबाद रेलवे स्टेशन के पुनर्विकास के लिए 10,000 करोड़ मंजूर

सरकार पर 12,852 करोड़ का बोझ आएगा



दिसंबर 2022 तक मिलेगा मुफ्त अनाज



# गृहमंत्री ने खत्म किया सिंचाई संकट, किसान जताएंगे आभार



# अब केंद्र सरकार देगी नोबेल जैसा विज्ञान रत्न पुरस्कार

RNI No. :
DELGUJ/2020/78810
OCTOBER 16-31, 2022

New India SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date 3 OCTOBER, 2022, Pages - 48)

## રાષ્ટ્રીય એકતા દિવસ

### 31 ઓક્ટોબર



# લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની

## જન્મજયંતી પર કૃતજ્ઞ રાષ્ટ્રનાં નમન

જન્મ: 31 ઓક્ટોબર, 1875 મૃત્યુ: 15 ડિસેમ્બર, 1950

**સદીઓમાં કોઈ એક જ સરદાર બની શકે છે અને એ એક સરદાર સદીઓ સુધી અલખ જગાવે છે. રાષ્ટ્રને એકતાનાં સૂત્રમાં પરોવનાર સરદાર વલ્લભભાઈ પટેલ આવી જ વ્યક્તિ હતા, જે દરેક ભારતવાસીનાં હ્રદયમાં વસે છે. તે ભારતની એકતા અને શક્તિના પ્રતીક છે, જેમણે જટિલમાં જટિલ સમસ્યાઓનો ઉકેલ લાવીને અખંડ ભારતને આકાર આપ્યો. તેમણે આઝાદીનાં આંદોલનમાં ખેડૂતોનો અવાજ બુલંદ કર્યો, સહકારિતાનો પાયો નાખ્યો અને અંગ્રેજો સામે આઝાદીના આંદોલનનાં વ્યવહારિક પક્ષનું હંમેશા નેતૃત્વ કર્યું. માતૃભૂમિ માટે સરદાર પટેલનું સમર્પણ, નિષ્ઠા, સંઘર્ષ અને ત્યાગ દરેક ભારતવાસીને દેશની એકતા અને અખંડિતતા માટે ખુદને સમર્પિત કરવાની પ્રેરણા આપે છે. સરદાર પટેલનું જીવન, વ્યક્તિત્વ, તેમનું મક્કમ નેતૃત્વ અને રાષ્ટ્ર સમર્પણ આપણને બધાંને હંમેશા પ્રેરણા આપે છે અને માર્ગદર્શન કરતું રહેશે...**

"

**એક ભારત, શ્રેષ્ઠ ભારત માટે જીવનની દરેક પળ સમર્પિત કરી, તેવાં રાષ્ટ્ર નાયક સરદાર વલ્લભભાઇ પટેલને આજે દેશ પોતાની શ્રધ્ધાંજલી આપી રહ્યો છે. સરદાર પટેલ માત્ર ઇતિહાસમાં જ નથી, પણ દરેક દેશવાસીનાં હ્રદયમાં છે. -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

Gujarati

**Editor in Chief**
**Satyendra Prakash**,
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Manish Desai**, Director General, on behalf of Central Bureau of Communication

**Published from**
**Room No–278, Central Bureau of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Infinity Advertising services Pvt. Ltd. FBD-One Corporate Park, 10th floor, New Delhi-Faridabad border, NH-1, Faridabad-121003